પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 06 JANUARY, 2023 Vol. 20, No. 01 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



અમેરિકામાં ફરી ગોળીબાર : એક જ ઘરમાંથી 5 બાળકો સહિત 8ના મૃતદેહ મળ્યા


PAGE NO. 16




2023માં ભારત-પાકિસ્તાનની ટીમ એક નહીં છ ટૂર્નામેન્ટમાં ટકરાશે

PAGE NO. 17

# પુતિનની બે દિવસ માટે યુદ્ધવિરામની જાહેરાત



**મોસ્કો**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સેનાને છ જાન્યુઆરીએ બપોરથી લઈને સાત જાન્યુઆરીની મધ્યરાત્રિ સુધી યુદ્ધ વિરામનો આદેશ આપ્યો છે.

આ જાહેરાત ઓર્થોડોક્સ ક્રિસમસ મનાવવા માટે કરાઈ છે. પુતિને પોતાના સંબોધનમાં કહ્યુ કે, ઓર્થોડોક્સ ક્રિસમસનો તહેવાર હોવાથી 6 અને 7 જાન્યુઆરીએ યુક્રેન પર કોઈ હુમલો થશે નહીં. યુદ્ધ વિરામની જાહેરાત કરતા પુતિને રશિયાની સેનાને 36 કલાક માટે યુક્રેન પર ગોળીબારી થશે નહીં. પુતિને કહ્યુ કે તે રશિયા રૂઢિવાદી (ઓર્થોડોક્સ) ચર્ચના પ્રમુખ પૈટ્રિઆર્ક કિરિલની અપીલનું પાલન કરી રહ્યાં છે. ચર્ચ પ્રમુખે ઓર્થોડોક્સ ક્રિસમસ પર યુદ્ધ વિરામની અપીલ કરી હતી, પુતિને યુક્રેનને પણ અસ્થાયી યુદ્ધ વિરામમાં સામેલ થવાનું અપીલ કરાઈ છે. આ સંઘર્ષ શરૂ થયા બાદ પ્રથમ યુદ્ધવિરામ હશે. નોંધનીય છે કે રશિયન ઓર્થોડોક્સ ચર્ચના પ્રમુખ પૈટ્રિઆર્ક કિરિલ રાષ્ટ્રપતિ પુતિનના નજીકના સહયોગી છે. સાથે તે યુક્રેન પર આક્રમણના સમર્થક પણ છે. પરંતુ તેમના આ સમર્થને ઘણા અન્ય પાદરીઓને નારાજ કરી દીધા છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

SALON AMIE
EYEBROW THREADING
MONTREAL - LAVAL
HIRING NOW
PART TIME - FULL TIME
Competitive Salary + Tips
આઈબ્રો થ્રેડીંગ માટે જોઈએ છે
TWO PLACES
પાર્ટટાઈમ-ફૂલટાઈમ
5775 VICTORIA # 110 Montreal H3W 2R4
COTE ST CATHERINE
5018 SAMSON, LAVAL H7W2J1
450-973-4040

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel | Urshila Patel
Broker | Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઇન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# પાર્ટ ટાઈમ નોકરી કરનારા ભારતીય યુવાનો પર હુમલા વધ્યાં

## કેનેડામાં ગુનેગારોનું નિશાન ભારતીયો જ છે કે પછી રંગભેદ તે વિશે અટકળોઃ મૂળ ભારતીયોમાં ભયનો માહોલ

**ટોરોન્ટો**

કેનેડામાં ભારતીય મૂળના લોકો પર જીવલેણ હુમલાની વધતી ઘટનાઓથી ભારતીય સમાજમાં ડરનો માહોલ છે. છેલ્લા દોઢ મહિનામાં હુમલાની આવી ત્રણ ઘટના નોંધાઈ છે. જો કે, એ પુષ્ટિ નથી થઈ કે, આ પ્રકારના ગુનેગારોનું નિશાન ભારતીયો જ છે કે પછી આ રંગભેદની ઘટનાઓ છે. કેનેડામાં ચિંતાનું કારણ એ છે કે અહીં ભારતીય યુવાનો ગુજરાન ચલાવવા મોટાપાયે પાર્ટટાઈમ નોકરીઓ કરી રહ્યા છે. જેમાંથી મોટાભાગના મોડી રાત સુધી કામ કરે છે. આ જ મહિને અલ્બર્ટામાં સનરાજ સિંહ (ઉ.વ.24)ની હત્યા થઈ હતી. જ્યારે ડિસેમ્બરમાં ઓન્ટેરિયોમાં મિસીસાગામાં પવનપ્રીત કૌર (ઉ.વ.21)ની ગોળી મારીને હત્યા કરાઈ હતી. નવેમ્બરમાં બ્રિટિશ કોલમ્બિયામાં મહકપ્રીત સેઠી (ઉ.વ.18)ની ચપ્પુ મારી હત્યા કરાઈ હતી. સાઉથ એશિયન હેરિટેજ એસોસિયેશન ઓફ હેમિલ્ટન એન્ડ રિજનના પ્રેસિડેન્ટ ખુરશીદ અહમદનું કહેવું છે કે, અહીં સર્વિસ સેક્ટરમાં ઘણા ભારતીયો છે અને તેમણે ઘણી વાર મોડી રાત સુધી ઘરની બહાર રહેવું પડે છે. આ સ્થિતિમાં તેમની વિરુદ્ધ હિંસા વધી રહી છે.

ગ્રેટર ટોરોન્ટોના સ્કારબરોમાં રહેતા અને ડિલિવરી સર્વિસ કરતા યુવરાજ મોંગિયા કહે છે કે, ગેસ સ્ટેશન અને મોટા સ્ટોર જેવાં સ્થળે રાતની પાળીમાં ફક્ત એક વ્યક્તિ ફરજ પર હોય છે. એટલે ખતરો ઘણો વધી જાય છે. મહકપ્રીત સાથે ઘણું ખોટું થયું. જો અહીં જીવન સુરક્ષિત ના હોય, તો રહેવાનો શું ફાયદો. અહમદ કહે છે કે, હું અલીગઢથી 50 વર્ષ પહેલાં અહીં આવ્યો હતો. ત્યારે એશિયનો વિરુદ્ધ રંગભેદ ચરમસીમાએ હતો. ત્યારે ઘણી વાર આવી ઘટનાઓ નોંધાતી, પરંતુ છેલ્લા દસકામાં ફરી આવી હિંસા વધી છે. કેનેડામાં ભારતીયોની વસતી 18.5 લાખ છે જે કુલ વસતીના આશરે 5% છે. આ ઉપરાંત કેનેડાની યુનિવર્સિટીઓમાં 2.3 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ભણે છે. તેમાં ઘણા ઘરખર્ચ કાઢવા વિદ્યાર્થીઓ પાર્ટટાઈમ નોકરીઓ કરે છે. છેલ્લાં

કેટલાંક વર્ષોમાં કેનેડા ભારતીયો માટે શિક્ષણ, નોકરી અને સ્થાયી નિવાસના એક મહત્ત્વના દેશ તરીકે ઊભર્યું છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના આંકડા પ્રમાણે છેલ્લાં પાંચ વર્ષમાં કેનેડામાં આવીને વસનારા દર પાંચમાંથી એક ભારતીય છે.

# બ્રિટિશ કોલંબિયામાં 2023ના વર્ષમાં જન્મેલું પ્રથમ બાળક છોકરીનું ઉષ્માભેર સ્વાગત

**બ્રિટીશ કોલંબિયા**

2023ની થોડી જ મિનિટોમાં ફ્રેઝર વેલી દંપતીએ બી.સી.નાં નવા વર્ષમાં બાળકનું સ્વાગત કર્યું હતું. જેનું નામ છે ગેબ્રિએલા લુઈસ કામયાંગ, જેનો જન્મ એબોટ્સફોર્ડ પ્રાદેશિક જનરલ હોસ્પિટલમાં 12:02 વાગ્યે થયો હતો. તેનું વજન ઘણું ઓછું 5 પાઉન્ડ અને 10 ઔંસ હતું. 2023માં બ્રિટિશ કોલંબિયામાં જન્મેલા પ્રથમ બાળકનું તેના માતાપિતા અને સ્ટાફ દ્વારા એબોટ્સફોર્ડ પ્રાદેશિક હોસ્પિટલમાં સવારે 12:02 વાગ્યે સ્વાગત કરવામાં આવ્યું હતું.

નવજાત બાળકી, જેનું વજન પાંચ પાઉન્ડ અને 10 ઔંસ છે, તેનું નામ તેના માતા-પિતા આર્બેન કામયાંગ અને થિઆ વિલાનેયુવા દ્વારા ગેબ્રિએલા લુઈસ કામયાંગ રાખવામાં આવ્યું છે. 2023માં બ્રિટિશ કોલંબિયામાં જન્મેલા પ્રથમ બાળકનું તેના માતા-પિતા અને સ્ટાફ દ્વારા એબોટ્સફોર્ડ પ્રાદેશિક હોસ્પિટલમાં વિશ્વસ્તરે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આર્બેન કામયાંગે કહ્યું કે, અમને તે રવિવારેજ આવી જશે એવી અમને અપેક્ષા નહોતી. અમે વિચાર્યું કે એને જન્મતાં બેથી ત્રણ દિવસ લાગશે. અમે જાણતા નહોતા કે નવા વર્ષના પ્રારંભમાં બાળકનો જન્મ અમારા માટે આટલી ખૂશીઓ લાવશે. બાળકીની માતા સ્વસ્થ છે. આ ડિલિવરી 20 મિનિટમાં થઈ હતી.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

THINKING OF
BUYING, SELLING OR INVESTING?
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
મોર્ટગેજ જોઇયે છે? અમે મદદ કરી શકીએ છીએ!
CALL 416 893 4585 TODAY!!!
SUBHRO CHAKRABORTY SALES REPRESENTATIVE
SUDHIR PARMAR SALES REPRESENTATIVE

Call us TODAY for all of your Real Estate needs and get honest, reliable and professional Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER - TEAM LEADER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC.
#SellwithABOWATH your Local REALTOR


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેથ્રા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news


# મકાન ખરીદી ઉપર મુકાયેલા પ્રતિબંધમાંથી વિદેશી કામદાર તેમજ વિદ્યાર્થીઓને છૂટ




## નવા કાયદાથી ઘરો વધુ સસ્તાં બનવા અંગે નિષ્ણાંતોને આશંકા

**ટોરોન્ટો**

1લી જાન્યુઆરીથી અમલી પ્રતિબંધમાં વિદેશી કામદારો, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઓછી વસ્તીવાળા વિસ્તારોમાં ઘરો ખરીદવા માટે છૂટ આપવામાં આવી છે. ફેડરલ સરકાર કહે છે કે મકાનોને વધુ સસ્તા બનાવવાના હેતુસર નવા વર્ષના દિવસે કેટલાક વિદેશી ખરીદદારોને કેનેડામાં રહેણાંક મિલકત ખરીદવા પર પ્રતિબંધ મૂકાયો છે.

જો કે, ઘણા રિયલ એસ્ટેટ અને હાઉસિંગ પોલીસી નિષ્ણાતોને આ વાત ઉપર વિશ્વાસ બેસતો નથી કે, બે વર્ષના પ્રતિબંધથી ઘરની કિંમતો પર મોટી અસર પડશે. જો કે, બિન-નિવાસી ખરીદદારો રિયલ એસ્ટેટ માર્કેટમાં સાવ નાનો હિસ્સો ધરાવે છે અને ઘણાને હજુ પણ મુક્તિ મળશે. બ્રિટિશ કોલંબિયા રિયલ એસ્ટેટ એસોસિએશનના મુખ્ય અર્થશાસ્ત્રી બ્રેન્ડન ઓગમન્ડસન કહે છે કે, મને લાગે છે કે આમાં આર્થિક પરિબળો કરતાં રાજકીય પરિબળો વધુ જણાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા લોકોને ખાતરી થઈ છે કે, ઓછા વ્યાજ દરો અને ખૂબ જ ઓછા પુરવઠાને કારણે વિદેશી રોકાણકારો અને વિદેશી નાણાંથી જ એમનાં ઘર ચાલી રહ્યાં છે. સમગ્ર કેનેડામાં વિદેશી ખરીદદારો અને માલિકોને ટ્રેક કરવા માટે મર્યાદિત ડેટા છે. 2020માં કેનેડિયન હાઉસિંગ સ્ટેટિસ્ટિક્સ પ્રોગ્રામમાં માપવામાં આવેલા ચાર પ્રાંતો અને એક પ્રદેશમાં, તાજેતરનું વર્ષમાં રહેણાંક મિલકતોના બેથી છ ટકા વચ્ચે ઓછામાં ઓછા એક બિન-નિવાસી માલિક હતા. બ્રિટિશ કોલમ્બિયાના હાઉસિંગ માર્કેટમાં 2021માં માત્ર 1.1 ટકા વ્યવહારોમાં વિદેશી ખરીદદાર સામેલ હતા, જે 2017માં ત્રણ ટકાથી ઘટીને, જે પ્રાંતીય સરકાર બિન-નિવાસી, સટોડિયાઓ અને ખાલી ઘરો પરના તેના કરને આભારી છે. ઓન્ટેરિયોની સરકારનું કહેવું છે કે, તેણે 2017માં બિન-નિવાસી ખરીદીઓ ઉપર ટેક્સ લગાવવાનું શરૂ કર્યું ત્યારથી મિલકત ખરીદતા વિદેશીઓમાં ડાઉનવર્ડ ટ્રેન્ડ જોવા મળ્યો છે. ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી ખાતે ટેડ રોજર્સ સ્કૂલ ઑફ મેનેજમેન્ટના ગ્લોબલ મેનેજમેન્ટ સ્ટડીઝ પ્રોગ્રામના આસિસ્ટન્ટ પ્રોફેસર વિક સિંઘે કહ્યું કે, અમારી પાસે ગમે તેટલો અસ્પષ્ટ ડેટા હોય, તે દર્શાવે છે કે વિદેશી ખરીદદારોની વાત આવે ત્યારે ટકાવારી ખરેખર ખૂબ ઓછી છે. મને લાગે છે કે, સરકારે હાઉસિંગ અંગે કંઈક કરવું હતું, અને લક્ષ્ય તરીકે વિદેશી ખરીદનારોને પસંદ કરવાનું વધુ સરળ છે.










તંત્રી સ્થાનેથી

# દિલ્હીમાં હેવાનિયત : કાર સાથે 12 કિમી ઘસડી યુવતીની હત્યા

દિલ્હી ફરી એક વાર એક યુવતીની ઘૃણાસ્પદ હત્યાને કારણે માનવતા શર્મસાર થઈ છે. રવિવારે આખી દુનિયા નવા વર્ષની ઉજવણીમાં વ્યસ્ત હતી ત્યારે દિલ્હીમાં ૨૦ વર્ષની એક યુવતીની સાવ નગ્નાવસ્થામાં લાશ મળી. યુવતીના શરીરમાંથી માંસના લોચા બહાર આવી ગયા હતા અને પીઠ અને માથાના હાડકાં ખરાબ રીતે ઘસાઈને તૂટી ગયાં હતાં. આ ઉપરાંત બંને પગનાં હાડકાનો પણ ખુરદો બોલી ગયો હતો. યુવતીના શરીર પર એક પણ વસ્ત્ર નહોતું. લાશને પહેલી નજરે જોનારાઓમાંથી મોટાભાગના લોકોએ તો લાશ માણસની છે જ નહીં તેવું કહી દીધુ હતુ. જો કે, યુવતીના મૃતદેહની હાલત જોયા પછી તેને બહુ ક્રૂરતાથી અને પીડા આપી આપીને મારી નાંખવામાં આવી હોવાનું સ્પષ્ટ રીતે જણાતુ હતુ. પણ દિલ્હી પોલીસે તો યુવતીના મોતને અકસ્માતમાં ખપાવવવાની મથામણ શરૂ કરીને બધાનો ચોંકાવ્યા. ઘટના બાદ દિલ્હી પોલીસે દાવો છે કે, ૨૦ વર્ષની યુવતી ભણતી હતા અને સાથે સાથે કામ પણ કરતી હતી. યુવતી મેરેજ તથા બીજા ફંક્શનમાં ઈવેન્ટ મેનેજમેન્ટનુ પાર્ટટાઈમ કામ કરતી હતી. થર્ટી ફસ્ટની રાત્રે આવા જ એક ફંક્શન માટે ગઈ હતી. યુવતીના પરિવારે આપેલી માહિતી પ્રમાણે પંજાબી બાગમાં ફંક્શન માટે સાંજે ૫.૩૦ વાગ્યે ઘરેથી નીકળી હતી અને રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં પાછી આવી જશે એવું કહીને ગઈ હતી. પોલીસનું કહેવું છે કે, યુવતી કામ પરથી પોતાના સ્કૂટી ઉપર ઘરે જઈ રહી હતી ત્યારે જ પાંચેય યુવકો પોતાની કારમાં જઈ રહ્યા હતા. ફુલ સ્પીડે જઈ રહેલી કારે સ્કૂટીને ટક્કર મારી તેમાં યુવતી સ્કૂટી સાથે કારની નીચે ફસાઈ ગઈ હતી. ડરેલા યુવકો બચવા માટે ભાગ્યા તેમાં સ્કૂટી સાથે યુવતી ૪ કિલોમીટર સુધી કારમાં ફસાઈને રસ્તા પર ઢસડાતી રહી હતી. સુલતાનપુરથી કાંઝાવાલા સુધી ઢસડાયા પછી કારમાંથી છૂટી પડીને તેણી રસ્તાની વચ્ચે જ પડી ગઈ. તેને તરફડતી જોઈને પોલીસને કોઈએ જાણ કરી અને પોલીસ ત્યાં પહોંચી. પણ ત્યાં સુધીમાં યુવતીનું મોત થઈ ગયું હતું.


તંત્રી - સ્વદેશ

આઘાતની વાત એ છે કે, દિલ્હી પોલીસના હરેન્દ્ર સિંહે એવું કહ્યું કે, આરોપીઓને ખબર જ નહોતી કે, યુવતી તેની સ્કૂટી સાથે તેમની કારમાં ફસાઈ ગઈ હતી. યુવતી રસ્તા પર ઘણા કિલોમીટર સુધી ઢસડાઈ રહી હતી આમ છતાં આરોપીઓને ખબર જ ના પડી એવો આરોપીઓનો દાવો છે. પોલીસે જે વાતો કરી એ ગળે ઉતરે એવી ન હતી. કારણ કે, કારનાં પૈડાંમાં સ્કૂટી અને યુવતી ફસાયેલાં હોય અને ચલાવનારને ખબર ના પડે એ શક્ય નથી. આ ઘટનાને નજરે જોનારાં સાક્ષીઓનું કહેવું છે કે, યુવતીનું માથું બહારની તરફ રહે એ રીતે તેને લટકાવી રખાઈ હતી અને કારમાંથી મ્યુઝિકના અવાજો સંભળાતા હતા. આ સંજોગોમાં યુવતી ઉપર પહેલાં સામૂહિક બળાત્કાર થયો હોય અને પછી આરોપીઓએ તેની સાથે અત્યંત ક્રૂરતા આચરીને મોતને ઘાટ ઉતારી હોય એવી શક્યતા અનેક લોકોએ વ્યક્ત કરી.

આ ઘટનાને નજરે જોનારા સાક્ષીઓમાંથી એક યુવકે દાવો કર્યો છે કે, રાત્રે ત્રણ વાગ્યે તેણે પોલીસને કારમાં યુવતીની લાશને લટકાવીને કેટલાક યુવકો જઈ રહ્યા છે તેની જાણ કરી હતી પણ પોલીસે કોઈ રીસોન્સ જ ના આપ્યો. આ યુવકે લાંબા સમય સુધી કારનો પીછો પણ કર્યો હતો અને એ દરમિયાન જ ફોન કર્યો હતો પણ પોલીસે રસ ના બતાવ્યો. બીજા સાક્ષીએ સવારે સવા ચાર વાગ્યે યુવતીની લાશ રોડ પર પડી હોવાની પોલીસને જાણ કરી હતી છતાં પોલીસ છેક સવા પાંચ વાગ્યે આવી અને યુવતીના પરિવારને તો છેક ૮ વાગ્યે જાણ કરાઈ.

એક યુવકે પેટ્રોલિંગમાં નિકળેલી પીસીઆઈ વાનના પોલીસોને ઘટના અંગે જાણ કરેલી પણ વાનના પોલીસો પોતે જ નશામાં ચૂર હતા તેથી કશું ના કર્યું. સાક્ષીઓનાં નિવેદનો પરથી સ્પષ્ટ છે કે, આ ઘટનામાં દિલ્હી પોલીસે જરાય ગંભીરતા દાખવી નથી. દિલ્હી પોલીસે આ ઘટનામાં આરોપીઓ સામે નોંધેલો કેસ પણ પોલીસને શંકાના દાયરામાં મૂકે તેવો હતો. પોલીસે પહેલાં આઈપીસીની કલમ ૩૦૨૪ એ હેઠળ બેદરકારીના કારણે મોત નિપજાવવાનો કેસ નોંધ્યો હતો. આ કેસમાં તો પોલીસ સ્ટેશનમાંથી જ જામીન મળી જતા હોય છે. જો કે, પોલીસના વલણને કારણે વિવાદ ઉભો થતાં આખરે પોલીસે ઈરાદાપૂર્વક હત્યાનો કેસ નોંધ્યો પણ યુવતીના પરિવારે ગેંગ રેપની ફરિયાદ કરી એ વિશે કોઈ નોંધ ન કરી.

વળી, આરોપીઓ દારૂના નશામા હતા કે નહીં તેની ચકાસણી માટે પોલીસે મેડિકલ ટેસ્ટ સુધ્ધાં કર્યો નહીં. દિલ્હી પોલીસ કેન્દ્રની તાબેદાર છે અને આરોપીઓમાં એક ભાજપનો નેતા હોવાના આક્ષેપો થયા હતા. પોલીસ કે સરકારને ભલે આ ઘટના બહુ ગંભીર લાગી નહીં. પરંતુ દેશના સોશિયલ મીડિયામાં ઘટનાએ ભારે ચકચાર મચાવી દીધી છે. લોકો પ્રચંડ આક્રોશ ઠાલવતા રહ્યા. જેને પગલે ખુદ ગૃહમંત્રી અમીત શાહે તપાસના આદેશ કરવા પડ્યા. દિલ્હીમાં યુવતીની કરપીણ હત્યાના મુદ્દે આમ આદમી પાર્ટીએ ભાજપના નેતાની સંડોવણીના આક્ષેપ કરતાં રાજકીય રીતે પણ ગરમીનો માહોલ છે. આપ પ્રવક્તા સૌરભ ભારદ્વાજનો આક્ષેપ છે કે, પોલીસે જે પાંચ આરોપીને પકડયા છે તેમાં એક મનોજ મિત્તલ ભાજપનો નેતા છે. મનોજ મિત્તલ ઉપરાંત દીપક ખન્ના, અમિત ખન્ના, ક્રિશન અને મિથુનને પોલીસે પકડયા છે. તમામ આરોપી ૨૫થી ૨૭ વર્ષના છે.

ભારદ્વાજે દિલ્હીમાં મનોજ મિત્તલને અભિનંદનનાં પોસ્ટર્સની તસવીરો પણ પોસ્ટ કરી છે. તસવીરોમાં મનોજ મિત્તલના ભાજપના સહ-સંયોજક બનવા બદલ અભિનંદન અપાતા હોવાનું જણાય છે. ભારદ્વાજનો સનસનાટીભર્યો આક્ષેપ છે કે, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેના ભાજપના નેતાઓને બચાવવામાં ઉધામા કરી રહ્યા છે. મનોજ મિત્તલની કોલ ડીટેઈલ્સ બહાર પડાય તો ભાજપના ક્યા ક્યા નેતાઓને તેણે પોતાને બચાવવા માટે ફોન કરેલા તેની વિગતો બહાર આવી જશે. સક્સેનાએ હત્યારાઓને બચાવવા માટે કરેલા પ્રયત્નો જોતાં તેમને કાઢી મૂકવા જોઈએ એવી માગણી પણ ભારદ્વાજે કરી છે.

બીજી બાજુ હવે કંઝાવાલા કેસમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. યુવતીના પીએમ રિપોર્ટમાં નોંધાયુ છે કે, 12 કિમી ઘસડાવાને કારણે તેના શરીરના ચીથડે ચીથડા થઈ ગયા હતા. તેનું માથું ફાટી ગયું હતું અને શરીર પર એક પણ અંગ એવુ નહોતું બચ્યું કે જ્યાં લોહીલુહાણ ના થઈ હોય. દિલ્હીના કંઝાવલા કેસમાં બુધવારે વધુ એક સીસીટીવી ફુટેજ સામે આવ્યા હતા. આ સીસીટીવી ફુટેજ દુર્ઘટનાની જગ્યાથી 150 મીટર દૂરના છે. સીસીટીવીમાં પીડિતાની મિત્ર નિધિ દુર્ઘટના બાદ ત્યાંથી ભાગતી જોવા મળી રહી છે. જેમાં ટાઈમ રાત્રીના 2 કલાક 2 મિનિટનો જોવા મળી રહ્યો છે. કંઝાવલા કાંડમાં મૃત્યુ પામેલી 20 વર્ષીય યુવતી સાથે દુર્ઘટના સમયે સ્કૂટી પર સવાર યુવતિ નિધિ હતી, જેની દિલ્હી પોલીસે ઓળખ કરી મંગળવારે નિવેદન લીધુ હતું.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL

✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI

✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
CPMA - ACGP
SPMAO
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA
647-833-4477

HETAL SHAH
416 -522-1676

ANIRUDH LAMA
416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com

# પાલિતાણામાં શેત્રુંજય પર્વતની સુરક્ષામાં વધારો, Dy.Sp. હેઠળ દેખરેખ રખાશે

## પ્રભુના ચરણ પાદુકાની તોડફોડ મામલે તાત્કાલિક અસરથી તપાસ કરવા માંગ

ભાવનગર

શેત્રુંજય પર્વત પર થોડા દિવસ પહેલા રોહિશાળામાં પ્રભુના ચરણ પાદુકાની તોડફોડની ઘટના બની હતી. જેનો પડઘો સમગ્ર દેશના જૈન સમાજમાં પડ્યો હતો. હવે જૈન સમાજ દ્વારા રોહિશાળામાં પ્રભુના ચરણ પાદુકાની તોડફોડની ઘટનામાં તાત્કાલિક ધોરણે તપાસ કરવામાં આવે અને યોગ્ય પગલાં લેવા તેમજ યાત્રિકોની સુરક્ષાને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે આ સ્થળ પર એક પોલીસ ચોકી ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે પોલીસ ચોકીમાં એક PSI,બે ASI,3 હેડ કોન્સ્ટેબલ અને મહિલા પોલીસ સહિતના સ્ટાફની ફાળવણી કરી પોલીસ ચોકી ઊભી કરવાનો નિર્ણય લેવાયો છે. જૈન સમાજની માંગને અનુલક્ષીને તાત્કાલિક ધોરણે શેત્રુંજય પર્વત પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. 1 PSI,2 ASI,3 હેડ કોન્સ્ટેબલ, 12 કોન્સ્ટેબલ ફરજ પર મુકાઈ ગયાં છે. તે ઉપરાંત પાંચ ટ્રાફિક પોલીસ, પાંચ મહિલા હોમગાર્ડ્સ અને આઠ ટીઆરબીના જવાનો કાર્યરત થઈ ગયાં છે. હવે પર્વતની સુરક્ષાને DYSPની દેખરેખ હેઠળ એક સ્પેશિયલ ટીમ કાર્યરત રહેશે. તે ઉપરાંત દબાણ, માલસામાનની હેરાફેરી તેમજ ટ્રાફિકનું પણ નિયમન કરવામાં આવશે.

જૈન સમાજ દ્વારા રોહિશાળામાં પ્રભુના ચરણ પાદુકાની તોડફોડ મામલે તાત્કાલિક અસરથી તપાસ કરવા અને યોગ્ય પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

# અલંગ શિપયાર્ડ માટે વર્ષનો અંતિમ મહિનો નબળો, 9 જહાજ લાંગર્યા

ભાવનગર

વિશ્વ વિખ્યાત અલંગ શિપબ્રેકીંગ યાર્ડ માટે ૨૦૨૨નું વર્ષ નિરાશા સાથે પૂરૂ થયું છે. જહાજની આવકમાં વર્ષનો અંતિમ મહિનો પણ નબળો પૂરવાર થયો હોય, ડિસેમ્બર મહિનામાં માત્ર નવ શિપ અંતિમ સફર ખેડી અલંગના દરિયાકાંઠે ભંગાવા માટે લાંગર્યા છે. ભાવનગર જિલ્લાની આર્થિક કરોડરજ્જુ સમાન એશિયાના સૌથી મોટા જહાજવાડા અલંગ શિપબ્રેકીંગ યાર્ડ માટે હાલનો સમય મંદીના વમળ વચ્ચે ઘેરાયેલો પસાર થઈ રહ્યો છે. આમ તો વર્ષ ૨૦૨૨ની શરૂઆત જ નબળી રહી હતી. અગાઉના બે વર્ષની તુલનામાં જાન્યુઆરી મહિનામાં અડધાથી પણ વધુ જહાજ ઓછા આવ્યા હતા. શરૂઆતની જેમ જ શિપની ઘટ સાથે વર્ષનો અંતિમ મહિનો પણ પૂરો થયો છે. નવેમ્બર માસમાં અલંગના દરિયાકાંઠે રિસાયકલ થવા ૧૧ શિપ બીચ થયા હતા. જેથી ડિસેમ્બરમાં જહાજની સંખ્યા વધશે તેવી ધારણાં હતી. પરંતુ નવેમ્બરની તુલનામાં બે શિપની ઘટ સાથે ડિસેમ્બરમાં માત્ર ૯ જહાજ અલંગમાં ભંગાવા માટે પહોંચ્યા છે. જેના કારણે વર્ષ ૨૦૨૨ના ૧૨ માસમાં અલંગમાં કુલ ૧૪૧ શિપ જ રિસાયકલ થવા પહોંચ્યા હતા.

# ખરાબ હવામાનને કારણે સલાયાના વહાણની અરબી સમુદ્રમાં જળસમાધિ

ખંભાળિયા

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા સુલતાન ઈસ્માઈલ સુંભાણીયાની માલિકીનું ‘નિગાહે કરમ’ નામનું વહાણ ગત તા. 27 ડિસેમ્બરના રોજ મુન્દ્રા બંદર ખાતેથી 800 ટન ખાંડ ભરી પૂર્વ્ આફ્રિકાના જીબુટી બંદરે જવા નીકળ્યું હતું. 12 ખલાસીઓ સાથેનું આ વહાણ અરબી સમુદ્રમાં પહોંચ્યુ્ ત્યારે એકાએક વાતાવરણ પ્રતિકૂળ બની જતા આ ખરાબ હવામાનના કારણે આ વહાણે ભારતીય જળ સીમામાંજ જળસમાધિ લીધી હતી.

આ માલવાહક જહાજમાં જઈ રહેલા 12 ખલાસીઓને ઈન્ડિયન કોસ્ટગાર્ડ તેમજ નજીકમાં રહેલી મોટર ટેન્કર સી રેન્જર દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ આ તમામ ખલાસીઓને સલામત રીતે ખંભાળિયા તાલુકાના વાડીનાર બંદરે લઈ આવવામાં આવ્યા હતા.

# ગિરનાર સ્પર્ધામાં તરૂણ દ્વારા 3484 સેકન્ડમાં 5500 પગથિયાંનું આરોહણ

જૂનાગઢ



જૂનાગઢમાં યોજાતી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં 1471 સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. રાજયકક્ષાની આ સ્પર્ધામાં 20 જિલ્લાનાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગત સ્પર્ધામાં સિનિયર ભાઈઓમાં વિજેતા થયેલ જૂનાગઢનો યુવાન ફરીવાર આજે 58.04 મિનિટમાં 5500 પગથીયા ચઢીને ઉતરી ગયો હતો. જુનિયર ભાઈઓમાં ગીર-સોમનાથ જિલ્લાના તરૂણે 58.04 મિનિટમાં ચઢીને ઉતરી પ્રથમ નંબર મેળવ્યો હતો. સિનિયર બહેનોમાં ગીર સેમનાથ જિલ્લાની યુવતી 41.36 મિનિટ અને જુનિયર બહેનોમાં જૂનાગઢની તરૂણીએ 40.31 મિનિટમાં 2200 પગથીયા ચઢી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. ગિરનારની 37મી રાજયકક્ષાની સ્પર્ધામાં સવારે પોણા સાત વાગે મેયર અને ધારાસભ્ય દ્વારા ફલેગ ઓફ આપી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

# ગિરનાર પર્વત પર 42 અને તળેટી ખાતે 693 સ્પર્ધકોને સારવાર લેવી પડી

જૂનાગઢ

જૂનાગઢ, : ગિરનાર આંબવા કડકડતી ઠંડીમાં યોજાયેલી 37મી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જુનિયર-સિનિયર ભાઈ-બહેનો મળી કુલ ચાર કેટેગરીનાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધકોની આરોગ્યની સલામતીને લઈ જીલ્લા પંચાયતન આરોગ્ય શાખાની બે ટીમ અને સિવીલ હોસ્પિટલની બે મળી કુલ ચાર મેડિકલ ટીમ જરૂરી સારવાર અર્થે ખડે પગે રહી હતી. જેમાં કુલ 735 સ્પર્ધકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ખૂબ જ કઠીન અને જોખમી ગણાતી ગિરનારની આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ખેલીડીઓની આરોગ્યની સલામતીને લઈ મુકવામાં આવેલી ટીમો પૈકી જૂનાગઢ જીલ્લા પંચાયત આરોગ્ય શાખાની એક ટીમ માળીપરબ અને એક જૈન દેરાસર ખાતે જરૂરી મેડિકલ કીટ સાથે ખડેપગે રહી હતી.

નવા વર્ષની શુભકામનાઓ...
ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$ 11.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$14.99 (M-T) / $15.99 (F-S)
Call us for details
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઑન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# ઐતિહાસિક ધરોહરની જાળવવા ન્યાયમંદિર વિસ્તારને હેરિટેજ સ્કવેર તરીકે વિકસાવાશે

## 24 કલાક સિક્યુરિટી, રોજ સફાઇ બેરિકેડિંગ અને રેકોર્ડ જાળવણીની કડક સૂચના

**વડોદરા**

મ્યુનિસિપલ કોર્પોરેશનને ન્યાય મંદિરની ઈમારત તાજેતરમાં સુપરત કરાઈ હતી. અહીં સિટિ હેરિટેજ મ્યુઝિયમ બનાવવામાં આવનાર છે, પરંતુ અહીં માત્ર ન્યાયમંદિરનો જ નહીં, પરંતુ તેની આસપાસનો હેરિટેજ સ્કવેર વિસ્તાર વિકસિત કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે સરકાર તરફથી ન્યાય મંદિરની ઐતિહાસિક ઈમારત વડોદરા કોર્પોરેશનને સુપરત કરાઈ છે. હવે માત્ર



ન્યાય મંદિર જ નહીં આ વિસ્તારમાં ચાર દરવાજા, સૂરસાગર, મ્યુઝિક કોલેજ જે વડોદરાની ઐતિહાસિક ધરોહર છે, એટલું જ નહીં, જોવા લાયક સ્થળ છે. જે હેરિટેજ સ્કવેર તરીકે ઓળખાય છે. આ સમગ્ર વિસ્તારનો વડોદરાનો ઐતિહાસિક વારસો જળવાઈ રહે તે મુજબ વિકસિત કરાશે. આ માટે તમામ બાબતો આવરી લઈ તેનું આંકલન કરવામાં આવશે. જાળવણી માટે ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડ, સમગ્ર ઈમારતની રોજેરોજની સફાઈ અને તેનું મેઈન્ટેનન્સ, ન્યાયમંદિરને ફરતે બેરિકેડિંગ કરી મિલ્કતની જાળવણી કરવી, ઈન્વેન્ટરીનો રેકોર્ડ અને તેની જાળવણી કરવી તેમજ મુલાકાતીઓની માહિતી રાખવા સહિતની સૂચના આપી હતી.

# સુમનદીપમાં જુનિયર વિદ્યાર્થીનું રેગિંગ કરનાર ત્રણ સિનિયર ડોક્ટરો સસ્પેન્ડ

## વિદ્યાર્થીનું એ હદે રેગીન કરાયું હતું કે બીમાર પડી ગયો

**વડોદરા**

વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠના ઓર્થોપેડિક વિભાગમાં પીજી કોર્સના પહેલા વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીનુ રેગિંગ કરનાર ત્રણ સિનિયર વિદ્યાર્થીઓને વિદ્યાપીઠની એન્ટી રેગિંગ કમિટિએ સસ્પેન્ડ કરી દીધા છે.

વિદ્યાર્થીના વાલીએ કમિટી સમક્ષ કરેલી ફરિયાદ બાદ બીજી વખત કમિટીની બેઠક મળી હતી જેમાં વિદ્યાર્થીના વાલીને પણ હાજર રખાયા હતા. વિદ્યાર્થીના પિતાએ કહ્યુ હતુ કે, ૧૦ દિવસ સુધી ચાલેલા સતત રેગિંગે મારા પુત્રને માનસિક રીતે ખતમ કરી નાંખ્યો છે. ૧૦ દિવસમાં તેનુ ૧૦ કિલો વજન ઉતરી ગયુ છે. તે એક રોટલી પણ માંડ ખાઈ શકે છે. વાલીએ કહ્યુ હતુ કે, ૨૮ નવેમ્બરે મારો પુત્ર સુમનદીપ વિદ્યાપીઠમાં હાજર થયો ત્યારથી તેનુ ત્રણ સિનિયર વિદ્યાર્થીઓ ક્ષેમાંકર શાહ, ગૌરવ વડોદરિયા અને હાર્દિક નાયક સતત રેગિંગ કરી રહ્યા હતા.તેના કારણે તેની તબિયત પણ કથળી ગઈ હતી. આમ છતા તેને આરામની તક અપાઈ નહોતી. જ્યારે મારા પુત્રથી રહેવાયુ નહીં ત્યારે તેણે અમને ફોન કરીને જાણ કરી હતી.

# વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી વિન્ટેજ કારની રેલી યોજાઇ

**વડોદરા**

વડોદરા ખાતે વિન્ટેજ કાર રેલીનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧ ગન સેલ્યુટ હેરિટેજ એન્ડ કલ્ચરલ ટ્રસ્ટ દ્વારા વિન્ટેજ કાર રેલી યોજાઈ હતી. વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી વિન્ટેજ કાર રેલી યોજાઈ હતી. જે વિન્ટેજ કાર રેલીમાં ૭૫ કાર ચાલકોએ કાર સાથે રેલીમાં ભાગ લીધો હતો. જેનું મહારાજા સમરજિતસિંહ ગાયકવાડએ ફ્લેગ ઓફ કરાવ્યું હતું.

આ રેલીમાં કેટલીક દુર્લભ વિન્ટેજ કાર ૧૯૨૨ ડેમલર, ૧૯૩૮ રોલ્સ-રોયસ ૨૫/૩૦, ૧૯૧૧ નેપિયર, ૧૯૩૩ પેકાર્ડ-૧૨ સહિતની કાર જોડાઈ હતી. ગુજરાતના પર્યટન વિભાગના સહયોગથી આયોજિત કાર રેલીમાં ૧૦૫ વર્ષ જુની ૧૯૧૭ ની ફોર્ડ કાર સહિતના દેશી કારના શોખીનો અને ઉદ્યોગપતિઓ જોડાયા હતા. આ રેલીમાં મહારાણી રાધિકારાજે ગાયકવાડ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ લક્ષ્મી વિલાસ પેલેસમાં જ ૬ થી ૮ જાન્યુઆરી સુધી એક્ઝિબિશન યોજાશે. ૩ દિવસ સુધી યોજાનારા આ એક્ઝિબિશનમાં ૨૦૦ જેટલી વિન્ટેજ કારો, જૂની બાઈકો રાખવામાં આવશે.

# વડોદરા એમએસમાં ધાંધિયા: પરીક્ષાના આગલા દિવસ સુધી પેપર સેટ ન થયા

## પેપર સેટરની નિમણૂંકો ન થતાં 7000 જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા પાછી ઠેલવી પડી

**વડોદરા**

એમ.એસ.યુનિ.ના તંત્રની નિષ્ફળતા અને લાપરવાહીના કારણે પરીક્ષાના આગલા દિવસ સુધી પેપર સેટરની નિમણૂંકો જ નહીં થઈ શકી હોવાની વિગતો સપાટી પર આવી છે.તેના કારણે 7000 જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા પાછી ઠેલવી પડી છે.ટીવાયબીકોમના વિદ્યાર્થીઓની એટલે કે પાંચમા સેમેસ્ટરની પરીક્ષા 5 જાન્યુઆરીથી લેવાની જાહેરાત યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા અગાઉથી કરી દેવામાં



આવી હતી.જોકે કોમર્સ ફેકલ્ટી, પરીક્ષા વિભાગ અને કોમ્પ્યુટર સેન્ટર વચ્ચે સંકલનના અભાવે પરીક્ષા માટે હજી સુધી પેપર સેટરની નિમણૂંકો જ થઈ નથી અને પરીક્ષાના પેપર સેટ જ થયા નથી.જેના કારણે ફેકલ્ટી સત્તાધીશોએ હવે આ પરીક્ષા પાછી ઠેલવાની જાહેરાત કરી છે.

અધ્યાપક આલમમાંથી મળતી જાણકારી પ્રમાણે યુનિવર્સિટીએ બનાવેલા પોર્ટલમાં પેપર સેટરના નામ અને વિષય અપલોડ કરવાના હોય છે પણ તેમાં ખામીના કારણે પેપર સેટરના નામ આ પોર્ટલમાં અપલોડ થઈ શક્યા નથી.હવે પાંચમા સેમેસ્ટરની ફાઈનલ પરીક્ષા 17 કે 18 જાન્યુઆરીથી લેવામાં આવે તેવી શક્યતા છે.

# 8 ગામને જોડતી 1305 હેક્ટર વિસ્તારની 3 ટીપી સ્કીમના જમીન માલિકોને નોટિસ

## જમીન માલિકો સાથે 17મીએ બેઠક બાદ અંતિમ પ્રક્રિયા હાથ ધરાશે

**વડોદરા**

વડોદરા શહેરના પૂર્વમાં આવેલા વુડા વિસ્તારના ગામોનો રહેણાંક વિસ્તાર તરીકે વિકાસ થતાં આઠ ગામોને સાંકળતી ત્રણ ટીપી સ્કીમો માટે ઈરાદો જાહેર કર્યા બાદ ત્રણે ટીપી સ્કીમોના જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓને નોટિસો ઈસ્યૂ કરવામાં આવી છે જેથી ત્રણે સ્કીમોને અંતિમ સ્વરૂપ આપી શકાય. વુડાની મે માસમાં મળેલી બોર્ડ બેઠકમાં ટીપી સ્કીમ નંબર ૨૮-એ, ૨૮-બી અને ૨૮-સી માટેનો ઈરાદો જાહેર કરાયો હતો. ટીપી સ્કીમ નંબર ૨૮-એમાં ખટંબા, પવલેપુર અને શંકરપુરા ગામની જમીનોનો સમાવેશ કરાયો છે જ્યારે ૨૮-બીમાં અણખોલ, હનુમાનપુરા અને શ્રીપોરટિંબી ગામ અને ૨૮-સી ટીપી સ્કીમમાં સયાજીપુરા, સિકંદરપુરા ગામોનો સમાવેશ કરાયો છે. કુલ ૧૩૦૫ હેક્ટર વિસ્તારમાં પથરાયેલી ત્રણે ટીપી સ્કીમોનો મુસદ્દો તૈયાર કરીને સમજૂતી આપવા માટે જમીન માલિકો માટેની જાહેરસભા વુડાએ તા.૧૭ જાન્યુઆરીના રોજ આયોજિત કરી છે. જેમાં માહિતી, નકશા રજૂ કરાશે.

# ભાલ પંથકમાં ભાલિયા ઘઉંનું વાવેતર ઘટ્યું: પંથકની ઓળખ ભૂંસાવાનો ભય

## તારાપુર અને ખંભાત પંથકમાં બીનપિયત ઘઉંનું વાવેતર જ ન થયું

**આણંદ**

ભાલ પંથકના ખંભાત અને તારાપુરમાં બિનપીયત ભાલિયા ઘઉંનું વાવેતર સદીઓથી કરવામાં આવે છે. જોકે છેલ્લા કેટલાક સમયથી કોરાટ ઘઉનો ઉતારો વીઘે ૧૦થી ૨૦ મણનો આવતા ધરતીપુત્રોને ઓછું વળતર મળતું હોવાનો રોષ ધરતીપુત્રોએ વ્યક્ત કર્યો છે. બીજી તરફ પીયત ઘઉમાં વીઘે ૫૦ થી ૬૦ મણનો ઉતારો મળતો હોઈ ખેડૂતો પીયત ઘઉની ખેતી તરફ વળતા બીનપીયત ઘઉની ખેતી નામશેષ થઈ રહી છે. જેને લઈ ભાલિયા ઘઉની રોટલી ખાનારા શોખીનો માટે બીનપીયત ઘઉ મળવા મુશ્કેલ બની રહેશે.

ખંભાત અને તારાપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં દર વર્ષે ઘઉની સીઝન દરમ્યાન રૂ.૩૫૦ થી ૪૨૫ની આસપાસનો ભાવ ટુકડી ઘઉનો પડતો હોય છે. જ્યારે કોરાટ ઘઉના પ્રતિમણે ૧૨૦૦થી ૧૫૦૦ ભાવ ધરતીપુત્રોને મળતા હોય છે. જોકે ઉત્પાદન ઓછું મળતા બીનપીયત ઘઉની ખેતી બંધ થઈ હોવાનું ખેતીવાડી કચેરી સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# વડોદરામાં 10 ફૂટ ઊંડા ખાડામાં પડેલા બે વર્ષના બાળકને ઉગારાયું

**વડોદરા**

દાહોદ જિલ્લાના શ્રમજીવી પરિવાર વડોદરામાં રહે છે. આ પરિવારનું બે વર્ષનું બાળક જેનું નામ અરુણ મહેશભાઈ માવી રમતાં રમતાં આજે 10 ફૂટ ઊંડા ખાડામાં પડી ગયું હતું. બાળકને ખાડામાં પડી જવાની ખબર પડતાં જ તેના પરિવારજનોમાં આક્રંદ જોવા મળ્યું હતું. આ બનાવને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. જ્યારે પોલીસ અને દાંડિયાબજાર તેમજ પાણીગેટ ફાયરબ્રિગેડનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર વિભાગને આજે એક કોલ મળ્યો હતો કે, જૂના શિવજીના મંદિર પાસે એક બાળક ઊંડા ખાડામાં પડી ગયું છે, જેથી ફાયરબ્રિગેડની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બાળકને રેસ્ક્યૂ કરવાની કામગીરી શરૂ કરી હતી. ખાડો સાંકડો હોવાથી રેસ્ક્યૂ કરવું મુશ્કેલ હતું.

# ડિસ્ક થ્રો, શોટ પુટમાં ખેડાની સાદિકાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

## 24 વર્ષની સાદિકાએ અત્યાર સુધી 12 ગોલ્ડ મેડલ મેળવ્યા

**નડિયાદ**

ખેડા જિલ્લાની એક મુસ્લિમ દીકરીએ એક જ પગ હોવા છતાં ખેલ મહાકુંભ અને અન્ય રમતોમાં જીત હાંસલ કરી છે. ફક્ત ૨૪ વર્ષની સાદીકા મીરના નામે એક કે બે નહીં પણ પૂરા ૧૨ ગોલ્ડ મેડલ બોલે છે. આઠ વર્ષની ઉમરે તેનો અકસ્માત થયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજા થતા તે હોસ્પિટલમાં ૧૨ દિવસ સુધી કોમામાં રહી. ભાનમાં આવી ત્યારે તેણે જોયું કે તે પોતાનો એક પગ ગુમાવી બેઠી છે. સાદીકાના પિતા સિકંદરભાઈ ખેડામાં રીક્ષા ચલાવે છે અને માતા લોકોના ઘરે કામ કરે છે. આવા સંજોગોમાં સાદિકાએ ૨ વર્ષ સુધી ઘરે રહી અભ્યાસ પૂર્ણ કર્યો અને ત્યાર બાદ અમદાવાદ ખાતે અભ્યાસ શરૂ કર્યો. વર્ષ - ૨૦૧૨માં અપંગ માનવ મંડળ સ્કૂલમાંથી સાદિકાને ખેલમહાકુંભમાં રમવાનો અવસર મળ્યો. જેમાં તેણે ગોળા ફેંકમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું. પ્રેરણાથી સાદિકાએ ખેલ મહાકુંભ - ૨૦૨૨માં 'ડિસ્ક થ્રો' અને 'શોટ પુટ' ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત ૪૫ મી ગુજરાત સ્ટેટ પેરા એથ્લિટ ૨૦૨૨-૨૩માં ડિસ્ક થ્રો અને શોટ પુટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# બામણ ગામે મકાન ધરાશાયી થતાં 3ના મોત, ફાયર બ્રિગેડે બે જણાને બચાવી લીધા

**વડોદરા**

વડોદરાના બામણ ગામે મકાન ધરાશાયી થતાં કાટમાળ નીચે પાંચ લોકો દટાઈ ગયાં હતાં. જેની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક અસરથી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ કાટમાળમાં દટાયેલા પાંચ વ્યક્તિમાંથી બે લોકોને જીવતા બહાર કાઢ્યાં હતાં. બાકીના ત્રણના મોત નીપજ્યાં હતાં. ફાયર વિભાગની ટીમે બે લોકોને રેસ્ક્યૂ કરીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતાં. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા બાદ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાર બાદ જેસીબીની મદદથી મકાનનો કાટમાળ હટાવવાની તજવીજ હાથ ધરાઈ હતી.

# ગુજરાતમાં એક જ વર્ષમાં 10 હજાર મહિલાની પ્રસુતિ 108માં કરવી પડી

## એક વર્ષમાં 108ને પ્રસુતિ માટે 4.42 લાખ કોલ્સ આવ્યા

**અમદાવાદ**

વર્ષ ૨૦૨૨માં ઈમરજન્સી સેવા ૧૦૮ને ૪,૪૨,૧૪૦ પ્રસુતી માટે કોલ્સ આવ્યા હતા. જેમાંથી ૧૦,૦૬૫ જેટલી પ્રસુતિ આકસ્મિક પરિસ્થિતિમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં કરવામાં આવી હતી. વિતેલા વર્ષ ૨૦૨૨માં ૧૦૮ને જે ઈમરજન્સીના કોલ્સ સૌથી વધુ આવ્યા છે તેમાં સગર્ભા મહિલાને હોસ્પિટલ લઈ જવા માટેના સૌથી વધુ છે.

વર્ષ ૨૦૨૨માં ૧૨,૭૨,૩૪૩ લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા હેઠળ સ્વાસ્થ્ય સેવાનો લાભ લીધો હતો. આમ, પ્રતિ દિન સરેરાશ ૩૪૮૫- પ્રતિ કલાકે ૧૪૫ કોલ્સ એટેન્ડ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સ્વાસ્થ્ય સેવા આપવામાં આવી છે. વધુમાં આ વિતેલા વર્ષમાં રાજ્યના ૧ લાખ ૨૦ હજાર ૭૨૩ પીડિત દર્દીઓને આકસ્મિક સેવા ૧૦૮ દ્વારા પહોંચાડવામાં આવેલી છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યમાં હાલ ૧૦૮ની ૮૦૦ જેટલી એમ્બુલન્સ રાઉન્ડ ધ ક્લોક જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં કાર્યરત છે. ગત વર્ષે અટેન્ડ કરેલા કુલ કોલ્સમાં ૧૦૮ એમ્બ્યુલન્સનો સરેરાશ રિસપોન્સ ટાઈમ ૧૭ મીનિટ અને ૧૦ સેકન્ડ જેટલો ત્વરિત રહ્યો છે.

વર્ષ ૨૦૨૨ માં ૧૦૮ એબ્યુલન્સમાં આવેલા ઈમરજન્સી કોલ્સની વિગતો જોઈએ તો, ૪.૪૨ લાખ કોલ્સ સગર્ભા મહિલાઓને હોસ્પિટલ પહોંચાડવા ૧.૩૮ લાખ કોલ્સ પેટમાં દુખાવાની ફરિયાદના,૧.૪૫ લાખ કોલ્સ માર્ગ અકસ્માતની ઈમરજન્સી, ૧.૧૯ લાખ કોલ્સ અન્ય પ્રકારના અકસ્માતની ઈમરજન્સી , ૭૩૮૦૭ જેટલા કોલ્સ શ્વાસ લેવામાં તકલીફ, ૫૫૬૦૬ કોલ્સ હૃદયયરોગ સંબંધિત ઈમરજન્સી, ૪૯૧૬૫ જેટલા કોલ્સ ભારે તાવની ફરિયાદના આવ્યા હતા. આ સિવાય ૧૫૯૨૧ કોલ્સ ડાયાબેટીક પ્રોબ્લમ્સ, ૧૧૦૬૮ કોલ્સ ગંભીર કુપોષણની સમસ્યા ,૧૦૧૧૮ સ્ટ્રોક સંબંધિત તકલીફ, ૪૪૭૪ માથામાં દુખાવાના, ૧૮૯૯ ગંભીર પ્રકારના અકસ્માત, ૧૭૨૮ એલર્જી રીએકશનની ફરિયાદ,૧૭૩૫ માનસિક રોગની તકલીફ માટે આવ્યા હતા.

# ગુજરાતના કેબિનેટ અને રાજયકક્ષાના મંત્રીઓને PA અને PSની ફાળવણી

**ગાંધીનગર**

ગાંધીનગર- ગુજરાતમાં નવી સરકાર રચાયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય સલાહકાર અને સલાહકાર એમ બે નવી જગ્યાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ઊભી કરીને બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની આ જગ્યાએ નિમણૂંક કરી છે. મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે પૂર્વ નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાની તો સલાહકાર તરીકે એસ.એસ. રાઠૌરની નિયુક્તિ કરવામાં આવી છે. બીજી તરફ CM ભૂપેન્દ્ર પટેલના અગ્ર સચિવ તરીકે ફરી કે.કૈલાસનાથનને એક વર્ષનું એક્સટેન્શન અપાયું છે. જ્યારે હવે કેબિનેટ મંત્રીઓને પીએ અને પીએસ સહિતના અધિકારીઓની ફાળવણી કરવામાં આવી છે. તે ઉપરાંત રાજ્ય કક્ષાના મંત્રીઓને પણ અંગત સચિવોની નિમણૂં કરી દેવાઈ છે.

# ગુજરાતમાં વર્ષમાં 436 બેરોજગારો અને 3206 રોજમદારોનો આપઘાત

## દેશમાં કૂલ 1.65 લાખની આત્મહત્યામાં 42004 રોજમદારો

**રાજકોટ**

અગાઉ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ જારી કરેલી વિગત અને તાજેતરમાં ગત 20 ડિસેમ્બરે લોકસભામાં ગૃહમંત્રાલય દ્વારા અપાયેલા ઉત્તર મૂજબ ગુજરાતમાં ગત વર્ષ 2021માં કૂલ 2589 સ્ત્રી સહિત 8789એ જિંદગીથી કંટાળીને આપઘાત કર્યો તેમાં સૌથી વધારે સંખ્યા બેરોજગારોની નહીં પરંતુ, ગમે ત્યારે બાય બાય કહી દેવાય તેવી અસુરક્ષિત નોકરી કરતા 3206 રોજમદારોએ જીવન ટૂંકાવી દીધા હતા. એટલું જ નહીં, બેરોજગાર કરતા પણ નોકરિયાતોના આપઘાતનું પ્રમાણ વધુ રહ્યું છે.

ગુજરાતમાં ઈ.સ. 2014માં રોજમદારોના 669 આપઘાત નોંધાયા હતા અને ગત 9 વર્ષમાં તે ઉત્તરોત્તર વધીને પાંચ ગણા થઈ ગયા છે, અને ગત વર્ષે પ્રથમવાર આંક 3000ને પાર થયો છે. રાજ્યમાં ઉડીને આંખે વળગતી બાબત એ છે કે અનિયમિત નોકરીનું દુ:ખ સ્ત્રીઓ કરતા પુરૂષોને વધુ છે, 3206 આત્મહત્યામાં 160 સ્ત્રીઓ અને 3045 પુરૂષો છે. એકંદરે કૂલ આપઘાતમાં પણ સ્ત્રીઓની સંખ્યા ઓછી રહી છે.


ગંભીર અને નોંધપાત્ર બાબત એ છે કે સામાન્ય રીતે બેરોજગારીનું લોકોને દુ:ખ,નિરાશા હોય પરંતુ, ગુજરાત સહિત દેશભરમાં બેકારી કરતા અસુરક્ષિત, અનિયમિત, હંગામી નોકરીનું દુઃખ વધારે હોય તેમ તેમાં અને ખાનગીકરણ અને આઉટસોર્સિંગ ભરપૂર ચાલી રહ્યું છે ત્યારે સરકારી ક્ષેત્ર કરતા ખાનગી ક્ષેત્રમાં આપઘાતના કેસો ઘણા વધારે છે. ગુજરાતમાં 436 અને દેશભરમાં 13714 બેરોજગારોએ જિંદગી ટૂંકાવી ત્યારે ગુજરાતમાં 914 (બેકારોથી બમણાં) નોકરિયાતો સહિત દેશમાં 15,970 નોકરિયાતોએ આપઘાત કર્યો. ગુજરાતમાં સરકારી નોકરિયાતોના આપઘાતના કિસ્સા 70થી ઓછા છે ત્યારે પ્રાઈવેટ સેક્ટરમાં 857 છે.

સમગ્ર ભારતમાં ગત વર્ષે કૂલ 1,64,073 લોકોએ આત્મહત્યા કરી તેમાં 42,004 રોજમદારો કે જેને દિહાડી મઝદુરો કહે છે તે હત જે બેરોજગાર કરતા ત્રણ ગણા વધારે છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West ) | Scarborough | Mississauga WE MOVED TO |
|---|---|---|
| 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours<br>Phone 647-761-1317, 647-657-9631<br>------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM<br>: SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,<br>Phone 647-761-1317 647-657-9631 905-673-9631<br>------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF<br>: SAT-SUN : 11.00 AM to 6.00 PM | 6800 REXWOOD ROAD, UNIT - D<br>: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631<br>------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM<br>-----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM<br>----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM |

NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121
" RAJDHANI RESTAURANT PLAZA,
NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK
THU & FRI - 2PM TO 9PM AND
WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM
WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સુરતનો આઉટર રીંગરોડ પ્રોજેક્ટ 2024ને બદલે 2023ના અંત સુધી પૂર્ણ કરવા લક્ષ્યાંક

## પ્રોજેક્ટથી ગઢપુરરોડ, સુરત કામરેજ રોડને વરાછા, ભરથાણા, કોસાડની કનેક્ટીવીટી મળશે


**સુરત**

સુરત શહેર માટે અતિ મહત્વના એવા આઉટર રિંગરોડ પ્રોજેક્ટની કામગીરી 2024ને બદલે 2023સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રૂપિયા 73.57 કરોડના ખર્ચે થનારા પ્રોજેક્ટ ગઢપુરરોડ, સુરત કામરેજ રોડને મોટા વરાછા, ભરથાણા, કોસાડ ની નવી કનેક્ટિવિટી મળસે અને દસ કિલોમીટર જેટલી ટ્રાફિકના અંતરમાં પણ ઘટાડો થશે.

સુરતને ફરતેના આઉટર રિંગરોડ પ્રોજેક્ટમાં ગઢપુર રોડ થી સુરત કામરેજ રોડ પ્રોજેક્ટ અંતર્ગત વ્હીકલ અંડરપાસ, રોડવર્ક, ડીસ્ટ્રક્ચર અને ફ્લાયઓવરબ્રિજની કામગીરી 2024માં પુરો થાય તેમ હતું પરંતુ આ પ્રોજેક્ટ સુરત માટે ઘણો જ મહત્વનો હોય તેને 2023 સુધીમાં પુરો કરવા માટે કવાયત થઈ રહી છે. આ કવાયત ના ભાગરુપે સુરત પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ અને મેનેજીંગ ડીરેક્ટર, યુ આર ડીસીએલ દ્વારા ગઢપુર રોડ થી સુરત કામરેજ રોડ થી વાલક તાપી બ્રિજને જોડાતા વહીકલ અંડરપાસ, રોડ વર્ક, ખાડી સ્ટ્રક્ચર અને ફ્લાયઓવર બ્રિજ ની મુલાકાત લીધી હતી. આ મહત્વકાંક્ષી એવા પ્રોજેક્ટ રૂ.73.57 કરોડના ખર્ચે બનશે. પ્રોજેક્ટના ભાગમાં કુલ લંબાઈ 1.93 કી.મી.ની છે, જે પૈકી વહીકલ અંડરપાસની 390 મીટર, રોડવર્કની લંબાઈ 410 મીટર, ફ્લાય ઓવરબ્રિજની લંબાઈ 550 મીટર અને રેલ્વેઓવર બ્રિજની લંબાઈ 580 મીટર છે.

# ડુમસ સી-ફેસમાં મલ્ટીલેવલ પાર્કિંગ અને નેચરલ થેરાપી સેન્ટર માટે સૂચન

**સુરત**



ડુમસ સી ફેસ પ્રોજેક્ટને ચાર ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં હાલમાં ફેઝ-૧ માં પાલિકા દ્વારા ડેવલપ કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટનું પ્લાનીંગ રાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટ તરીકે કરવા બેઠકમાં સુચનો થયા હતા. સાથે જ ઈકો કોટેજ, નેચરલ થેરોપી સેન્ટરો બનાવવા વિશે પણ ચર્ચાઓ થઈ હતી.

સર્કિટ હાઉસ ખાતે આજે મળેલી બેઠકમાં પાલિકા દ્વારા ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કરાયુ હતુ. જેમાં જમીન અને પ્લાનીંગ જેવા મુખ્ય મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં સરકારી, ફોરેસ્ટ, બિનનંબરી જમીનનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ ચાર ઝોનમાં વહેંચાયુ છે. જેમાં હાલમાં ફેઝ-૧,૨ પાલિકા દ્વારા ડેવલપ કરાશે. ત્યારબાદ ફેઝ-૩ નું પ્લાનીંગ ડીપીઆર તથા ટેન્ડરીંગ સહિતની તમામ કામગીરી ફોરેસ્ટ વિભાગના સંકલનમાં રહીને કરવામાં આવનાર છે.

# વલસાડ-ધરમપુરમાં સાપના ઝેરમાંથી ઝેર વિરોધી દવાનો પાવડર બનાવાશે

**વલસાડ**

ધરમપુર ખાતે સાપના ઝેરમાંથી ઝેર વિરોધી દવાનું વિશ્વ કક્ષાનું સંશોધન કેન્દ્ર બનશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશની ગાઈડલાઈન મુજબ ટૂંક સમયમાં વિશ્વકક્ષાનું ૩૦૦૦ સાપોની રાખી શકાય અને સર્પ સંશોધન કેન્દ્ર શરૂ થવા જઈ રહ્યું છે. આ કેન્દ્રનો મુખ્ય હેતુ રીજન સ્પેસિફિક એન્ટિ વેનમ ઈન્જેક્શન માટે થશે.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી પકડાયેલા સાપો ને ધરમપુર ખાતે લાવવામાં આવશે અને આ સર્પ ગૃહમાં રાખવામાં આવશે ત્યાર બાદ આ વિવિધ સાપોમાંથી ઝેર કાઢીને એક ખાસ પ્રક્રિયા થકી લાઈઓફિલાઈઝડ પાવડર તૈયાર કરી સાપ ના ઝેરના વિરોધી દવા બનાવતી અલગ અલગ કંપનીઓમાં અપાશે અને ત્યાં આગળ ઝેર વિરોધી ઈન્જેક્શન બનાવાશે. ત્યારે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે હાલ તો ત્રણ હજાર સર્પ રાખવાની મંજૂરી મળી ગઈ છે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી કોબ્રા, રસેલ વાઈપર સહિતના અતિ ઝેરી સાપોને અહીં આગળ લાવી તમામનું ઝેર કાઢવામાં આવશે. વિશ્વમાં પહેલીવાર ધરમપુરના માલનપાડામાં વનવિભાગ ખાતે સર્પગૃહ શરૂ કરાયું છે.

# સુરતમાં 30 વર્ષ પહેલા પિતરાઈની આંખમાં સળિયો ઘોંચી દેનાર ભાઈને ત્રણ વર્ષની કેદ

## આરોપી વસંત રાણાએ અગાઉ નીચલી કોર્ટે કરેલી સજા સામે અપીલ કરી હતી

**સુરત**

ત્રીસેક વર્ષ પહેલાં નવાપુરા લીમડી શેરીમાં પિતરાઈનો પગ અડી જવાની નજીવી તકરારમાં લોખંડનો સળીયો ડાબી આંખમાં ઘોંચી દેનાર આરોપીની નીચલી કોર્ટ ફટકારેલી સજાના હુકમને પડકારતી અપીલને સેશન્સ કોર્ટે મંજુર કરી નીચલી કોર્ટને ફેર સુનાવણી હાથ ધરવા આપેલા હુકમ બાદ એડીશ્નલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ એ.જે. રાણાએ દોષી ઈપીકો-326ના ગુનામાં ત્રણ વર્ષની સાદી કેદ,રૂ.10હજાર દંડ



તથા દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજા ફટકારી છે. નવાપુરા લીમડી શેરીમાં વડીલોપાર્જિત મકાનમાં રહેતા ફરીયાદી જશવંત તુલસીદાર રાણા ગઈ તા.19-1-92 ના રોજ મકાનના ભોંયતળીયે ઓટલા પર પોતાના પત્ની સાથે બેસીને વાતચીત કરતા હતા.જે દરમિયાન મકાનની અંદર જતી વખતે ફરિયાદીના સગા કાકાના પુત્ર વસંત બાલુભાઈ રાણાને ફરીયાદીનો પગ લાગી જતાં તેણે ગુસ્સામાં આવીને ગાળા ગાળી કરીને લોખંડનો સળીયો લાવી ફરિયાદીની ડાબી આંખમાં ઘોંચી દીધો હતો.જેથી લોહી લુહાણ હાલતમાં તેમને હોસ્પિટલે લઈ જવાતા ડાબી આંખ નકામી થઈ જતાં કાઢી નાખવી પડી હતી.

# નવસારીની સેશન્સ કોર્ટમાં સુનાવણી વેળા આરોપીએ જજ પર પથ્થર ફેંક્યો

**નવસારી**

નવસારીની સેશન્સ કોર્ટમાં આરોપીએ એડિશ્નલ ડિસ્ટ્રીક્ટ સેશન્સ જજ પર સુનાવણી દરમિયાન છુટો પથ્થર ફેંક્યો હતો.2019ના મારામારી કેસના આરોપી ધર્મેશ ઉર્ફે ગુલાબ રાઠોડે નવસારીના કબીલપોરમાં રહેતા લોકો સાથે મારામારી કરી હતી જેનો તેના ઉપર કેસ ચાલુ છે. અગાઉ પણ આ જ આરોપીએ એમ.એ શેખ નામના જજ ઉપર ચપ્પલ વડે હુમલો કર્યો હતો. જોકે ત્યારે પણ જજને ચંપલ વાગતાં રહી ગયું હતું. આરોપીએ જેલમાંથી પથ્થર પોતાના ખિસ્સામાં મૂક્યો હતો અને જેલ જાપ્તાની નજર ચૂકવીને કોટરૂમ સુધી પથ્થર લઈ ગયો હતો. જેલ જાપ્તાએ પણ આરોપીને કોર્ટમાં લઈ જતાં પહેલાં ચકાસણી કરવી જોઈતી હતી તેવી ચર્ચા રહી છે.

નવસારીના એડવોકેટ્સમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, કોર્ટ પરિસરમાં કાયદા સાથે સંકળાયેલી વ્યક્તિઓ જજો સુરક્ષિત ન હોય તો સામાન્ય માણસોની શું હાલત હશે? આજ આરોપીય અગાઉ પણ એમ.એ. શેખ નામના જજ ઉપર ચપ્પલ વડે હુમલો કર્યો હતો. આ હુમલાની ઘટનાને બાર.એસોસિએશન સખત શબ્દોમાં વખોડી નાંખી છે.

# સુરતના બ્રેઈનડેડ યુવાનનું હૃદયનું અંકલેશ્વરના તરુણમાં ટ્રાન્સપ્લાન્ટ

**સુરત**

રાંદેર રોડ મોરાભાગળ પાસે સુભાષ ગાર્ડન એસએમસી ક્વાટર્સમાં રહેતો 18 વર્ષીય હિરલ વિજયભાઈ મહીડા ગત તા. ૨૯મીએ સવારે ઘરે થી બાઈક પર એલ.પી.સવાણી રોડ મધુવન સર્કલ પાસે સલુનની દુકાનમાં કામ જવા નીકળ્યો હતો. ત્યારે રામનગર સર્કલ પાસે બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડની પાસે બાઈક સ્લીપ થતા નીચે પડી જતા માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેને સારવાર વેળા બ્રેઈન હેમરેજ થયું હોવાનું નિદાન થયું હતું. જે બાદ ગત તા. ૩૦મીએ ડોક્ટરની ટીમે હિરલને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. જ્યારે ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી તેમના પરિવારના અન્ય સભ્યોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા સોટો દ્વારા હૃદય સુરતની મહાવીર હોસ્પિટલમાં, કિડની અને લિવર સુરતની કિરણ હોસ્પિટલને ફાળવવામાં આવ્યા હતા. દાનમાં મળેલું હૃદયનું અંકલેશ્વરના 17 વર્ષીય યુવકમાં સુરતની ખાનગી હોસ્પિટલમાં ડોક્ટરોની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જોકે ડોનેટ લાઈફ દ્વારા સુરતથી 43 માં હૃદયનું દાન કરાવવામાં આવ્યું હતું.

# સુરતના સિટીલાઈટમાં NRI યુવાને 7મા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો

**સુરત**

સિટી લાઈટ રોડ પર આરજવ એપાર્ટમેન્ટમાં રહેતા સંબંધીને ત્યાં આવેલો યુવાન દિપેશ રમણલાલ પંજાબી (ઉ.વ-૩૮) આજે બપોરે સાતમા માળે રૂમમાં સંબંધીઓ સાથે બેઠા હતા. તે સમયે એકાએક દિપેશે ગેલેરી માંથી નીચે છલાંગ મારી દીધી હતી. ગંભીર ઈજાની હાલતમાં તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો પણ ડોકટરોએ મૃત જાહેર કર્યો હતો. તપાસકર્તા ઉમરા પોલીસ મથકના દિનુભાઈએ જણાવ્યું હતુ કે દિપેશની બહેન અને માતા-પિતા અમેરીકામાં રહે છે. દિપેશ પણ ત્યાં રહેતો હતો. જોકે તેના માતા-પિતા દિપશને ઈન્ડીયા જવાની ના પાડતા હતા. પણ તે ઈન્ડિયામાં ફરવા માટે આવ્યો હતો. મંગળવારે તે પુનાથી સુરત રહેતા સંબંધીના ઘરે આવ્યો હતો. બાદમાં તેણે માનસિક તકલીફ હોવાથી આ પગલુ ભર્યુ હતુ.

# ઘોર કળિયુગ! પિતાએ જ કર્યું પુત્રનું અપહરણ, માતાએ નોંધાવી ફરિયાદ

**સુરત**

પલસાણા તાલુકાના હરિપુરા ખાતે એક પિતાએ પોતાના પુત્રનું અપહરણ કર્યાની ઘટના બહાર આવી હતી. પલસાણાના હરિપુરા ખાતે રહેતી સાલેહા શાહ નામની યુવતીના માંગરોળ તાલુકાના વાસરાવી ખાતે રહેતા રિયાઝ નામના યુવક સાથે લગ્ન થયા હતા અને લગ્ન થકી સંતાનમાં દંપતીને એક દીકરો અને એક દીકરી થયા હતા. જોકે છેલ્લા કેટલાક મહિનાથી પતિ-પત્ની વચ્ચે અણબનાવ થતા છેલ્લા બે માસથી સાલેહા શાહ પોતાના બંને બાળકો સાથે હરિપુરા ખાતે પોતાના માતા પિતા સાથે રહેતી હતી.

ગઈ કાલે બંને બાળકો સવારના સમયે મધરેસા ખાતે પઢવા માટે જઈ રહ્યા હતા. દરમ્યાન મારુતિ સ્વીફ્ટ કાર લઈને આવેલા પિતાએ પહેલા દીકરા દીકરી સાથે વાત કરી હતી. પરંતુ દીકરી ત્યાંથી ભાગી જઈ પોતાની માતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જોકે માતા ત્યા પહોંચે તેપ્હેલાં બાળકના પિતાએ બાળકને બળજબરી ગાડીમાં બેસાડી ત્યાથી ફરાર થઈ ગયો હતો. જોકે ગામના મુકેલા cctv માં બાળકને લઈ જતા અને કાર પાછળ દોડતી હોઈ એવા દ્રશ્યો કેદ થયા હતા. સમગ્ર ઘટના ને લઈ માતાએ કડોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# કતારગામમાં લાખોના હીરાની લૂંટમાં માસ્ટર માઈન્ડ તેમજ ભાવનગરના 5 ઝડપાયા

**સુરત**

કતારગામ જેરામ મોરારની વાડીમાં ત્રણ મહિના અગાઉ સાંજે કારખાનું બંધ કરીને પરત જઈ રહેલા કારખાનેદારનું ગળું દબાવી અને મોઢામાં ડૂચો મારી રૂ. 11 લાખના હીરાની લૂંટની ઘટનાનો ભેદ ઉકેલતા ક્રાઈમ બ્રાંચે ટીપ આપનાર કારખાનાના જૂના કારીગર અને લૂંટના માસ્ટર માઈન્ડ સહિત પાંચની ધરપકડ કરી 22.47 કેરેટના 41 નંગ હીરા કબ્જે લીધા છે. ક્રાઈમ બ્રાંચની ટીમે લૂંટની ટીપ આપનાર કારખાનાના જૂના કારીગર રવિન્દ્ર ઉર્ફે બાબર રામજી કંડોડીયા, લૂંટના માસ્ટર માઈન્ડ કાળુ ઉર્ફે દાઉદ નાનજી જેતાણી ઉપરાંત રાજેશ ઉર્ફે રાજુ મનુભાઈ ભીલ, શૈલેશ નટવરલાલ વાઘેલા અને મેહુલ ઉર્ફે શૈલેશ બટુક દોંડાને ઝડપી પાડી તેમની પાસેથી 22.47 કેરેટના 41 નંગ હીરા કિંમત રૂ. 12.84 લાખના કબ્જે લીધા છે.

સ્વદેશ



## લતા મંગેશકરને વિશ્વની 200 શ્રેષ્ઠ ગાયિકાઓમાં સ્થાન મળ્યું

નવી દિલ્હી: ભારતની પ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરને રોલિંગ સ્ટોનની મહાન ગાયિકાઓની યાદીમાં 84મું સ્થાન મળ્યું છે. આ યાદીમાં પાકિસ્તાનના દિવંગત ગાયક નુસરત ફતેહ અલી ખાન પણ સામેલ છે. આ સિવાય સાઉથ કોરિયન સિંગર લી જી-ઉન, જે તેના સ્ટેજ નેમ IU થી જાણીતી છે, તે પણ આ લિસ્ટમાં સામેલ છે. તે જ સમયે, BTS ના સૌથી યુવા ગાયક જંગકૂક પણ આ યાદીમાં સામેલ છે. જોકે, ગાયિકા સેલિન ડીયોન આ યાદીમાંથી બહાર રહી ગઈ છે.

### આલિયા ભટ્ટે લગ્ન અને બાળકના નિર્ણય વિશે કર્યો ખુલાસો

# ‘મને બિલકુલ અફસોસ નથી’...



મુંબઈ: વર્ષ 2022 આલિયા ભટ્ટ માટે કોઈક ફિલ્મી કહાની જેવુ રહ્યુ. આ વર્ષે આલિયાનું જીવ સમગ્રરીતે બદલાઈ ગયુ. ગયા વર્ષે આલિયાએ લગ્ન કર્યા. આ વર્ષે આલિયા ભટ્ટ માતા પણ બની ગઈ. આ વર્ષે આલિયાએ પોતાના કરિયરની સૌથી સફળ ફિલ્મ પણ કરી છે. આલિયા ભટ્ટના જીવનમાં તેમની પુત્રી ગુડ લકની જેમ આવી છે. આલિયા ભટ્ટે કરિયરના પીક પર લગ્ન અને પુત્રી થવાને લઈને નિવેદન આપ્યુ છે. આલિયા ભટ્ટે તાજેતરમાં જ કહ્યુ કે તેને પોતાના કરિયરના પીક પર માતા બનવાનો જરા પણ અફસોસ નથી. હું હંમેશા ભગવાનની આભારી રહીશ. હું હંમેશાથી પોતાના તમામ નિર્ણય દિલથી લઉ છુ. હું ભવિષ્યમાં પણ આવુ જ કરીશ. આલિયા ભટ્ટે કહ્યુ કે વર્ષ 2022 મારા જીવનનું અત્યાર સુધીનું સૌથી સુંદર વર્ષ રહ્યુ છે. જીવનમાં કંઈ પણ યોગ્ય કે અયોગ્ય હોતુ નથી. હું ક્યારેય પણ જીવનને પ્લાન કરીને આગળ વધતી નથી. હું હંમેશા પોતાના નિર્ણયોમાં દિલનું સાંભળુ છુ. મે પોતાના કરિયરના પીક પર લગ્ન અને બાળક કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ એવુ નથી કે આ બધુ કરવાથી કરિયર ખતમ થઈ જાય છે. જો એવુ થશે તો પણ મને કંઈ જ ચિંતા નથી. મને ક્યારેય મારી પુત્રીને લઈને અફસોસ નથી. આજ સુધીમાં આટલી વધારે ખુશ હુ ક્યારેય રહી નથી. એક માતા બનવાનો અહેસાસ ખૂબ જ અનોખો હોય છે અને જો હુ મહેનત કરીશ તો મારા કરિયરમાં સફળતા મેળવીશ.

## જેક્લિન પહોંચી માતા વૈષ્ણોદેવીના દરબારમાં, માથુ નમાવી આશીર્વાદ લીધા




નવી દિલ્હી : બોલિવૂડ એક્ટ્રેસ જેક્લિન ફર્નાન્ડિઝ છેલ્લા ઘણા સમયથી તેની પ્રોફેશનલ લાઈફ કરતા તેની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. વર્ષ 2021 અભિનેત્રી માટે કંઈ ખાસ નહોતું રહ્યું. ગયા વર્ષે અભિનેત્રી ઠગ સુકેશ ચંદ્રશેખરના મની લોન્ડરિંગ કેસમાં ફસાવાના કારણે ચર્ચામાં રહી હતી. અને હવે અભિનેત્રી માતા વૈષ્ણો દેવીના દર્શન કરવા પહોંચી છે. તેની કેટલીક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. જેક્લિન બુધવારે માતા વૈષ્ણો દેવીના દર્શને ગઈ હતી. અભિનેત્રીએ દરબારમાં માથું નમાવી માતાના આશીર્વાદ લીધા હતા. આ દરમિયાન જેક્લિન સફેદ સ્વેટર, જીન્સ અને શૂઝમાં નજર આવી હતી. જેક્લિનના ગળામાં માતાની ચુદંડી અને તેના કપાળ પર લાલ ટીલક નજર આવી રહ્યો છે. આ તસવીરોમાં જેક્લિન કેટલાક લોકો સાથે સેલ્ફી માટે પોઝ આપતી પણ જોવા મળી રહી છે.

## શનાયા કપૂરે કરણ જોહરની આગામી ફિલ્મમાં રશ્મિકા મંદાનાને રિપ્લેસ કરી



મુંબઈ : કરણ જોહરના પ્રોડકશન હાઉસનું ધર્મા પ્રોડકશનના બેનર હેઠળ ટાઈગર શ્રોફની આગામી ફિલ્મ સ્ક્રૂ ઢીલા ઘણા સમયથી ચર્ચામાં છે. હવે આ ફિલ્મ વિશે નવી જાણકારી છે કે, આ ફિલ્મની સ્ટારકાસ્ટમાં એક મોટો ફેરફાર થવાનો છે. આ ફિલ્મમાં શનાયા કપૂરની એન્ટી થઈ છે અને રશ્મિકા મંદાના આઉટ થઈ ગઈ છે. જોકે આ બાબતે કોઈ સત્તાવાર જાણકારી મળી નથી. ફિલ્મ સ્ક્રૂ ઢીલાની નવી સ્ટાર કાસ્ટ વિશે નજીકના સૂત્રે જણાવ્યુ હતુ કે, કાસ્ટમાં એક મોટો બદલાવ કરવામાં આવ્યો છે, હવે શનાયા કપૂર રશ્મિકા મંદાનાનું ફિલ્મમાં સ્થાન લેવાની છે. જોકે શનાયાએ હજી સુધી આ ફિલ્મ સાઈન કરી નથી. આમ થવાનું કારણ એમ કહેવાઈ રહ્યું છે કે, શનાયા ધર્મા પ્રોડકશનની ફિલ્મ બેધડકમાં કામ કરવાની હતી.

## પઠાણ ફિલ્મી વિવાદ : ગીત અને સંવાદમાં સુધારા બાદ 25મી જાન્યુ.એ રીલીઝ થશે



મુંબઈ: પઠાણ ફિલ્મનું ગીત બેશરમ રંગ જ્યારથી રીલીઝ થયું ત્યારથી તેણે લઈને દેશભરમાં ઘણો વિરોધ થયો છે, ઠેર-ઠેર પોસ્ટર ફાડવાથી માંડીને ફિલ્મ રીલીઝ નહી કરવા સુધીની માંગ ઉઠી હતી. બેશરમ રંગ ગીતના શબ્દો અને તેમાં દીપિકાએ પહેરેલ ભગવા રંગની બીકીનીને લઈને વિરોધ ઉભો થયો હતો. આ વિવાદની વચ્ચે સેન્સર બોર્ડના ચેરમેન પ્રસુન જોશીએ કહ્યું છે કે સેન્સર બોર્ડે ફિલ્મ પઠાણને બોર્ડના નિયમો અનુસાર ફેરફાર સુચવ્યા છે. રીપોર્ટસ અનુસાર સેન્સરબોર્ડએ સુચવ્યા મુજબ હવે ફિલ્મમાં મોટા ફેરફાર કરવામાં આવશે. ‘બેશરમ રંગ’ ગીતના શબ્દોની સાથે ફિલ્મના ડાયલોગમાં પણ સુધારો કરવામાં આવશે. ‘પઠાણ’ના ગીત બેશરમ રંગમાં ઓછામાં ઓછા 3 બદલાવ થવાની વાત સામે આવી છે. એક મીડિયા રીપોર્ટ અનુસાર ‘બેશરમ રંગ’ ગીતમાં દીપિકા પાદુકોણના અમુક ક્લોઝ-અપ શોટ્સ હટાવવામાં આવ્યા છે, સાથે જ ગીતમાં ‘બહુત તંગ કીયા’ શબ્દોના મૌક વિઝ્યુઅલ પણ બદલવામાં આવ્યા છે. ગીતમાંથી દીપિકાના અમુક સાઈડ પોઝ પણ હટાવવામાં આવ્યા છે, જો કે હજુ સુધી વિવાદિત ભગવા રંગની બીકીનીના શોટ્સ હજુ દુર કર્યા છે કે નહિ તે વિશે કોઈ જાણકારી મળી નથી રીપોર્ટ અનુસાર ફિલ્મ ‘પઠાણ’માં 13 જગ્યા પર PMO શબ્દનો ઉલ્લેખ થયો છે, ત્યાં પ્રધાનમંત્રી શબ્દ બદલીને પ્રેસિડેન્ટ કે મંત્રી શબ્દ મુકવામાં આવશે. ‘રો’ શબ્દ ઉપરાંત ‘અશોક ચક્ર’, ‘મિસીસ ભારતમાતા’ જેવા શબ્દોને બદલવા માટે પણ સૂચવવામાં આવ્યું છે. યશરાજ ફિલ્મસના બેનર હેઠળ બનેલી શાહરૂખ ખાનની પઠાણને સેન્સર તરફથી U/A સર્ટીફીકેટ મળ્યું છે જે આગામી 25 જાન્યુઆરીએ રીલીઝ થશે.

### અમદાવાદમાં જોરદાર વિરોધ, ફિલ્મના પોસ્ટર - કટઆઉટ ફાડ્યા

અમદાવાદ: વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ બુધવારે અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારના એક મોલમાં હંગામો મચાવ્યો હતો અને આગામી શાહરૂખ ખાન-દીપિકા પાદુકોણ અભિનીત ફિલ્મ ‘પઠાણ’ના પોસ્ટર અને અન્ય પ્રમોશનલ સામગ્રી ફાડી નાખી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે.ડાંગરે જણાવ્યું હતું કે, વસ્ત્રાપુર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને 5 કાર્યકરોની અટકાયત કરી હતી. જોકે બાદમાં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.







સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH


Paresh Peshva
Marketing Director
SWADESH

## ગરીબ પરિવારમાં જન્મેલા પેલેની મહાન ફુટબોલ ખેલાડી સુધીની સફર અનોખી રહી

# ફુટબોલની રમતનો પર્યાય બનેલા મહાન ખેલાડી પેલે

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વિશ્વના સૌથી મહાન ફૂટબોલ ખેલાડી પેલેએ ૮૨ વર્ષની ઉંમરે ગત બુધવારે રાત્રે અંતિમ શ્વાસ લેતા આ દુનિયાને અલવિદા કહી દીધી. એ સાથે જ ખેલજગતનો એક યુગ પૂરો થયો. પેલે એક મહાન ખેલાડી હોવાથી તેમના નિધનથી આખું ફૂટબોલ જગત સ્તબ્ધ છે. એક ખેલાડી તરીકે તો પેલેની સિદ્ધિઓ બેજોડ છે જ. પણ આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્ત થયા પછી પેલેએ ફૂટબોલના વિકાસમાં અને તેને લોકપ્રિય બનાવવામાં આપેલું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે.

દુનિયાભરના ફૂટબોલ ચાહકો પેલેને ઓળખતા હતા પણ પેલેનું સાચું નામ મોટા ભાગનાં લોકોને ખબર જ નથી. પેલેનું સાચું નામ એડસન અરાંતેસ દો નાસિમેન્તો હતું પણ લોકો તેમને પ્રેમથી પેલે કહેતા. પેલેના માતા-પિતાએ મહાન વિજ્ઞાની થોમસ આલ્વા એડિસન પરથી તેનું નામ પાડયું હોવાનું મનાય છે. પોર્ટુગીઝ ભાષામાં પેલેનો કોઈ ચોક્કસ અર્થ નથી પણ જૂની પોર્ટુગીઝ ભાષામાં પેલેનો મતલબ ચામડી (સ્કીન) થાય છે. પેલેની સાથે ભણતા યહૂદીઓ તેને પ્રેમથી આ નામે બોલાવતા હશે તેથી પેલે નામ પડી ગયું એવું પણ મનાય છે. યહૂદીઓની હિબ્રુ ભાષામાં પેલેનો મતલખ ચમત્કાર થાય છે.

બ્રાઝિલના અત્યંત ગરીબ પરિવારમાં ઉછરીને વિશ્વના મહાનતમ ફૂટબોલ ખેલાડી બનનારા પેલેની સફર પણ અનોખી રહી. પેલેને ફૂટબોલનો વારસો પિતા પાસેથી મળ્યો હતો. પેલેના પિતા ડોન્ડિન્હો પણ ફૂટબોલ રમતા. ક્લબ ક્રિકેટમાં તેમની નામના હતી અને બ્રાઝિલની ટીમમાંથી રમશે એવું મનાતું. પણ ઘૂંટણની ઈજાએ ડોડિન્હોના બ્રાઝિલ તરફથી રમવાનું સપનું રોળી નાંખ્યું. જો કે, તેમણે પોતાના દીકરાને ફૂટબોલ રમવા પ્રોત્સાહન આપીને પોતાનું સપનું પૂરું કર્યું.

પેલેનો પરિવાર એટલો ગરીબ હતો ફૂટબોલ ખરીદવાનાં નાણાં પણ નહોતાં. પેલે મોજાંમાં પેપર ભરીને ફૂટબોલ બનાવતા અને તેનાથી ઝૂંપડપટ્ટીમાં રમ્યા કરતા. ફૂટબોલમાં કારકિર્દી નહીં બનાવી શકેલા પેલેના પિતા મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા. તેઓ દરરોજ સાંજે સમય મળે ત્યારે દીકરાને ફૂટબોલ શીખવતા. પેલેએ પણ પરિવારને મદદ કરવા ટી શોપ્સ પર કામ કરવું પડતું. પેલે પિતા પાસેથી ફૂટબોલના પ્રારંભિક પાઠ ભણ્યા પણ તેમને ઘડવાનું કામ વાલ્ડેમર દ બ્રિટોએ કર્યું. દ બ્રિટો બ્રાઝિલની ટીમમાંથી પણ રમેલા.

પેલેને સ્કૂલમાં રમતા જોઈને પ્રભાવિત દ



બ્રિટોએ સાઓ પાઉલોની સ્થાનિક ક્લબમાં પેલેની એન્ટ્રી કરાવીને કોચિંગ શરૂ કર્યું. ગરીબી પણ પેલેની ધગશને લગામ ના લગાવી શકી અને મહાન ફૂટબોલર તરીકે સ્થાપિત થયા. પેલેની પ્રોફેશનલ કારકિર્દી સેંટોસ ક્લબથી શરૂ થયેલી. દ બ્રિટોએ જ પેલેને ૧૬ વર્ષની વયે સેંટોસ ક્લબમાં એન્ટ્રી કરાવી હતી. એ સાથે જ પેલે માટે આંતરરાષ્ટ્રીય કારકિર્દીના દરવાજા ખૂલી ગયા હતા. પેલેએ એ પછી પાછું વળીને જોયું નથી. સેંટોસમાં એન્ટ્રી પછી ૧૭ વર્ષની ઉંમરે તો પેલે પોતાની પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા અને બે વર્ષ પછી ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડકપમાં બ્રાઝિલને પહેલી વાર ચેમ્પિયન બનાવ્યું.

વિશ્વમાં બહુ ઓછા ખેલાડીઓ આવ્યા કે જે પોતાની રમતનો પર્યાય બની ગયા હોય. બોક્સિંગ એટલે મોહમ્મદઅલી, સ્કવોશ એટલે જહાંગીરખાન કે ફોર્મ્યુલા વન રેસ એટલે માઈકર શુમાકર એવું જ મનાતું. પેલેનું પણ એવું જ હતું અને ફૂટબોલ એટલે પેલે એવું જ મનાતું. તેનું કારણ પેલેનો જબરદસ્ત રેકોર્ડ છે. પેલેને નિ:શંકપણે વિશ્વમાં ફૂટબોલના મહાનતમ ખેલાડી ગણી શકાય. આર્જેન્ટિનાના ડિયાગો મેરેડોનાનો વિશ્વ ફૂટબોલના તખ્તા પર ઉદય થયો પછી મેરેડોના મહાન કે પેલે એ ચર્ચા ચાલ્યા કરી. પેલેએ બ્રાઝિલ તરફથી રમતાં ૯૨ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૭૭ ગોલ કર્યા હતા. પેલે ૧૯૭૧માં તો આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા. આ કારણે આજની પેઢી લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને ઓળખે છે પણ પેલેથી બહુ પરિચિત નથી. જો કે મોટાભાગના સ્પોર્ટ્સ ક્રિટિક્સ પેલેને ગ્રેટેસ્ટ ઑફ ઓલ ટાઈમ માને છે કેમ કે તેમના જેવો દબદબો બીજો કોઈ ફૂટબોલ ખેલાડીનો રહ્યો નથી. આ સદીના સૌથી મહાન ફૂટબોલર ખેલાડીઓમાં સ્થાન પામતા પેલેનો ૧૯૫૦ના દાયકાથી શરૂ કરીને ૧૯૭૦ના અંત સુધી વિશ્વ ફૂટબોલમાં દબદબો હતો. માત્ર ૧૮ વર્ષની ઉંમરે પેલેએ ૧૯૫૮ના વર્લ્ડ કપમાં પહેલીવાર પોતાની તાકાતનો દુનિયાને પરચો આપીને ચેમ્પિયન બનાવ્યું હતું. પેલે નોકઆઉટ રાઉન્ડમાં બ્રાઝિલની જીતનો હીરો હતો.

**પેલેએ પોતાની પ્રોફેશનલ કારકિર્દીમાં કુલ 1363 મેચ રમીને 1281 ગોલ કર્યા હતા. વળી ચાર વખત ફીફા વર્લ્ડકપ જીતનાર બ્રાઝીલની ટીમમાં પેલે 3 વખત સામેલ હતો**

બ્રાઝિલે વેલ્સ સામેની ક્વાર્ટર ફાઈનલમાં એક જ ગોલ કર્યો હતો અને બ્રાઝિલનો એકમાત્ર ગોલ પેલેએ કર્યો હતો. પેલેએ ફ્રાન્સ સામે સેમીફાઈનલમાં હેટ્રિક કરીને ભવ્ય જીત અપાવી હતી. યજમાન સ્વીડન વર્લ્ડ કપ જીતવા માટે પ્રબળ દાવેદાર હતું પણ પેલેએ સ્વીડન સામે ફાઈનલમાં બે ગોલ કરીને કચડી નાંખ્યું હતું. પેલેની ભવ્ય કારકિર્દીની એ ભવ્ય શરૂઆત હતી અને એ પછી પેલેએ કદી પાછું વળીને જોયું નથી. પેલેએ ૧૯૬૨માં ફરી બ્રાઝિલન વર્લ્ડ કપ જીતાડ્યો. ૧૯૬૬ના વર્લ્ડ કપમાં ઈજાના કારણે પેલે બધી મેચો નહોતો રમી શક્યો તેથી બ્રાઝિલ નહોતું જીત્યું પણ ૧૯૭૦ના વર્લ્ડ કપમાં બ્રાઝિલને ચેમ્પિયન બનાવીને પેલેએ ફરી પોતાની તાકાતનો પરચો આપ્યો હતો.

ફૂટબોલની દુનિયામાં બ્લેક પર્લ અને બ્લેક ડાયમંડના નામથી ઓળખાતા પેલે ત્રણ વર્લ્ડ કપ જીતનારા એકમાત્ર ફૂટબોલર છે. વર્લ્ડ કપમાં ગોલ કરવામાં પણ પેલે સૌથી આગળ છે. પેલેએ ૧૯૫૮, ૧૯૬૨, ૧૯૬૬ અને ૧૯૭૦માં મળીને કુલ ૧૨ ગોલ કર્યા હતા અને આવો ભવ્ય રેકોર્ડ કોઈના નામે નથી. આંકડાની રીતે પણ પેલે બીજા બધા ફૂટબોલરથી આગળ છે. પેલેએ પોતાની પ્રોફેશનલ કારકિર્દીમાં કુલ ૧૩૬૩ મેચ રમીને ૧૨૮૧ ગોલ કર્યા હતા. મતલબ કે, પેલેએ દરેક મેચદીઠ એકથી થોડોકો ઓછો ગોલ કર્યો છે  મેરેડોનાએ ૧૯૮૬માં આર્જેન્ટિનાને વર્લ્ડ ચેમ્પિયન બનાવ્યું એ પહેલાં પેલે વિશ્વમાં મહાનત્તમ ફૂટબોલ ખેલાડી તરીકે સર્વસ્વીકૃત હતા. પેલેએ બ્રાઝિલ તરફથી રમતાં ૯૨ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૭૭ ગોલ કર્યા તેની સામે મેરેડોનાના ૯૧ મેચમાં માત્ર ૩૪ ગોલ છે. પેલેના પ્રતિ મેચ ૦.૮૩ ગોલની સરેરાશ સામે મેરેડોનાની સરેરાશ માત્ર ૦.૩૭ ગોલ પ્રતિ મેચ છે. મોટી ટૂર્નામેન્ટ્સમાં પણ પેલેનો રેકોર્ડ બહેતર છે.

પેલે ૧૯૫૮, ૧૯૬૨, ૯૧૬૬ અને ૧૯૭૦ એમ ચાર ફૂટબોલ વર્લ્ડકપ રમ્યા હતા. આ ચારમાંથી ત્રણ વર્લ્ડપ બ્રાઝિલે જીત્યા એ જોતાં વર્લ્ડ કપમાં પેલેની જીતનો રેશિયો ૭૫ ટકા છે. બીજા મહાન ખેલાડીઓની જેમ પેલેની પણ નબળાઈઓ હતી. મેરેડોના મહાન ખેલાડી હતો પણ ડ્રગ્સને કારણે તે બરબાદ થયો. મહાન બોક્સર માઈક ટાયસન બળાત્કારના કેસમાં ફસાયા બાદ સળંગ દસ વાર યુએફસી મિડલવેઈટ બોક્સિંગ ચેમ્પિયન બનેલો. બ્રાઝિલનો જ એન્ડરસન સિલ્વા સેક્સ પાવર વધારવા લીધેલી દવાના કારણે ડ્રગ્સ કેસમાં નિષ્ફળ જતાં તમામ ટાઈટલ પાછાં લઈ લેવાયેલાં. બીજા પણ ઘણા સ્પોર્ટ્સપર્સન આ રીતે વિવાદોમાં આવ્યા. પેલેની નબળાઈઓ પણ સ્ત્રીઓ હતી. બ્રાઝિલ સહિતના દેશોમાં મુક્ત માહોલ હોવાથી એકથી વધારે લગ્નો કે અફેર સામાન્ય છે. પેલેએ ત્રણ લગ્ન કર્યાં અને બીજાં અફેર પણ કર્યાં હતા.

# GodFather બેન્કિંગ ટ્રોજન

GodFather તરીકે ઓળખાતા એન્ડ્રોઈડ બેંકિંગ ટ્રોજનનો ઉપયોગ 16 દેશોમાં ફેલાયેલી 400 થી વધુ બેંકિંગ અને ક્રિપ્ટોકરન્સી એપ્સના યુઝર્સને લક્ષ્ય બનાવવા માટે કરવામાં આવે છે. સિંગાપોર-મુખ્યમથક Group-IB એ ધ હેકર ન્યૂઝ સાથે શેર કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે આમાં 215 બેંકો, 94 ક્રિપ્ટો વૉલેટ પ્રદાતાઓ અને 110 ક્રિપ્ટો એક્સચેન્જ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે જે યુ.એસ., તુર્કી, સ્પેન, ઈટાલી અને કેનેડામાં યુઝર્સને સેવા આપે છે.

માલવેર, એન્ડ્રોઈડ ઈકોસિસ્ટમને ટાર્ગેટ કરતા ઘણા નાણાકીય ટ્રોજનની જેમ કન્વીન્સિંગ ઓવરલે સ્ક્રીન્સ (વેબ ફેક્સ) જનરેટ કરીને યુઝર્સની માહિતી ચોરી કરવાનો પ્રયાસ કરે છે જે લક્ષ્ય એપ્લિકેશન્સની ઉપર આપવામાં આવે છે.

જુન 2021 માં Group-IB દ્વારા સૌપ્રથમ શોધાયેલ અને માર્ચ 2022 માં ThreatFabric દ્વારા જાહેરમાં જાહેર કરવામાં આવ્યું. GodFather નેટીવ બેકડોર સુવિધાઓમાં પણ પેક કરે છે જે તેને વિડિઓઝ રેકોર્ડ કરવા, કીસ્ટ્રોક લોગ કરવા, સ્ક્રીનશોટ કેપ્ચર કરવા અને એસએમએસ અને કોલ લોગ હાર્વેસ્ટ કરવા માટે Android ના ઍક્સેસિબિલિટી API નો દુરુપયોગ કરવાની મંજૂરી આપે છે.

Group-IB ના પુષ્ટિકરણમાં જાણવા મળ્યું કે જે અન્ય બેંકિંગ ટ્રોજન છે કે જેનો સોર્સ કોડ જાન્યુઆરી 2019 માં ફોરમમાં લીક થયો હતો. તે માલવેર દ્વારા અન્ય જોખમી સેવા પણ વિતરિત કરવામાં આવે છે. જેમ કે માલવેર એઝ અ સર્વિસ (MaaS) મોડલ.

બે માલવેર ફેમીલી વચ્ચેની સમાનતા કમાન્ડ-એન્ડ-કંટ્રોલ (C2) એડ્રેસ મેળવવાની પદ્ધતિ, C2 આદેશોના અમલીકરણ અને વેબ ફેક, પ્રોક્સી અને સ્ક્રીન કેપ્ચર મોડ્યુલો સુધી વિસ્તરે છે. જોકે, ઓડિયો રેકોર્ડિંગ અને લોકેશન



ટ્રેકિંગ ફીચર્સ હટાવી દેવામાં આવ્યા છે.

રસપ્રદ વાત એ છે કે GodFather સોવિયત પછીના દેશોમાં યુઝર્સને બચાવે છે. Group-IB એ જણાવ્યું હતું. જો સંભવિત હેક થયેલ સિસ્ટમની પસંદગીઓમાં તે પ્રદેશની એક ભાષાનો સમાવેશ થાય છે તો ટ્રોજન બંધ થઈ જાય છે. આ સૂચવે છે કે GodFather વિકાસકર્તાઓ રશિયન બોલનારા છે.

GodFather ને જે વસ્તુ અલગ બનાવે છે તે હકીકત એ છે કે તે ટેલિગ્રામ ચેનલ વર્ણનોને ડિક્રિપ્ટ કરીને તેનું કમાન્ડ-એન્ડ-કંટ્રોલ (C2) સર્વર સરનામું પુનઃપ્રાપ્ત કરે છે અને તે બ્લોફિશ સાઈફરનો ઉપયોગ કરીને એન્કોડ કરવામાં આવે છે.

યુઝર્સના ડિવાઈસને સંક્રમિત કરવા માટે ઉપયોગમાં લેવાતી ચોક્કસ મોડસ ઓપરેન્ડી જાણીતી નથી. જો કે થ્રેટ એક્ટરના કમાન્ડ-એન્ડ-કંટ્રોલ (C2) ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તપાસ ટ્રોજનાઈઝ્ડ ડ્રોપર એપ્સને એક સંભવિત વિતરણ વેક્ટર તરીકે દર્શાવે છે. આ C2 એડ્રેસ પર આધારિત છે જે Currency Converter Plus (com.plus.currencyconverter) નામની એપ સાથે લિંક છે. જે જૂન 2022 સુધીમાં Google Play સ્ટોર પર હોસ્ટ કરવામાં આવી હતી. પરંતુ આ એપ્લિકેશન હવે ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ નથી.

Group-IB દ્વારા તપાસવામાં આવેલ અન્ય આર્ટિફેક્ટ કાયદેસર Google Play Protect સેવાનો ઢોંગ કરે છે, જે લોંચ થવા પર, ચાલુ સૂચના બનાવે છે અને ઈન્સ્ટોલ કરેલ એપ્લિકેશન્સની સૂચિમાંથી તેના આઈકનને છુપાવે છે. Cyble એ તુર્કીના યુઝર્સને ધ્યાનમાં રાખીને MYT Müzik એપ્લિકેશન તરીકે ફેલાયેલા GodFather ના અસંખ્ય નમૂનાઓ શોધી કાઢ્યા ત્યારે આ તારણો આવ્યા.

ગૂગલના પ્રવક્તા દાવો કરે છે કે Google Play Protect અન્ય સ્ત્રોતોમાંથી સંભવિત હાનિકારક એપ્સ માટે Google Play Services સાથે Android ડિવાઈસને તપાસે છે. યુઝર્સ Google Play Protect દ્વારા સુરક્ષિત છે. જે એન્ડ્રોઈડ ડિવાઈસ પર આ ઓળખાયેલ મેલીસીયસ એપ્લિકેશન્સને અવરોધિત કરે છે.

GodFather એ એન્યુબીસ પર આધારિત એકમાત્ર એન્ડ્રોઈડ માલવેર નથી. જુલાઈ 2022ની શરૂઆતમાં થ્રેટફેબ્રિકે જાહેર કર્યું હતું કે ફાલ્કન તરીકે ઓળખાતા એન્યુબીસના સંશોધિત સંસ્કરણે સરકારી માલિકીની VTB બેંકનો ઢોંગ કરીને રશિયન યુઝર્સને નિશાન બનાવ્યા હતા.

GodFather જેવા ટૂલ સાથે ધમકી આપનારા હેકર ગ્રુપ માત્ર ચોક્કસ એપ્લિકેશન માટે કન્વિન્સિંગ વેબ ફેક બનાવવાની તેમની ક્ષમતા દ્વારા મર્યાદિત છે. કેટલીકવાર સિક્વલ ખરેખર મૂળ કરતાં વધુ સારી હોય શકે છે.

beinghumanmj


**શીર્ષક : પૃથ્વી- નેપાળી કવિતા**
**મૂળ લેખક : કેવલચંદ્ર લામા દાર્જીલિંગ**

મારાં માથા ઉપર એક આકાશ છે.
જે કાળું કાળું થઈ ગયું છે.
ત્યાં આ મેલો ધુમાડો વધારે મનમાની નહીં રમે.
બસ, એટલું જ કહેવું છે.
મને મળ્યો છે ધરતીનો એક ટુકડો
મારાં પગ મૂકવા માટે
જ્યાં હું શ્વાસ લઉ છું
જ્યાં હું સપનાઓ વાવું છું
અને જ્યાં હું વાસ્તવિકતા ઉગાડું છું.
એ એ જ રીતે ઉગરેલું રહે.
અહીં પૂર, ભુસ્ખલન છીનવી નહીં લે
ધરતીનો સુંદર ચહેરો.
બસ એટલું જ કહેવું છે.
પૃથ્વી ખુશીથી
વગાડી રહેલ ગિટારનાં
તાર તૂટી નહીં જાય.
પૃથ્વી ગીત ગાય છે.
છોડ -વૃક્ષો હર્યાભર્યા કવિતા પાઠ કરે છે.
આટલા દિવસોથી ખાંસતી હવાનાં
શ્વાસ બંધ નહીં પડી જાય.
બસ, એટલું જ કહેવું છે.
પૃથ્વીને
પ્લાસ્ટિકની થેલીમાં ભરીને
ક્યાં જઈ રહ્યો છે તું?
બસ, એટલું પૂછવું છે.




### શતાબ્દી મહોત્સવ નિમિત્તે વિશ્વના ધાર્મિક વડાઓનું આહવાન

# પ્રમુખસ્વામી મહારાજના પ્રેમ અને બલિદાનને યાદ કરી વિશ્વાસના બંધનોને મજબૂત કરાશે



**અમદાવાદ**

પ્રમુખ સ્વામી મહારાજની શતાબ્દીની ઉજવણીના ભાગરુપે અમદાવાદમાં ચાલતા વિશેષ કાર્યક્રમમાં આ અઠવાડિયે ગુરુ પ્રત્યેની ભક્તિ ઉપર ધ્યાન અપાયુ છે. 20મી ડિસેમ્બર, 2022ના રોજ, જૈન, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, યહૂદી અને બૌદ્ધ ધર્મોનું પ્રતિનિધિત્વ કરતા વિશ્વભરના ધાર્મિક નેતાઓ અને પ્રતિનિધિઓએ પ્રમુખસ્વામી મહારાજના પ્રેમ અને બલિદાનને યાદ કરીને સામૂહિક સંવાદ દ્વારા આંતરવિશ્વાસના બંધનોને મજબૂત કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પહેલાં 29 ઓગસ્ટ, 2000 ના રોજ મિલેનિયમ પીસ કોન્ફરન્સમાં સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધનમાં પ્રમુખ સ્વામી મહારાજે કહ્યું હતુ કે, “આપણે ધાર્મિક નેતાઓએ વિશ્વમાં માત્ર એક જ ધર્મનું સ્વપ્ન ન જોવું જોઈએ, પરંતુ એવી દુનિયાનું સ્વપ્ન જોવું જોઈએ જ્યાં તમામ ધર્મો એક



હોય. એકસાથે ખીલવું એ શાંતિનું રહસ્ય છે. આપણે બીજાના ભોગે પ્રગતિ ન કરવી જોઈએ, પરંતુ બીજાના ભલા માટે પોતાનો એક ભાગ બલિદાન આપવો જોઈએ. કેમ કે સાચો ધર્મ એ છે જે એકબીજા માટે પ્રેમની પ્રેરણા આપે છે.”

પ્રમુખસ્વામી મહારાજની આંતરધર્મ સમરસતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને યાદ કરતાં, HH દલાઈ લામાએ એક પત્ર દ્વારા એસેમ્બલીને સંબોધિત કરતાં કહ્યું હતુ કે, “હું પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી નિમિત્તે મારી શુભેચ્છા પાઠવું છું. તેમણે અહિંસા અને કરુણાના પ્રાચીન ભારતીય શાણપણનો ખરેખર અભ્યાસ કર્યો હતો. બહેરીનના



થોટ લીડર, HE અબ્દુલ રહેમાન બુ અલીએ જણાવ્યું હતું કે, “અબુ ધાબીમાં ઐતિહાસિક BAPS મંદિર પ્રેરણાદાયી છે, તે સંસ્કૃતિલક્ષી છે-દેશો અને ધર્મોને એક સાથે લાવે છે. બહેરીનમાં BAPS મંદિર પણ બનશે. પ્રમુખસ્વામી મહારાજ જેવા આગેવાનો મૃત્યુ પામતા નથી પરંતુ જીવંત રહે છે. મહંત સ્વામી મહારાજ શ્રેષ્ઠ પુરોગામીના શ્રેષ્ઠ અનુગામી છે.” આચાર્ય ડૉ. લોકેશ મુનિજી, જૈન મુનિ, પ્રમુખ, અહિંસા વિશ્વ ભારતીએ જણાવ્યું હતું કે, “પ્રમુખસ્વામી મહારાજ જેવા દિગ્ગજો ભાગ્યે જ આ પૃથ્વી પર જન્મ લે છે. તે તમામ વિવિધ ધર્મોને એક સાથે જોડવાનો સેતુ હતો.

# સંક્રાંતિનું વાહન વાઘ, ઉપવાહન અશ્વ-વરસાદ મધ્યમથી સારો રહે

આગામી 14 જાન્યુઆરીએ ઉત્તરાયણ પર્વની ઉજવણી સાથે જ આકાશ આખું રંગબેરંગી પતંગોથી છવાઇ જશે. ઉત્તરાયણની તૈયારી વચ્ચે પતંગ બજારમાં ચહેલપહેલ જોવા મળી રહી છે. જોકે, ઉત્તરાયણની સાથે જ હિન્દુ સમુદાયમાં ધાર્મિક રીતે મહાત્મય ધરાવતા મકરસંક્રાતિ પર્વની પણ ઉજવણી થશે, પરંતુ આ વર્ષે 14 જાન્યુઆરીએ વિચિત્ર સંયોગ સર્જશે. જેમાં કમૂરતા રાત્રિએ 8.46 વાગ્યે ઉતરશે. સૂર્યદેવ મોડી સાંજે મકર રાશિમાં પ્રવેશ કરશે. આ વર્ષે મકરસંક્રાતિનું વાહન વાઘ અને ઉપવાહન અશ્વ હોવાની સાથે આગામી ચોમાસાની સિઝનમાં વરસાદ મધ્યમ રહેવાનો મત જ્યોતિષી આપી રહ્યા છે.

**મકરસંક્રાતિ તો 14મીએ જ ઉજવાશે, સૂર્યદેવ મોડી સાંજે મકર રાશિમાં પ્રવેશશે**

મકરસંક્રાતિની ધાર્મિક રીતે ઉજવણી સાથે જ સેવા, દાન-પુણ્યનો મહિમા વર્ણવાયો છે. મકરસંક્રાતિએ સૂર્યદેવ ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરશે. ધન રાશિમાંથી ભ્રમણ થવાની સાથે જ ધનારક કમૂરતા પૂરા થાય છે. આ વર્ષે 14 જાન્યુઆરીએ રાત્રિએ 8.46 વાગ્યે સૂર્યદેવનો મકર રાશિમાં પ્રવેશ થશે. જાન્યુઆરીએ સવારે 9.59વાગ્યે સૂર્યનો ધન રાશિમાં પ્રવેશ સાથે ધનારક એટલે કે કમૂરતા શરૂ થયા હતા.

એક મહિના સુધી લગ્ન સહિતના શુભ કાર્યો વર્જિત રહ્યા બાદ હવે 14 જાન્યુઆરીએ રાત્રિએ 8.46 વાગ્યે સૂર્યદેવનો મકર રાશિમાં પ્રવેશ સાથે ધનારક સમાપ્ત થશે. 14 જાન્યુઆરીએ મકરસંક્રાતિ સાથે જ તિલ સંક્રાતિ, પોંગલ, ગંગાસ્નાન સહિતના પર્વની ઉજવણી કરાશે. રામાનંદાચાર્ય જયંતિની ઉજવણી થશે. ૧૪ જાન્યુઆરીના શનિવારે સાંજે 6.14 વાગ્યા સુધી હસ્ત નક્ષત્ર છે અને ત્યાર બાદ સૂર્યદેવ ચિત્રા નક્ષત્રમાં મકર રાશિમાં પ્રવેશ કરશે. તે સમયે સૂકર્મા યોગ અને બાલવ કરણ રહેશે. જ્યારે ચંદ્ર કન્યા રાશિમાં હશે. મકરસંક્રાતિ સાથે જ સેવા-દાન - ધાર્મિક અનુષ્ઠાનની વણઝાર જોવા મળશે.

જ્યોતિષીના જણાવ્યા મુજબ, સંક્રાતિનું વાહન વાઘ છે. ઉપવાહન અશ્વ છે. પીળા કપડા પહેરેલા છે. હાથમાં આયુધ ગદા ધારણ કરેલ છે. જાતિ સર્પ છે. કેસરનું તિલક કર્યું છે. તે બેઠેલી છે. મોતીના આભૂષણ ધારણ કર્યા છે. દક્ષિણમાંથી આવીને ઉત્તર તરફ જાય છે. તેની દૃષ્ટિ ઈશાન તરફ છે. મુખ પશ્ચિમ તરફ છે. જેથી દક્ષિણ અને ઈશાન દિશાના લોકોને સુખ મળશે. સંક્રાતિ માટે એમ મનાય છે કે, જે જે વસ્તુ સાથે સંક્રાતિને સંબંધ હોય તે મોંઘી થાય છે અને જે વ્યક્તિ સાથે સંબધ હોય તેને ત્રાસ થાય છે. મૂહર્ત સામ્યાર્ધ હોય વરસાદ મધ્યમ અને સારો રહેશે.

14 જાન્યુઆરીએ કમૂરતા ઉતરી જવા છતાં યોગને જોતાં 17 જાન્યુઆરીએ પહેલું લગ્નમૂહર્ત રહેશે. જાન્યુઆરી માસમાં 17,18,25,26,27,28 અને 31 જાન્યુઆરીએ લગ્નમૂહર્ત છે. જ્યારે ફેબ્રુઆરીમાં 1,6,7,10,11,14,16,22,23મીએ મૂહર્ત છે. માર્ચ માસમાં 8,9,10,11,13 અને 14મીએ લગ્નમૂહર્ત છે. 17 જાન્યુઆરીથી લગ્નસરાની સિઝન ફરી શરૂ થશે. દરમિયાન જાન્યુઆરીથી માર્ચ માસ સુધીમાં 22 મૂહર્ત હોય સંખ્યાબંધ લગ્ન આયોજનો થયા છે. કમૂરતામાં એક માસ સુધી લગ્ન આયોજનો પર બ્રેક બાદ હવે ફરીવાર લગ્નની રોનક દેખાશે.

**।। સ્વામી શ્રીજી ।।**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# સુખ અને શાંતિમય જીવનનું કારણ સંત માર્ગ જ છે

આ દુનિયા પર નજર કરીએ તો સવારથી રાત સુધી સૌ કોઈ કંઈક ને કંઈક કરતા જ હોય છે, પોતપોતાની શક્તિ કે સુખ મુજબ થતા આ પ્રયત્નોનો મુખ્ય હેતુ છે સુખ-શાંતિ.

આ સુખ-શાંતિ પામવાનો પ્રમુખમાર્ગ - મુખ્યમાર્ગ કયો?

આપણા સૌના નાના-મોટા સંકલ્પો હોય છે. આ વર્ષે આપણું ઘરનું ઘર થઈ જાય એટલે શાંતિ, હવે કાર આવી જાય એટલે સુખિયા, આ વર્ષે આપણે ધાર્યા મુજબ એક કરોડ કમાઈ લઈએ એટલે કોઈ પ્રશ્ન જ નહીં, આવા વિચારો પાછળનો આપણો દ્રષ્ટિકોણ છે, ‘સમૃદ્ધિ આવે તો સુખ થાય.’ પરંતુ ભૂતકાળમાં ડોકિયું કરવા જેવું છે.

બાઈબલમાં સોલોમન રાજાની વાત આવે છે. તેની પાસે ૩૦૦૦૦ કિલો સોનું હતું. દર વર્ષે ૯.૬ લાખ તોલા સોનું તેના ખજાનામાં ઉમેરાતું હતુ. ભવ્ય મહેલો, ૧૪૦૦ રથ વગેરે અઢળક સંપત્તિના માલિક આ રાજાને ૭૦૦ રાણીઓ અને ૩૦૦ રખાતો હતી. આમ છતાં તેના ઉદગારો હતા કે, સુખ મેળવવાના મારા પ્રયત્ન **merely chasing after the wind** હવાના બાચકા ભરવા જેવા હતા.


શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધમાં યયાતિ રાજા પણ આજ વાત કરે છે. શાપથી વૃદ્ધ થયેલા આ રાજાએ પુનઃ યૌવન મેળવ્યું. હજાર વર્ષ સુધી સમૃદ્ધિ અને વિષયભોગ દ્વારા સુખ મેળવવા પ્રયત્ન કર્યા બાદ તેઓ એ તારણ પર આવ્યા કે, આ પૃથ્વીના બધા જ અનાજના કોઠારો, સોનાના ભંડારો, સઘળા વાહનો અને બધી જ સ્ત્રીઓ પર એક જ પુરુષની માલિકી હોય, પણ જો તે પુરુષ કામનાથી હણાયેલો હશે તો તે સુખી નહીં થઈ શકે. આવા હજારો પ્રસંગો ઈતિહાસ કે, પુરાણોમાંથી મળે છે, તો સુખનો મુખ્ય માર્ગ કયો ?

કેટલાકને લાગે છે કે સત્તા હોય તો સુખી થવાય, સમ્રાટ સિકંદર ‘**Alexander the great**’ની વાત પ્રસિદ્ધ જ છે. તે અતિ પુરુષાર્થી અને યુદ્ધવીર હતો, પરાક્રમો કરી પર્શિયા (ઈરાન) ઉપર જીત મેળવી ભારત સુધી પહોંચેલા વિશાળ સામ્રાજ્યના આ સમ્રાટે જીવનના અંતિમ શ્વાસ રડતા રડતા લીધા હતા.

ઈસ ૧૬૫૮થી ઈસ ૧૭૦૭ સુધી ૪૯ વર્ષ દિલ્હીની સલ્તનત ઉપર રાજ કરનાર ઔરંગઝેબે ૯૦ વર્ષની ઉમરે આલમગીર નામામાં લખ્યું છે સારી જિંદગાની ફિઝુલ ગઈ. બાપને જેલમાં ધકેલી આગ્રહપૂર્વક સત્તા મેળવનાર આ શહેનશાહને સત્તાનો નશો નિરર્થક જણાયો.

તો જીવનમાં અપનાવવા જેવો મુખ્યમાર્ગ, પ્રમુખમાર્ગ કયો ?

ચારવેદ, વેદાંગ, ઈતિહાસ, પુરાણ, વ્યાકરણશાસ્ત્ર, શ્રાદ્ધશાસ્ત્ર, ગણિતવિદ્યા, ઉત્પાત વિજ્ઞાન, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, દેવવિદ્યા, વશીકરણવિદ્યા, ધનુર્વેદ, જ્યોતિષ, સર્પવિદ્યા ગંધર્વવિદ્યા, આયુર્વેદ વગેરે અનેક વિદ્યાઓમાં પારંગત થયા પછી છાંદોગ્ય ઉપનિષદમાં નારદજી **सः अहं भगवः**



**शोचामि** હે ભગવન્ ! હું શોકમાં ડૂબેલો છું. કહી દુઃખ વ્યક્ત કરે છે.

માઈકલ એન્જેલો જેવા કલાકારની કલાકૃતિ આજે પણ બેનમૂન છે. આવા મહાન કલાકાર જીવનના અંતે અફસોસ વ્યક્ત કરે છે. તે જ હાલત ગાનવિદ્યાના ક્ષેત્રે શિખરે પહોંચેલા શ્રી કિશોર કુમારની પણ છે. તેઓએ ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કર્યા બાદ કહ્યું હતું કે, હું અહીં છું તે કરતા ખંડવામાં હોત અને બધા મને કિશોરલાલ માસ્તર કહીને બોલાવતા હોત તો વધુ સુખ આવત. આ બધું જોતાં વિચાર આવે કે જીવનમાં આચરવા જેવો મુખ્ય માર્ગ કયો?

મહાભારતના વનપર્વમાં આજ પ્રશ્ન યક્ષ યુધિષ્ઠિર રાજાને પૂછે છે **कः पन्थाः** માર્ગ કયો ? ઉત્તર રૂપે યુધિષ્ઠિર રાજા કહે છે ‘**महाजनों येन गतः सः पन्थाः**’ ‘મહાપુરુષો જે માર્ગે ચાલ્યા હોય તેજ માર્ગ’ યુગો યુગોથી આપણે અનુભવી રહ્યા છીએ કે મહાપુરુષો જે માર્ગ બતાવી ગયા તેજ સુખ શાંતિનો માર્ગ છે. બ્રહ્મનિષ્ઠ શુકદેવજી કે મુનિવર નારદજી, શ્રીમદ્ શંકરાચાર્ય કે શ્રીમદ્ રામાનુજાચાર્ય, ભક્ત મીરાબાઈ કે ભક્ત નરસિંહ મહેતા, સંત તુલસીદાસજી કે સંત કબીરજી, સંત રોહિદાસ કે સંત તિરુવલ્લુવર, સંત જ્ઞાનેશ્વર કે સંત એકનાથ, શ્રી રમણ મહર્ષિ કે શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદો કે શ્રી માતાજી આ સંતોભક્તો એ કંડારેલા માર્ગથી જ આપણે શાંતિ પામ્યા છીએ અને તેમનાથી જ આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે.

મહાન તત્વચિંતક ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનને કહ્યું છે કે, આજે આપણે સમાજમાં સુખ શાંતિપૂર્વક જીવીએ છીએ, એનું કારણ વૈજ્ઞાનિક આવિષ્કારો નથી, પરંતુ એવા સંતો જ છે. જેઓ આપણી વચ્ચે વિચરે છે.

વિદેશમાં જૈનધર્મનો પ્રચાર-પ્રસાર કરવામાં જેમનો સિંહફાળો છે તેવા જૈનાચાર્ય, મુનિ સુશીલકુમારજીએ આજના સંદર્ભમાં કહ્યું છે કે, બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતોએ અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને

દોરે. જે કૌટુંબિક, આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય સ્તરે પુષ્ટિ આપે. ભગવાનની કૃપાથી એવા મહાપુરુષ આપણને મળ્યા છે. એમનું નામ છે પ્રમુખસ્વામી. આધ્યાત્મિક પુરુષ પ્રમુખસ્વામીને અનુસરો તો માર્ગ મળશે.

માર્ગ કયો ? મહાપુરુષો, ભક્તો, સંતો જે માર્ગે ચાલ્યા તેજ માર્ગ - આજના યુગમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જે માર્ગે ચાલ્યા તે માર્ગ - આ સંતમાર્ગ છે, આ જ પ્રમુખમાર્ગ છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો છે આ પવિત્ર પર્વે આ લેખમાળા દ્વારા પ્રમુખ માર્ગે પગલાં પાડી જીવન સાર્થક કરીએ.

**- સાધુ નારાયણમુનિદાસ**

# ગુજરાત રાજ્યમાં વિરોધ પ્રદર્શન કરવું હવે મુશ્કેલ બનશે, ફોજદારી ગુનો નોંધાઈ શકે

## હવે સરકાર વિરુદ્ધ પ્રદર્શનમાં પોલીસ પોતે જ ફરિયાદી બની શકશે

**અમદાવાદ**

ગુજરાતમાં હવે કલમ 144નું ઉલ્લંઘન કરી દેખાવ કરનાર સામે ગુનો નોંધાશે. વાત જાણે એમ છે કે, ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર બિલ ને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે. મહત્વનું છે કે, આ બિલ માર્ચ- 2021માં ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયુ હતુ. જોકે હવે આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળી જતાં પોલીસ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ IPC સેક્શન 188 હેઠળ કાર્યવાહી હાથ ધરી શકે છે.

ગુજરાતમાં હવે વિરોધ પ્રદર્શન કરવું ભારે પડી શકે છે કારણકે ગુજરાતમાં હવે કલમ 144નું ઉલ્લંઘન કરનાર સામે ગુનો નોંધાશે. ગુજરાત વિધાનસભામાં આ બિલ રજુ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ આ બિલ રાષ્ટ્રપતિન પાસે ગયુ હતું જેના પર આજે મોહર લાગી ગઈ હતી. ગુજરાત વિધાનસભામા આ બિલ વર્ષ 2021ના માર્ચમાં રજૂ કરવામાં આવ્યુ હતું. આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળી જતા હવે પોલીસ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ આઈપીસી ધારા 188 હેઠળ કાયદેસરની કાર્યવાહી કરશે. હવે ગુજરાત પોલીસ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી શકશે. સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે રાજ્યમાં CRPCની કલમ 144નો ભંગ કરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવાના બિલને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી છે. રાષ્ટ્રપતિ પાસેથી આ બિલ પાસ થતા પોલીસ પ્રદર્શનકારી સામે પગલા લેશે તો કોર્ટ અવમાનનાનો કેસ નહીં નોંધી શકે તેમજ આ સાથે હવે સરકાર વિરોધી પ્રદર્શનમાં પોલીસ પોતે જ ફરિયાદી બની શકશે.

# રસીની બુમરાણ વચ્ચે ગુજરાતમાં 28 લાખ કોરોના રસીના ડોઝ બગડી ગયા

**અમદાવાદ**

ગુજરાતમાં કોરોનાની વેક્સિન માટે લોકો પડાપડી કરી રહ્યાં છે. રાજ્યમાં રસીના સ્ટોક માટે સરકાર કેન્દ્ર સરકાર પાસે વિનંતીઓ કરી રહી છે ત્યારે મોટો ખુલાસો થયો છે કે કોરોનાની રસીના ૨૨.૨૮ લાખ ડોઝ બગડી ગયા છે. ગુજરાત આરોગ્ય વિભાગ કેટલી હદે બેદરકાર રહ્યું છે તે વાત ખુલ્લી પડી છે. કોરોનાકાળમાં દરેક વ્યક્તિને રસી મળે તે માટે કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ રહી હતી. આ તરફ ગુજરાત આરોગ્ય વિભાગની બેકાળજીને લીધે કોરોનાની રસીના ૨૨,૨૮,૪૩૫ ડોઝ બગડી ગયા હતા. અમદાવાદ શહેરમાં આજે પણ રોજ બે-ત્રણ કેસ કોરોનાના બનતા જ રહ્યા છે પરંતુ કોરોનાવિરોધી રસીનો કોઈ સ્ટોક જ ન હોવાથી મ્યુનિ. કોર્પોરેશનના અર્બન હેલ્થ સેન્ટર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં શકશે. આખરે એવા બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે કે, કૃપા કરીને કોરોના વિરોધી રસી લેવા માટે અહીં પધારશો. નહીં, રસી મળવાની હાલ કોઈ શક્યતા નથી. કર્ણાટક, બિહાર, મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ અને પંજાબ કરતાં કોરોના રસીનો સૌથી વધારે બગાડ ગુજરાતમાં થયો છે. રસી સચાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં રસીનો બગાડ થયો છે.

# ટ્રાફિકના નિયમો તોડી ઈ-મેમો મેળવવામાં અમદાવાદ અવ્વલ!

**અમદાવાદ**

ટ્રાફિકના નિયમોની ઐસીતૈસી કરવામાં ગુજરાતીઓ કંઈ બાકી નથી મુકતા. સિંગલ જોયા વિના વાહન દોડાવી દેવું એ તો જાણે હવે સ્વભાવ બની ગયો છે. જેને કારણે માત્ર એક જ દિવસમાં રેડલાઈટ વાયોલેશનના અસંખ્ય કેસ બનતા હોય છે. આ અંગે એક આરટીઆઈ રિપોર્ટમાં સામે આવ્યું છેકે, સપ્ટેમ્બર-2021થી ઓગસ્ટ 2022ના સમયગાળામાં રાજ્યમાં કુલ રૂપિયા 92,21,94,224 ના મેમાં ઈશ્યૂ કરવામાં આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છેકે, આપણે આપણી ટ્રાફિક સેન્સ સુધારવાની જરૂર છે. ગુજરાત રાજ્યના 33 જિલ્લાની 36 જેટલી RTO અને ARTO કચેરી ધ્વારા રૂપિયા 92.21 કરોડનો ઈ-ચલણ મેમાં રાજ્યની જનતાને ફટકારવામાં આવ્યા છે. RTI- માહિતી અધિનિયમ 2005 હેઠળ માંગવામાં આવેલી માહિતીમાં રાજ્યની વાહન વ્યવહાર કચેરી ધ્વારા માહિતી આપવામાં આવી છેકે રાજ્યમાં સપ્ટેમ્બર-2021થી ઓગસ્ટ 2022ના સમયગાળામાં રાજ્યમાં કુલ રૂપિયા 92,21,94,224 ના મેમાં ઈશ્યૂ કરવામાં આવ્યા છે. રાજ્યની વાહન વ્યવહાર કમિશનર કચેરીમાં એક માહિતી અધિનિયમ 2005 હેઠળ એક RTI અરજી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં પરાજય થવાના કારણો શોધવા કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા સત્ય શોધક કમિટીની રચના

## એક સપ્તાહમાં આ સમિતી કોંગ્રેસ પ્રમુખને રિપોર્ટ સોંપશેઃ ગુજરાત કોંગ્રેસમાં ધરમુળથી ફેરફારની શક્યતા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે આ વખતે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. ભાજપે આ વખતે 157 બેઠકો જીતીને એક નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. ત્યારે કોંગ્રેસનો આ વખતનો પરાજય સૌથી ખરાબ પરાજય ગણાયો છે. જે કોંગ્રેસ છેલ્લા 27 વર્ષથી 50થી વધુ બેઠકો પર જીત મેળવતી હતી. તે કોંગ્રેસ 2017માં 80 બેઠકો સુધી પહોંચી ગઈ હતી. પરંતુ આ વખતે કોંગ્રેસની માત્ર 17 બેઠકો આવતાં જ હાઈકમાન્ડ ખૂબજ નારાજ થયો છે. આ વખતના પરિણામોને લઈને કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે. આ માટે કોંગ્રેસે 3 સભ્યોની સત્ય શોધક સમિતીનું ગઠન કર્યું છે. તે ઉપરાંત આ કમિટી ચૂંટણીના પરિણામોના કારણોની સાતત્યતા પણ ચકાસશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લાર્જુન ખડગેએ ગુજરાતના પરાજય બાદ સત્ય શોધક કમિટીની રચના કરી છે. જેમાં ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીના ચેરમેન તરીકે નીતિન રાઉત, ડો. શકિલ અહેમદ ખાન તથા સપ્તગિરી શંકર ઉલાકાની સભ્ય તરીકે નિમણુંક કરાઈ છે. આ કમિટી કોંગ્રેસ પ્રમુખને ગુજરાતની હારના કારણો અને પરિણામો અંગેનો રીપોર્ટ એક સપ્તાહમાં સોંપશે. ત્યાર બાદ કોંગ્રેસનો હાઈકમાન્ડ ગુજરાતમાં સંગઠનમાં મોટો ફેરફાર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ગુજરાતના યાત્રાધામો ઉપર વરસી સરકાર, 334 કરોડ રૂપિયા ખર્ચશે

**ગાંધીનગર**

રાજ્યના પવિત્ર યાત્રાધામોના વિકાસ માસ્ટર પ્લાનની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને હાથ ધરી હતી. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આયોજિત આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના 8 પવિત્ર યાત્રાધામ, 28 અન્ય મહત્વના યાત્રાધામો અને 358 જેટલા સરકાર હસ્તકના દેવસ્થાનકોના વિવિધ વિકાસ કામોની પ્રગતિ તથા ભાવિ આયોજન અંગેની તલસ્પર્શી માહિતી મેળવી હતી.

પ્રવાસન-યાત્રાધામ સિચવ હારિત શુકલા અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રાવલે વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા મુખ્યમંત્રીશ્રીને યાત્રાધામ વિકાસ બોર્ડની ગતિવિધિઓથી અવગત કર્યા હતા. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન આ બેઠકમાં સહભાગી થયા હતાં. રાજ્યના 64 યાત્રાધામોમાં રૂ. 334 કરોડના વિકાસ પ્રોજેક્ટસ મંજૂર કરવામાં આવેલા છે તે પૈકી ૨૬ કામો રૂ. 152.55 કરોડના ખર્ચે પ્રગતિમાં છે તેમજ 38 કામો માટે મળેલી મંજૂરી અન્વયે રૂ. 177.80 કરોડના કામો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

# ગુજરાત સહિત દેશની અનેક હેરિટેજ લાઈનો પર દોડતી દેખાશે હાઈડ્રોજન ટ્રેન

**સુરત**

ગુજરાતમાં દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેન દોડવા જઈ રહી છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં બિલિમોરા-વઘઈ રૂટ પર હાઈડ્રોજન ટ્રેન દોડશે. ટૂંક સમયમાં દેશની પાંચ હેરિટેજ લાઈનો પર હાઈડ્રોજન ટ્રેન દોડતી દેખાશે.

રેલવે મંત્રી અશ્વિની વેષ્ણવે જાહેરાત કરી હતી અને દેશમાં ટુંક સમયમાં હાઈડ્રોજન ટ્રેન દોડતી દેખાવવાની વાત કરી હતી.

# ગુજરાતમાં એક મહિનામાં ચાઈનીઝ દોરીથી આઠ લોકોના ગળા કપાયા

**અમદાવાદ**

આજે ગુજરાત હાઈકોર્ટે કડક થઈને સરકારને કહ્યું છે કે, રાજ્યમાં ઘાતક દોરીથી થતાં લોકોના મોત નહીં ચલાવી લેવાય. હાઈકોર્ટે આ માટે બે દિવસમાં સરકાર પાસે જવાબ માંગ્યો છે. ત્યારે રાજ્યમાં છેલ્લા એક મહિનામાં ચાઈનીઝ દોરીથી આઠ લોકોના ગળા કપાયા છે અને ત્રણ લોકો મોતને ભેટ્યાં છે.

સુરતના કામરેજમાં દોરી વાગવાને કારણે યુવકનું ગળું કપાયું હતું અને તે મોતને ભેટ્યો હતો. ત્યાર બાદ વડોદરામાં એક વ્યક્તિ દોરી વાગવાને કારણે મોતને ભેટ્યો છે. રણોલીમાં રહેતા યુવકનું ચાઈનીઝ દોરીથી ગળું કપાતા મૃત્યુ પામ્યો છે. સમા કેનાલ રોડ પર યુવક બાઈક પર જતો હતો તે સમયે આ ઘટના બની હતી. વિશાલ ઠાકોર નામના યુવાનનું ચાઈનીઝ દોરીથી ગળું કપાઈ જતાં મોત થયું છે. બે દિવસ પહેલા પણ નવાપુરામાં ચાઈનીઝ દોરીના કારણે હોકી પ્લેયરનું મોત નિપજ્યું હતું. 13 ડિસેમ્બરથી લઈને 3 જાન્યુઆરી સુધીમાં આઠ લોકોના ચાઈનીઝ દોરીથી ગળા કપાયા છે. જેમાં પાંચ લોકોને ઈજા પહોંચી છે અને ત્રણ લોકોના મોત થયાં છે.

# AAPના સંગઠનમાં ફેરફાર, ઈસુદાન ગઢવી હવે પ્રદેશ પ્રમુખ

**અમદાવાદ**

ગુજરાતમાં આમ આદમી પાર્ટીમાં મોટો બદલાવ થયો છે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાને હવે પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી અને મહારાષ્ટ્રના પ્રભારી બનાવવામાં આવ્યાં છે. જ્યારે અગાઉ પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રહેલા ઈસુદાન ગઢવી હવે આમ આદમી પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.

તે ઉપરાંત અલ્પેશ કથીરિયાની સ્ટેટ વર્કિંગ પ્રેસિડેન્ટ તરીકે દક્ષિણ ઝોનની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત ડેડિયાપાડાના ચાતર વસાવાને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સંગઠનને મજબૂત બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# કમુરતા બાદ ભૂપેન્દ્ર પટેલ સરકારનું થઈ શકે વિસ્તરણ

**ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના મંત્રી મંડળનું વિસ્તરણ કરી શકે છે. મળતી માહિતી મુજબ રાજ્યમાં 5 નવા મંત્રીઓને સમાવવા માટે ફરી કવાયત શરૂ કરાઈ છે. હાલના 17ના મંત્રી મંડળમાં સરકાર 2 કેબિનેટ અને 3 રાજ્ય કક્ષાના મંત્રીઓનો સમાવેશ કરી શકે છે. હાલમાં રાજ્યના ઘણા જિલ્લાઓને સરકારમાં પ્રતિનિધીત્વ મળ્યું નથી. આ વિસ્તરણમાં આ પૂર્તિ કરી લેવાશે. રાજ્યમં મંત્રી બનવા માટે ભાજપના નેતાઓ હાલમાં તલપાપડ છે. જેઓ દિલ્હી સુધી એડીચૌટીનું જોર લગાવી રહ્યાં છે. હાલમાં નાના મંત્રી મંડળના કારણે ભાજપના નેતાઓમાં ભારે અસંતોષ છે. હાલની સરકારમાં 19 જિલ્લાને પ્રતિનિધિત્વ મળ્યું છે. હજુ 14 જિલ્લા બાકાત છે.

# મચ્છરજન્ય રોગચાળો, અમદાવાદમાં એક વર્ષમા ડેન્ગ્યૂના ૨૫૩૮ કેસ, 3 મોત

**અમદાવાદ**

અમદાવાદમા ૨૦૨૨માં મચ્છરજન્ય રોગચાળો વકર્યો હતો. ડેન્ગ્યૂના કુલ ૨૫૩૮ કેસ નોંધાવાની સાથે ડેન્ગ્યૂથી ત્રણ દર્દીના મોત નિપજયા હતા. છેલ્લા ત્રણ મહિનામા ઓરીના ૬૦૦ કેસ જયારે વર્ષ-૨૦૨૨મા ઓરીના કુલ ૭૪૩ કેસ નોંધાયા હતા.કોરોનાના શહેરમા હાલમા કુલ દસ એકિટવ કેસ છે. કોવિશિલ્ડ વેકિસન આવતા હજુ એક સપ્તાહ જેટલો સમય લાગશે. વર્ષ-૨૦૨૨મા શહેરમા મેલેરિયાના કુલ ૧૨૭૩, ઝેરી મેલેરિયાના ૧૭૯ જયારે ડેન્ગ્યૂના ૨૫૩૮ કેસ નોંધાયા હતા.દક્ષિણ ઝોનમા ડેન્ગ્યૂના વર્ષ દરમિયાન ૫૧૫,પૂર્વઝોનમા ૫૭૧ ઉપરાંત પશ્ચિમ ઝોનમા ૪૦૦થી વધુ કેસ નોંધાયા હતા.

# BJPના 4 નાયબ દંડકને સોંપાઈ ઝોન વાઈઝ મોટી જવાબદારી

**ગાંધીનગર**

વિધાનસભામાં એક મુખ્ય દંડક અને 4 નાયબ દંડકની નિમણૂક કરાઈ છે. ભાજપના 4 નાયબ દંડકને ઝોન વાઈઝ મોટી જવાબદારી સોંપાઈ છે. જેમાં કૌશિક વેકરીયાને સૌરાષ્ટ્ર, વિજય પટેલને દક્ષિણ, રમણ સોલંકીને મધ્ય અને જગદીશ મકવાણાને ઉત્તર ઝોનની જવાબદારી સોંપાઈ છે. જેમાં વડોદરાના બાલકૃષ્ણ શુક્લની મુખ્ય દંડક તરીકે નિમણૂક કરાઈ છે. આ સિવાય ડાંગના વિજય પટેલ, બોરસદના રમણ સોલંકી, અમરેલીના કૌશિક વેકરિયા અને વઢવાણના ધારાસભ્ય જગદીશ મકવાણાની નાયબ મુખ્ય દંડક તરીકે નિમણૂક કરાઈ છે.

# દેશમાં ફરી ઠંડીનુ મોજું : દ્રાસમાં -25 ડિગ્રી ચુરુમાં તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચ્યું

## જમ્મુ, કટરા, અમૃતસરમાં પણ ભારે ઠંડી, ઉ.પ્રદેશ, પંજાબ, હરિયાણામા રેડ એલર્ટ

**લદાખ**

રાજધાની દિલ્હીમાં ફરી એકવાર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. આ સાથે બુધવારનો દિવસ સીઝનની સૌથી ઠંડી સવાર હતી. ધ્રૂજતી સવારની સાથે દિવસ દરમિયાન અનેક સ્થળોએ ભારે ઠંડી રહી હતી. બુધવારે રિજનું લઘુત્તમ તાપમાન માત્ર ૩.૩ ડિગ્રીએ પહોંચ્યું હતું. હવામાન વિભાગે રિજમાં કોલ્ડવેવ સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવે આગામી 5 થી 7 જાન્યુઆરી સુધીના ત્રણ દિવસ સુધી રાજધાનીના કેટલાક વિસ્તારોમાં શીત લહેરનો પ્રકોપ ચાલુ રહી શકે છે. આ દરમિયાન લઘુત્તમ તાપમાન 4 ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે. શીત લહેર સાથે ધુમ્મસ પણ પરેશાન કરશે. હવામાન વિભાગે 5 થી 7 જાન્યુઆરી વચ્ચે ધુમ્મસ અને કોલ્ડવેવ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.



તો દહેરાદૂન, જમ્મુ, કટરા, અમૃતસરમાં પણ ભારે ઠંડી છે. ઉ.પ્રદેશ, પંજાબ, હરિયાણામા રેડ એલર્ટ તો રાજસ્થાનના ચુરુમાં તાપમાનનો પારો શૂન્યની નીચે છે. દ્રાસમાં તાપમાન માઈનસ 25 ડિગ્રીએ પહોંચી ગયું છે.

# જૈનોની જીત, સમ્મેદ શિખરજી તીર્થ સ્થળ જ રહેશે: કેન્દ્રનું નોટિફિકેશન

**રાંચી**

ઝારખંડમાં શ્રી સમ્મેદ શિખર તીર્થસ્થળ જ રહેશે. કેન્દ્ર સરકારે પોતાના અધિકારોનો ઉપયોગ કરીને નોટિફિકેશન જારી કર્યું છે. મધ્યપ્રદેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) મંત્રી ઓ.પી. સકલેચાએ કહ્યું કે, CM શિવરાજ સિંહે અગાઉથી જ આ મુદ્દે PM નરેન્દ્ર મોદી સાથે વાત કરી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિર્દેશ પર હવે શ્રી સમ્મેદ શિખર તીર્થસ્થળ જ રહેશે, આ સ્થળમાં કોઈ ફેરફાર નહીં કરાય. તેમણે વધુમાં કહ્યું કે, આ તીર્થસ્થળમાં કોઈપણ બાંધકામ કાર્ય નહીં થાય અને સ્થળની પવિત્રતા જાળવી રાખવા માટે અહીં હોટલ, ટ્રેકિંગ અને નોન-વેજ પર પ્રતિબંધ રહેશે.

મંત્રી ઓ.પી.સકલેચાએ કહ્યું કે, સમ્મેદ શિખર માત્ર જૈન સમાજ માટે જ નહીં, પરંતુ આખા દેશ માટે પવિત્ર સ્થાન છે. તેમણે કહ્યું કે, 'એવું નક્કી કરાયું છે કે એક બોર્ડની રચના કરાશે, જેમાં બે લોકો જૈન સમાજ, સ્થાનિક પ્રતિનિધિ અને સરકારના પ્રતિનિધિ હશે. જે પણ નિર્ણય કરવાનો હશે તે બોર્ડ દ્વારા કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, આ સ્થળ યાત્રાધામ જ રહેશે, પ્રવાસન સ્થળનો દરજ્જો પાછો ખેંચી લેવાયો છે.

# પટનામાં પરીક્ષા રદ કરાવવા માટે પ્રદર્શન કરનારા ઉપર લાઠીચાર્જ

**પટના**

ગત મહિનામાં યોજાયેલી બિહાર સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષામાં પેપર લીકની ફરિયાદને લઈને આજે પટનામાં વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પરીક્ષાની પ્રથમ શિફ્ટનું પેપર લીક થયા બાદ આ કેસમાં ધરપકડ પણ થઈ હતી. આ પરીક્ષા રદ કરવાની માંગ ઉઠી રહી હતી. આજે આ પરીક્ષા રદ કરવાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

પરીક્ષાના ઉમેદવારોએ પટના કોલેજના ગેટથી પ્રદર્શન શરૂ કર્યું હતું. વિદ્યાર્થીઓનું કહેવું છે કે BSSC-CGL-3 સચિવાલય સહાયકની તમામ શિફ્ટ પરીક્ષાઓ રદ્દ કરવી જોઈએ. વિદ્યાર્થીઓનું આંદોલન પટના કોલેજથી શરૂ થયુ હતું અને ગાંધી ચોક, મુસલ્લાપુર હાટ, ભીખાના પહાડી, નયા ટોલા, હથુઆ માર્કેટ, ગાંધી મેદાન, જેપી ગોલામ્બર અને ડાક બંગલા ચોકડી સુધી પ્રદર્શન થયુ હતું. આ દરમિયાન પોલીસે દેખાવકારોને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ પણ કર્યો હતો. પટનામાં BSSCની પરીક્ષાની પ્રથમ શિફ્ટમાં પરીક્ષા શરૂ થયા પહેલા જ પેપર લીકની માહિતી સામે આવી હતી. આ અંગે ધરપકડ પણ કરવામાં આવી હતી.

# રાજસ્થાનમાં કોરોનાના ખતરનાર વેરિઅન્ટની દસ્તક, અમેરિકાથી આવેલો વ્યક્તિ સંક્રમિત

## કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના સબવેરિઅન્ટ XBB.1.5એ રાજસ્થાનની ચિંતા વધારી

**જયપુર**

ભારતમાં ફરી એકવાર કોરોના વાયરસનો ખતરો જોવા મળી રહ્યો છે. દેશમાં કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના સબવેરિઅન્ટ XBB.1.5એ તમામ લોકોની ચિંતા વધારી દીધી છે. આ વેરિઅન્ટના ભારતમાં ઘણા કેસો સામે આવ્યા છે. રાજસ્થાનમાં પણ એક વ્યક્તિ ઓમિક્રોન વેરિઅન્ટના સબવેરિઅન્ટ XBB.1.5થી સંક્રમિત થયો છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, XBB.1.5




કોરોના વાયરસના અન્ય વેરિઅન્ટ કરતા ઝડપથી ફેલાય છે. જે લોકોએ રસીનો ડોઝ લઈ લીધો છે, તે લોકોને પણ આ વેરિઅન્ટથી સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવે છે. રાજસ્થાનમાં જયપુરનો એક વ્યક્તિ XBB.1.5થી સંક્રમિત થયો છે. માહિતી મુજબ આ વ્યક્તિ 19 ડિસેમ્બરે અમેરિકાથી જયપુર આવ્યો હતો. આ વ્યક્તિને 22 ડિસેમ્બરે તાવ આવ્યો હતો. આ વ્યક્તિએ 23 ડિસેમ્બરે તપાસ કરાવતા તે કોરોના સંક્રમિત હોવાનું સામે આવતા આ વ્યક્તિના સેમ્પલ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવ્યા, ત્યારબાદ 4 જાન્યુઆરીએ આ વ્યક્તિના XBB.1.5 સંક્રમિત થયો હોવાની પુષ્ટિ થઈ છે.

# રાજોરીમાં હત્યાકાંડ બાદ બે હજાર જવાનો તૈનાત કરાયા, આતંકઓની શોધખોળ જારી

## કુપવાડામાં ત્રણ મેડ ઇન ચાઇના ગ્રેનેડ, ત્રણ પિસ્તોલ, અન્ય હથિયારો, વિસ્ફટકો જપ્ત

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના રાજોરીમાં આતંકીઓએ ખુલ્લેઆમ ગોળીબાર કર્યો અને વિસ્ફોટ કર્યો હતો, જેમાં છ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ રાજોરી અને પૂંચમાં સીઆરપીએફએ વધુ બે હજાર જવાનોને તૈયાન કર્યા છે. અને આતંકીઓની શોધખોળ માટે પોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. મોટી સંખ્યામાં લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. એવામાં સુરક્ષા વ્યવસ્થાના પગલા વધારવામાં આવ્યા છે. જ્યારે જમ્મુ કાશ્મીરના કુપવાડામાં એલઓસી પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કરાયા છે. જેમાં ત્રણ પિસ્તોલ, ૨૨ પિસ્તોલ રાઉન્ડ,



ત્રણ મેડ ઇન ચાઇના ગ્રેનેડ્સ મળી આવ્યા છે. આ હથિયારો અને ગ્રેનેડ અહીંના કર્નાહ વિસ્તારમાં રહેતા શમીમ અહેમદ શેખના ઘરમાંથી મળી આવ્યા છે. જેની હાલ સૈન્ય અનેપોલીસ દ્વારા પૂછપરછ ચાલી રહી છે.

# નવી દિલ્હીના ઈઝરાયલી દૂતાવાસમાં હે.કોન્સ્ટેબલનો ગોળી મારી આપઘાત

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હી સ્થિત ઈઝરાયલી દૂતાવાસમાં તૈનાત એક હેડ કોન્સ્ટેબલે આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાની જાણકારી બુધવારે મળી હતી. દૂતાવાસમાં તૈનાત હેડ કોન્સ્ટેબલે ખુદને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાની જાણ થતા જ સનસનાટી ફેલાઈ ગઈ છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. ઘટનાની પુષ્ટિ કરતા દિલ્હી પોલીસે જણાવ્યુ કે, દિલ્હીના વસંત વિહાર વિસ્તારમાં સ્થિત ઈઝરાયેલી દૂતાવાસના આવાસીય કમ્પલેક્સમાં તૈનાત એક હેડ કોન્સ્ટેબલે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી છે. ઘટનાની તપાસ ચાલું છે. આત્મહત્યાનું કારણ શું છે તેના વિશે હજુ કોઈ જાણકારી સામે નથી આવી. રાજધાનીમાં સ્થિત કોઈપણ દેશની એમ્બેસી સૌથી સુરક્ષિત વિસ્તારમાં આવે છે. અહીં બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં આ વીવીઆઈપી વિસ્તારમાં હેડ કોન્સ્ટેબલની આત્મહત્યાથી સવાલો ઉભા થઈ રહ્યા છે. અહીં ઘટનાની તપાસમાં લાગેલી દિલ્હી પોલીસની ટીમે પ્રાથમિક તપાસ બાદ આત્મહત્યા માટે પારિવારિક કારણ જણાવ્યું છે.

# સરકારનો મોટો નિર્ણય: વર્ષ 1996થી ફરાર એજાઝ અહમદ અહંગર આતંકી જાહેર કર્યો

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બુધવારે એક મોટી ઘોષણા કરી હતી. આ અંતર્ગત મંત્રાલયે કાશ્મીર મૂળના એજાઝ અહમદ અહંગર ઉર્ફે અબુ ઉસ્માન અલ-કાશ્મીરીને આતંકવાદી જાહેર કર્યો છે. આ ભયંકર આતંકવાદી અલ-કાયદા સાથે સંબંધ ધરાવે છે અને અન્ય વૈશ્વિક આતંકવાદી જૂથો સાથે સંપર્કમાં છે. તે ભારતમાં ઈસ્લામિક સ્ટેટ (IS)ને ફરી શરૂ કરવાનું કામ કરી રહ્યો છે. એજાઝ અહમદ અહંગર હાલમાં અફઘાનિસ્તાનમાં સ્થાયી થયો છે અને તે ઈસ્લામિક સ્ટેટ જમ્મુ અને કાશ્મીર માટે આતંકવાદીઓની ભરતી કરનારાઓમાં મુખ્ય કર્તાહર્તા છે.

# ગૂગલને આંચકો: 1337 કરોડના દંડ પર સ્ટે મૂકવાનો NCLAT નો ઇનકાર

## સીસીઆઇએ ફટકારેલા દંડની દસ ટકા જમા કરાવવાનો આદેશ

**નવી દિલ્હી**

ગૂગલને આંચકો આપતા નેશનલ કંપની લો એપિલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)એ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) દ્વારા ફટકારવામાં આવેલા રૂ. ૧૩૩૭ કરોડ રૂપિયાના દંડ પર વચગાળાનો સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે અને અમેરિકાની ટેકનોલોજી કંપનીને દંડની ટકા રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. સીસીઆઈએ ભારતમાં એન્ડ્રોઇડ સ્માર્ટફોન ઓપરેટિંગ સિસ્ટમના બજારમાં પોતાની ઈજારાશાહીનો દુરૂપયોગ કરવા બદલ ફટકાર્યો હતો. ગુગલે સીસીઆઇના આ આદેશને એનસીએલએટીમાં પડકાર્યો હતો. ગયા વર્ષે ઓક્ટોબરમાં સીસીઆઈએ ગુગલને આદેશ આપ્યો હતો કે તે સ્માર્ટફોન વપરાશકારોને એન્ડ્રોઇડ પ્લેટફોર્મ પર એપ્સ ડિલિટ કરવાની મંજૂરી આપે અને તો પોતાની પસંદગી મુજબ સર્ચ એન્જિનની પસંદગી કરવાની પરવાનગી આપે. ૧૯ જાન્યુઆરીથી આ ઓર્ડર અમલમાં મૂકવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

# ઉત્તરાખંડના પૂર્વ મુખ્યપ્રધાન રાવત વિરુદ્ધની સીબીઆઇ તપાસનો આદેશ રદ કરાયો

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે આજે ઉત્તરાખંડ હાઈકોર્ટના એ આદેશને ફગાવી દીધો છે જેમાં હાઈકોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઇ)ને પૂર્વ મુખ્યપ્રધાન ત્રિવેન્દ્ર સિંહ રાવત વિરુદ્ધના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૨૭ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ હાઈકોર્ટે ભાજપ નેતા વિરુદ્ધના આરોપોની સીબીઆઇ તપાસનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે પત્રકારો ઉમેશ શર્મા અને શિવ પ્રસાદ સેમવાલ વિરુદ્ધની એફઆઈઆર પણ રદ કરી હતી. સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે કે બે પત્રકારો પોતાની વિરુદ્ધની એફઆઈઆર રદ કરાવવા માટે હાઈકોર્ટ ગયા હતાં.

# USની 'ડ્રોન' મેન્યુફેક્ચરિંગ કંપની ભારતની કંપની સાથે હવે 'ડ્રોન' વિમાનો બનાવશે

## GA- ASI ભારત- ફોર્જની સાથે મળી વિમાનો બનાવતા અન્ય ઉધોગોને પ્રોત્સાહન મળશે

**નવી દિલ્હી**

અમેરિકાની જનરલ એટમિક્સ કંપનીની પેટા કંપની 'જનરલ એટમિક્સ એરોનેટિક સીસ્ટીમ ઈન્ડસ્ટ્રીઝ' (GA-ASI) સાથે, ભારતની 'ભારત ફોર્જ લિમિટેડે ભાગીદારી સાધી છે અને બંને કંપનીઓએ સાથે મળી મોટા ભારતીય ડ્રોન વિમાનો ભારતમાં જ બનાવવા કરારો કર્યા છે.' આ જીએ-એએસઆઈ કંપનીનું મુખ્ય મથક અમેરિકાના સાન-ડીગોમાં આવેલું છે તે ભારતમાં જ ભારત ફોર્જની સાથે મળી મોટા કદના ડ્રોન વિમાનો બનાવવાની છે.

આ કંપનીની માતૃ કંપની જનરલ એટમિક્સ ગ્લોબલ કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટીવ વિવેક બાલે કહ્યું હતું કે, જીએ- એએસઆઈ ભારત ફોર્જ સાથે ઉત્પાદન કરવા આતુર છે. તેઓ કહે છે કે ભારત ફોર્જને અતિ સૂક્ષ્મ પ્રકારની




સલામતી માટેના ઉપયોગી સ્પેર-પાર્ટસ બનાવવાનો પચાસ વર્ષનો અનુભવ છે તેથી તે અમેરિકાની જીએ એએશઆઈને ડ્રોન વીમાનોની સંરચના તે માટે જરૂરી ઈજનેરી ક્ષમતા, ઉત્પાદન પછી અનિવાર્ય બની રહેલી પરીક્ષણ માટેની ક્ષમતા તેમજ પરીક્ષણ પછી તેની યોગ્યતા સિદ્ધ કરવા માટેની વ્યવસ્થા તે બધું જ ભારત ફોર્જ ધરાવે છે.

# નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી અપાઈ

## ભારત ગ્રીન હાઇડ્રોજનનું વૈશ્વિક હબ બનશે: ઠાકુર

**નવી દિલ્હી**

PM મોદીના નેતૃત્વમાં આજે બુધવાર 4 જાન્યુઆરીના રોજ મળેલી કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સાથે તેમણે માહિતી આપી હતી કે ભારત ગ્રીન હાઈડ્રોજનનું વૈશ્વિક હબ બનશે. દર વર્ષે 50 લાખ ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આજે માહિતી આપતાં જણાવ્યું હતું કે PM



મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આજે કેન્દ્રીય કેબિનેટે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરી આપી છે. ભારત ગ્રીન હાઈડ્રોજનનું વૈશ્વિક હબ બનશે. વાર્ષિક 50 લાખ ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે.

# ત્રિપુરાના પૂર્વ CMના ઘર પર હુમલો CPM કાર્યકર્તા પર આરોપ લગાવ્યો

**અગરતલા**

ત્રિપુરાના ગોમતી જિલ્લાના ઉદયપુર ખાતે ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના રાજ્યસભા સાંસદ બિપ્લબ કુમાર દેબના પૈતૃક ઘરની બહાર મંગળવારે મોડી રાત્રે અજાણ્યા ટોળાએ હુમલો કર્યો હતો. ટોળાએ પૂજારીઓને પણ નિશાન બનાવ્યા હતા. હુમલાખોરોએ આ દરમિયાન વાહનોમાં તોડફોડ પણ કરી હતી.

આ ઘટના ત્યારે બની જ્યારે પૂજારીઓનું એક જૂથ ઉદયપુરના જમજુરી વિસ્તારમાં રાજનગર ખાતે દેબના ઘરે પહોંચ્યું હતું. બુધવારે તેમના પિતાની પુણ્યતિથિ નિમિત્તે



પૂજારી દેબના ઘરે યજ્ઞ કરવા આવ્યા હતા. અહેવાલો પ્રમાણે બદમાશોએ પૂજારીઓ પર હુમલો કર્યો અને વાહનોની તોડફોડ કરી હતી. આજુબાજુના લોકો અને સ્થાનિક લોકોએ પૂજારીને બચાવ્યા બાદ હુમલાખોરો ભાગી ગયા હતા. સીપીએમના કાર્યકરો પર આ ઘટનાને અંજામ આપવાનો આરોપ લગાવ્યો છે.

# ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓના કેમ્પસ ખોલવાની તૈયારીઓ કરાઈ

## યુનિવર્સિટીઓએ ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે કયા નિયમોનું પાલન કરવું તેની માહિતી અપાશે

**નવી દિલ્હી**

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભારતના ઉચ્ચ શિક્ષણને વૈશ્વિક પ્લેટફોર્મ પર લાવવાનું કહેવામાં આવ્યું છે. એનઈપી અનુસાર હવે યુજીસીએ ઉચ્ચ શિક્ષણ માટે ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓના કેમ્પસ ખોલવા માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. આજે યુજીસીના ચેરમેન પ્રો. એમ જગદીશ કુમારે આ માટે તૈયાર કરેલી માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ જાહેર કર્યો હતો. આ માર્ગદર્શિકામાં વિદેશી યુનિવર્સિટીઓએ ભારતમાં તેમના કેમ્પસ સ્થાપવા માટે કયા નિયમોનું પાલન કરવું પડશે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે.

યુજીસીના ચેરમેન પ્રો. એમ. જગદીશ કુમારે જણાવ્યું હતું કે અહીં કેમ્પસ સ્થાપવા માટે સૌ પ્રથમ વિદેશી યુનિવર્સિટીઓએ યુજીસીની મંજૂરી લેવી પડશે. આ મંજૂરી માટે તેઓએ યુજીસીના તમામ નિયત નિયમોનું પાલન કરવું પડશે.

ભારતીય વિદ્યાર્થીઓની સાથે વિદેશી વિદ્યાર્થીઓ પણ તે કેમ્પસમાં અભ્યાસ કરી શકશે, પરંતુ પ્રવેશ નિયમો અંગે તેમણે કહ્યું કે આ માટે તેઓ પોતાની પ્રક્રિયા અપનાવી શકે છે.

આગળ તેમણે કહ્યું કે વિશ્વની ટોચની ૫૦૦ વિદેશી યુનિવર્સિટીઓની રેક્નિંગમાં આવનારી સંસ્થાઓને જ અહીં કેમ્પસ ખોલવાની મંજૂરી આપવામાં આવશે. આ સિવાય કેમ્પસમાં મહિલાઓની સુરક્ષા અને રેગિંગને લઈને રાજ્ય અને યુજીસીની ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

# અયોધ્યા ખાતે ડિસેમ્બર ૨૦૨૩માં જ રામ મંદિરમાં ભગવાનની મૂર્તિનો અભિષેક કરાશે

**અયોધ્યા**

અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કામ ઝડપ ગતિએથી ચાલી રહ્યું છે. દેશના લોકો કામ પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છે. મળતી માહિતી અનુસાર, આ મંદિરનું કામ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઈ જશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં જ ભગવાનની મૂર્તિનો અભિષેક કરવામાં આવશે. શ્રી રામજન્મભૂમિતીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સચિવ



ચંપત રાયે જણાવ્યું કે, અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ઝડપથી ચાલી રહ્યું છે અને આ વર્ષે ડિસેમ્બરમાં ભગવાન રામની મૂર્તિના અભિષેક માટે ગર્ભગૃહ તૈયાર થઈ જશે. એટલું જ નહીં, અયોધ્યામાં ભવ્ય રામ મંદિરને લઈને વધુ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મંદિરમાં ભગવાન રામની એવી મૂર્તિ સ્થાપિત કરવા પર વિચાર થઈ રહ્યો છે, જેને ભક્તો ૩૦ થી ૩૫ ફૂટના અંતરથી સરળતાથી દર્શન કરી શકે. હાલમાં ભગવાન રામ અષ્ટધાતુની લગભગ ૬ ઈંચની મૂર્તિ જોવા મળે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું કે, આ મૂર્તિ ઉપરાંત અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામની મોટી મૂર્તિ પણ સ્થાપિત કરવામાં આવશે, જે ભગવાન રામના બાળ સ્વરૂપની હશે.

# ઓરિસ્સામાં 10 દિવસમાં ત્રીજા રશિયનનું રહસ્યમય મૃત્યુ થયું

## ઓરિસ્સાના પોર્ટથી લાશ મળી, હાર્ટ એટેકથી મૃત્યુની શક્યતા

**ભુવનેશ્વર**

ઓડિશામાં અગાઉ રશિયાના પ્રમુખ પુતિનના ટીકાકાર બે રશિયન નાગરિકોના રહસ્યમય મોત નિપજ્યા હતા. ઓડિશામાં વધુ એક રશિયન નાગરિકનો મૃતદેહ મળી આવ્યો છે. જેને પગલે માત્ર ૧૦ જ દિવસમાં ત્રણ રશિયન નાગરિકોના મોતને કારણે ઓડિશા પોલીસ અને પ્રશાસન દોડતા થઈ ગયા છે. આ મોત હત્યા તો નથી તે એંગલથી પણ તપાસ કરવામાં આવી રહી છે. જહાજના મુખ્ય એન્જિનિયર ૫૦ વર્ષીય રશિયન નાગરિકનો મૃતદેહ મંગળવારે પારાદીપ પોર્ટ પરથી મળી આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે હાર્ટ એટેકને કારણે મોત નિપજ્યું હતું. આ પહેલા રશિયાના પૂર્વ સાંસદનો મૃતદેહ એક હોટેલમાંથી મળી આવ્યો હતો જ્યારે આ પૂર્વ સાંસદના મિત્રનો પણ મૃતદેહ મળી આવ્યો હતો. આમ 3 રશિયન નાગરિકોના મૃતદેહ ઓડિશામાં મળી આવ્યા છે. જેમાંથી બેના મોતનું કારણ હાર્ટ એટેક અને એકનું આત્મહત્યા હોવાનું સામે આવ્યું છે.

# જે. પી. નડ્ડા જ ભાજપના પ્રમુખ તરીકે આગામી 3 વર્ષ સુધી ચાલુ જ રહેશે

**હરિદ્વાર**

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બે દિવસની બેઠક તા. ૧૬- ૧૭ જાન્યુઆરીએ યોજાનારી છે તે દરમિયાન પાર્ટીના વર્તમાન અધ્યક્ષ જયપ્રકાશ નડ્ડાનો કાર્યકાળ વધારવા નિર્ણય લેવાય તેવી પૂરી શક્યતા દેખાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯થી શરૂ કરી હજી સુધી નડ્ડાને નેતૃત્વ નીચે ભાજપે જે પ્રકારે કાર્ય કર્યું હતું અને પાર્ટી જે પ્રકારે તેનો ધ્વજ વિવિધ રાજ્યોમાં ફરકાવવામાં સફળ રહી તે જોતાં અને ૨૦૨૪ની ચૂંટણીને પણ ધ્યાનમાં લેતા નડ્ડાનો કાર્યકાળ ઓછામાં ઓછો ૨૪ સુધી તો લંબાવાશે જ તેમ જાણકાર સૂત્રોનું કહેવું છે.

# દિલ્હી-NCR અને જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપ પાકિસ્તાન સહિત અન્ય દેશોમાં આંચકા

## બિલ્ડીંગમાં રહેતા હજારો લોકો રસ્તા પર દોડી આવ્યા

**નવી દિલ્હી**

આજે દિલ્હી-NCRમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ધરતી ધ્રુજી હોવાના અહેવાલ છે. ત્યાં લોકોએ પણ ભૂકંપના આંચકા અનુભવ્યા છે. આ ભૂકંપની તીવ્રતા રિએક્ટર સ્કેલ પર 5.9 માપવામાં આવી છે. આ ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનનું હિન્દૂ કુશ વિસ્તાર છે. અત્યાર સુધીમાં કોઈ પણ જાનમાલને નુકસાન થયું હોવાના અહેવાલો સાંપડ્યા નથી. જોકે લોકોમાં ડર જોવા મળી રહ્યો છે. અગાઉ પણ દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હી-એનસીઆરમાં અવાર-નવાર ભૂકંપ આવતા હવે આ સંવેદન વિસ્તારોમાં આવે છે. દિલ્હી-એનસીઆરમાં ભુકંપ આવતા જ બિલ્ડીંગ અને ઈમારતોના લોકો રસ્તા પર દોડી આવ્યા હતા. પાકિસ્તાન, ઈસ્લામાબાદ, લાહોર, તજાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે.

# જળસંરક્ષણમાં જનભાગીદારીનો વિચાર લોકોના મનમાં જાગૃત કરવો પડશે : વડાપ્રધાન મોદી

**નવી દિલ્હી**

ભોપાલમાં ૫ જાન્યુઆરીથી 'જલ વિઝન ૨૦૪૭' થીમ પર બે દિવસીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોન્ફરન્સને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે આજે ભારત જળ સુરક્ષામાં અભૂતપૂર્વ કામ કરી રહ્યું છે અને અભૂતપૂર્વ રોકાણ પણ કરી રહ્યું છે. જળ સંરક્ષણ માટેના રાજ્યોના પ્રયાસો રાષ્ટ્રના સામૂહિક લક્ષ્યોને હાંસલ કરવામાં ઘણો આગળ વધશે. પીએમ મોદીએ કહ્યું કે મનરેગા હેઠળ પાણી પર મહત્તમ કામ થવું જોઈએ. જળ સંરક્ષણ માટે જનભાગીદારીનો વિચાર લોકોના મનમાં જાગૃત કરવો પડશે.

# અમેરિકામાં ફરી ગોળીબાર : એક જ ઘરમાંથી 5 બાળકો સહિત 8ના મૃતદેહ મળી આવ્યા

**વોશિંગ્ટન**

ઉત્તર અમેરિકાના ઉટાહ રાજ્યમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઉટાહના એનોકમાં અંધાધૂંધ ગોળીબારના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. ઉત્તર અમેરિકા ફરીવાર ગોળીબારથી હચમચી ઉઠ્યું છે. આ ઘટનામાં એક જ ઘરમાંથી 5 બાળકો સહિત 8 લોકોના મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉટાહના ગ્રામીણ વિસ્તારમાં એક ઘરની અંદરથી આઠ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. મૃતકોમાં ત્રણ વયસ્કો અને પાંચ બાળકોનો સમાવેશ છે.

આ પહેલા અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં મંગળવારે રાત્રે થયેલી ફાયરિંગમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 8 વર્ષના બાળક સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. મેટ્રોપોલિટન પોલીસ વિભાગે જણાવ્યું હતું કે લગભગ 6 વાગ્યે ગોળીબાર દરમિયાન એક વ્યક્તિનું મોત થયું



હતું. આ ઘટના ગઈકાલે બની હતી તેમ સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તમામ મૃતકોના શરીર પર ગોળીઓના નિશાન હતા. પોલીસની ટીમ ઘટનાસ્થળે ઘટના પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે. હાલ આ કેસની તપાસ ચાલી રહી છે. હજુ સુધી પોલીસને હુમલાખોર વિશે કોઈ સુરાગ નથી મળ્યો.

# ચીનમાં કોરોનાનું તાંડવઃ સ્મશાનમાં દરરોજ કરતાં 5 ગણા વધુ મૃતદેહ

**શાંઘાઈ**

ચીનમાં કોરોનાના કેસ વધવાની સાથે ભારત, પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશોમાં પણ સંક્રમણ ફેલાવાનું જોખમ છે. પરંતુ હાલ તો કોરોના વાયરસ ચીનમાં તાંડવ મચાવી રહ્યું છે. ચીનના શાંઘાઈની 70% વસ્તી ચેપગ્રસ્ત છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ શાંઘાઈના એક સ્મશાનગૃહમાં દરરોજ 5 ગણા વધુ મૃતદેહો આવી રહ્યા છે. જેના કારણે પરિવારજનોને શોક કરવા માટે માત્ર 5 થી 10 મિનિટનો સમય મળી રહ્યો છે. તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ બુધવારે ફરી એકવાર કહ્યું કે કોરોનાવાયરસ સંક્રમણ સંબંધિત ચીનના ડેટા ત્યાંની પરિસ્થિતિની સચોટ તસવીર નથી આપી રહ્યું. WHOએ એમ પણ કહ્યું કે ચીન આ રોગને કારણે હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુની સંખ્યાનો ઓછો અહેવાલ આપી રહ્યો છે.

વિશ્વના ઘણા દેશોએ ચીનથી આવતા પ્રવાસીઓ પર નિયંત્રણો લાદ્યા છે. તેમાં મલેશિયા, કતાર, બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, મોરોક્કો, ફ્રાન્સ, યુકે, સ્પેન, યુએસએ, જાપાન, ઇઝરાયેલ, ભારત, ઇટાલી અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. તેના પર ચીન સરકારે આરોપ લગાવ્યો છે કે આ દેશો તેના મુસાફરોને નિશાન બનાવી રહ્યા છે.

# નાણાકીય કટોકટી બાદ હવે પાકિસ્તાનમાં વીજળીનું સંકટ

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનમાં નાણાકીય કટોકટીની સાથે વીજ કટોકટી પણ વધુ ઘેરી બનતી જાય છે. દેશમાં સતત વધી રહેલી વીજ કટોકટીનો સામનો કરવા માટે સરકારે ઉર્જા સંરક્ષણ યોજનાને મંજૂરી આપી છે.

આ કાયદા અનુસાર હવે પાકિસ્તાનમાં હવે રાતે ૮.૩૦ વાગ્યા સુધી જ બજાર ખુલ્લા રાખી શકાશે અને મેરેજ હોલ પણ રાતે ૧૦ વાગ્યા સુધી જ ખુલ્લા રાખી શકાશે.આ નિર્ણયથી ૬૦ અબજ રૂપિયાની બચત થશે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસીફે અન્ય કેબિનેટ પ્રધાનોની સાથે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ જાહેરાત કરી હતી.

એક ફેબ્રુઆરીથી વધુ વીજળી ખેંચતા બલ્બનું ઉત્પાદન બંધ કરવામાં આવશે અને જુલાઈથી વધુ વીજળી ખેંચતા પંખાઓનું ઉત્પાદન બંધ કરવામાં આવશે જેનાથી ૨૨ અબજ રૂપિયાની બચત થશે. એક વર્ષની અંદર કોનીકલ ગીઝર ફરજિયાત બનાવવામાં આવશે જેથી ૯૨ અબજ રૂપિયાની બચત થશે. સ્ટ્રીટ લાઇટનો પણ વૈકલ્પિક ઉપયોગ કરવામાં આવશે જેથી ચાર અબજ રૂપિયાની બચત થશે.

સરકારે આ નિર્ણય વીજળી બચાવવા માટે લીધો છે.

# રશિયાનો બદલો: ડોનેત્સ્કમાં 130 યુક્રેનિયન સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા હોવાનો દાવો

**નવી દિલ્હી**

રશિયાએ યુક્રેનિયન હુમલામાં ડોનેત્સ્કના મકીવેકામાં માર્યા ગયેલા તેના 63 સૈનિકોના મોતનો બદલો લેતા ડોનેસ્કમાં અલગ-અલગ સ્થળોએ ૭૦ યુક્રેનિયન સૈનિકોને માર્યા છે. રશિયન વાયુસેનાએ અહેવાલ આપ્યો છે કે ક્રાસ્નોયે, પેટ્રોવસ્કો, નેવેલસ્કો, જ્યોર્જિવકા અને પોબેડા પરના હુમલામાં ૭૦ યુક્રેનિયનો સૌથી વધુ માર્યા ગયા હતા. ઝોલોટયા નીવા અને નોવોડોસ્કોય ખાતે 30 યુક્રેનિયન સૈનિકોને માર્યા હોવાનો પણ દાવો કર્યો હતો. આ ઉપરાંત, બાકીના યુક્રેનિયન સૈનિકો ખાર્કિવમાં ઢગલાબંધ હોવાનો દાવો કરવામાં આવે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ખાનવાલ જિલ્લામાં મંગળવારે અજાણ્યા બંદૂકધારીઓએ કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટના બે અધિકારીઓની ગોળી મારીને હત્યા કરી નાખી. પોલીસના જણાવ્યા અનુસાર,



બે આતંકવાદીઓએ ડેપ્યુટી ડાયરેક્ટર નવીદ સાદિક અને ઈન્સ્પેક્ટર નાસિર અબ્બાસ પર ગોળીબાર કર્યો જ્યારે તેઓ લાહોરથી લગભગ 375 કિલોમીટર દૂર ખાનવાલમાં એક રેસ્ટોરન્ટમાં લંચ કરી રહ્યા હતા. સ્થાનિક મીડિયા ચીનના લોકોને કોવિડની વર્તમાન સ્થિતિ બતાવી રહ્યું છે.

# મૂળ ગુજરાતના ડૉ. ધર્મેશ પટેલની USમાં બાળકો-પત્નીની હત્યાના પ્રયાસમાં ધરપકડ

**નવી દિલ્હી**

એક ચોંકાવનારી ઘટનામાં બે બાળકો અને પત્નીની હત્યા કરવાના પ્રયાસમાં મૂળ ગુજરાતના અને અમેરિકામાં પ્રેક્ટિસ કરતા ડૉ. ધર્મેશ પટેલની ધરપકડ કરાઈ છે. ધર્મેશ પટેલ કેલિફોર્નિયામાં રહે છે, તેમજ તેઓ રેડિયોલોજિસ્ટ તરીકે કાર્યરત છે. કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલના જણાવ્યા અનુસાર, ૨ જાન્યુઆરીના રોજ ધર્મેશ પટેલ પત્ની અને બે બાળકો સાથે કારમાં જઈ રહ્યા હતા. આ કાર ડેવિલ્સ સ્લાઈડ તરીકે ઓળખાતી એક ખાઈમાં ખાબકી હતી. આ ઘટનામાં કારમાં સવાર પટેલ પરિવાર ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસને શંકા છે કે ધર્મેશ પટેલે પત્ની અને બાળકોની હત્યા કરવાના ઈરાદાથી આ અકસ્માતને અંજામ આપ્યો હતો.

કેલિફોર્નિયાના સાન માટેઓ હાઈવે પર ધર્મેશ પટેલની કાર ૨૫૦ ફુટ ઉંડી ખાઈમાં પડી હતી. આ ઘટનામાં કારના ફુરચેફુરચા બોલાઈ ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાંથી ઘાયલ લોકોને બહાર કાઢવા માટે હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી હતી. રેસ્ક્યુ ટીમ પણ ૨૫૦ ફુટ ઉપરથી પટકાયેલી કારમાં તમામ લોકોને જીવીત જોઈને ચોંકી ગયા હતા. પોલીસે ધર્મેશ પટેલને પત્ની કે પરિવાર સાથે મતભેદ હતા કે કેમ તેની પણ તપાસ કરી છે. લોકલ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ધર્મેશ પટેલ અને તેમના પત્ની નેહા બાળકો સાથે શાંતિથી રહેતા હતા. તેમની વચ્ચે કોઈ વિવાદ કે મતભેદ નહોતા. પોલીસે ધર્મેશ પટેલ પર તેમની પત્નીની હત્યાના પ્રયાસનો આરોપ લગાવ્યો છે જાણી તેમના પાડોશીઓએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

# સોમાલિયામાં બે કાર વચ્ચે અકસ્માત બાદ વિસ્ફોટ થતાં 19 લોકોના મોત

**મહાસ**

પૂર્વ આફ્રિકન દેશ સોમાલિયામાં બે કાર વચ્ચે થયેલા જોરદાર વિસ્ફોટમાં 19 લોકોના મોત થયા છે. સોમાલિયા સુરક્ષા અધિકારીઓ અને સાક્ષીઓએ જણાવ્યું હતું કે, મધ્ય સોમાલિયાના એક શહેરમાં બુધવારે કારમાં બોમ્બ વિસ્ફોટોમાં 19 લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. હતું કે આતંકવાદીઓએ બુધવારેના રોજ વિસ્ફોટકોથી ભરેલા વાહનો વડે મહાસ શહેરમાં હુમલો કર્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર અબ્દુલ્લાહી અદાનને જણાવ્યું કે આતંકવાદીઓએ સિવિલ એરિયાને નિશાન બનાવ્યું, જેના કારણે આ બ્લાસ્ટમાં કુલ 19 લોકોના મોત થયા છે. આ હુમલો આતંકવાદી સંગઠન અલ-શબાબના જેહાદી લડવૈયાઓએ કર્યો હતો. મધ્ય સોમાલિયાના હિરાન વિસ્તારમાં થયેલા વિસ્ફોટોએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. સોમાલિયાના સુરક્ષા દળોએ આ વિસ્તારમાં અલ-શબાબ વિરુદ્ધ મોટો હુમલો કર્યો હતો. અલ-શબાબ આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલ એક જૂથ છે, જેણે ઘણા દેશોમાં મોટી ઘટનાઓને અંજામ આપ્યો છે.

# દુનિયામાં પહેલીવાર યુક્રેનના યુદ્ધમાં ઓટોમેટિક કીલર રોબોટ ઉતારાશે

**ખારકીવ**

સંપૂર્ણપણે સ્વયંચાલિત કીલર ડ્રોન્સ હવે યુદ્ધના મેદાનમાં અનિવાર્ય એવું આગામી પગલું બની રહે તેમ છે અને આ દિશામાં યુક્રેન દ્વારા મોટાપાયે સંશોધન અને વિકાસ કરવામાં આવી રહ્યા છે તેમ યુક્રેનના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રધાન મિખાઈલો ફેડોરોવે જણાવ્યું હતું. તાજેતરમાં એક મુલાકાતમાં ફેડોરોવે જણાવ્યું હતું કે આગામી છ મહિનામાં આ બાબત વાસ્તવિકતા બની રહે તેમ છે. યુક્રેનના યુદ્ધમાં ડ્રોનનો જે રીતે મોટાપાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેના પગલે લશ્કરી નિષ્ણાતોના મતે ટૂંક સમયમાં દુનિયાનો પ્રથમ સ્વયંચાલિત લડાકુ રોબોટ યુદ્ધના મેદાનમાં ઉતરશે.

# નોકરાણી સાથે દુર્વ્યવહારથી ભારતીય મહિલાને સિંગાપુરની કોર્ટે દોષી ઠેરવી

**સિંગાપુર**

સિંગાપોરમાં ભારતીય મૂળની એક મહિલાને પોતાના ઘરમાં કામ કરતી મહિલા સાથે મારપીટ કરવાના 3 કેસમાં બુધવારના રોજ દેષી ઠેરવી હતી. આરોપી મહિલાનું નામ દિપકલા ચંદ્ર સેચરન (ઉમર 38 વર્ષ) છે. જિલ્લા ન્યાયાધીશ ઓઉ યોંગ ટક લિયોંગે ટ્રાયલ બાદ નોકરાણી પર હુમલાના 3 ગુના માટે દોષિ ઠેરવી હતી. ત્યારે હવે તેની સજા 6 ફેબ્રુઆરીના રોજ સંભળાવવામાં આવશે.

મળતી માહિતી મુજબ સેચરનનો ગુનો ત્યારે સામે આવ્યો જ્યારે એક અન્ય નોકરાણીની ચેતવણી બાદ પોલીસ અધિકારી તેના ઘરે પહોંચ્યા હતા. પીડિયા એની અગસ્ટિને 9 ડિસેમ્બર 2019ના રોજ સેચરનના એપાર્ટમેન્ટમાં કામ કરવાનું શરૂ કર્યું તેના 16 દિવસ બાદ જ અપશબ્દો શરૂ થઈ ગયા ગતા અને તેને ક્રમ સતત ચાલું રહ્યો હતો. ભારતીય મૂળની મહિલાએ એક સમયે નોકરાણીને મારવા માટે લાકડાની હેન્ગરનો પણ ઉપયોગ કર્યો હતો.

# બ્રિટનમાં પણ ભારતની શિક્ષણ વ્યવસ્થા જેમ જ રાખવા ઋષિ શુનકની યોજના

**લંડન**

બ્રિટનના વડાપ્રધાન ઋષિ શુનક દેશના વિદ્યાર્થીઓને ગણિતમાં સક્ષમ બનવા યત્નો કરી રહ્યા છે. ધી ઈન્ડીપેન્ડન્ટના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાન શુનક પોતાના જનતા-જોગ કરાનારા પ્રવચનમાં કહેશે કે, આગામી સમયમાં વિશ્લેષણાત્મક કૌશલ્ય અનિવાર્ય બનશે તેથી વિદ્યાર્થીઓએ તેનો સામનો કરવા અત્યારથી જ તૈયારીઓ કરવી પડશે. તેવું કહેવાય છે કે, શુનક તે પણ જણાવશે કે અન્ય કેટલાયે દેશોથી વિરૂદ્ધ બ્રિટનમાં આશરે ૧૬થી ૧૯ વર્ષ વચ્ચેના પચાસ ટકા જેટલા વિદ્યાર્થીઓ ગણિતનો વષય છોડી દે છે માટે વધુ સારું ભવિષ્ય બનાવવા ગણિત અનિવાર્ય બની રહેશે.

# 2023માં ભારત-પાક. એક નહીં છ ટૂર્નામેન્ટમાં ટકરાશે

## એશિયન ક્રિકેટ કાઉન્સિલે 2023ના વર્ષ માટે કાર્યક્રમ જાહેર કર્યો : ભારત-પાક. વચ્ચે 10 મેચ યોજાવા સંભવ

**નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચેના કોઈ પણ મુકાબલાની બંને દેશના સમર્થકો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલે ૨૦૨૩ના વર્ષ માટે કાર્યક્રમ જાહેર કર્યો હતો જેમાં વન-ડે એશિયા કપ પણ સામેલ છે. આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત વિમેન્સ ટી૨૦ ઈમર્જિંગ એશિયા કપ, મેન્સ ઈમર્જિંગ ૫૦ ઓવર એશિયા કપ તથા મેન્સ અંડર-૧૯ એશિયા કપમાં પણ બંને પરંપરાગત હરીફ ટીમોને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે.

ચાલુ વર્ષે ઓક્ટોબર અને નવેમ્બરમાં ભારતમાં વન-ડે વર્લ્ડ કપ પણ રમાવાનો છે. જેમાં પણ રોહિત અને બાબરની ટીમ આમનેસામને થાય તેવી સંભાવના છે. આ સિવાય અંડર-૧૯




વિમેન્સ વર્લ્ડ કપમાં પણ ભારત અને પાકિસ્તાનની ટીમો રમવાની છે. ચાલુ વર્ષે છ ટૂર્નામેન્ટમાં બંને ટીમો વચ્ચે ૧૦ કરતાં વધારે મુકાબલા રમાય તેવી સંભાવના છે.

વન-ડે એશિયા કપ સપ્ટેમ્બરમાં રમાવાનો છે પરંતુ હજુ સુધી વેન્યૂ જાહેર કર્યાં નથી. પાકિસ્તાનને યજમાની મળી છે પરંતુ ભારતે પાકિસ્તાન જવાનો ઈનકાર કરી દીધો છે. આ સ્થિતિમાં ન્યૂટ્રલ વેન્યૂ ઉપર ટૂર્નામેન્ટ રમાય તેવી સંભાવના છે. કુલ છ ટીમો રમશે અને ભારત અને પાકિસ્તાન ઉપરાંત ક્વોલિફાયર-૧ ટીમને એક ગ્રૂપમાં સ્થાન મળ્યું છે. બીજા ગ્રૂપમાં શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ સુપર-૪ અને ફાઈનલ રમાશે. આમ બન્ને ટીમો એક જ ટૂર્નામેન્ટમાં ત્રણ વખત ટકરાય તેવી સંભાવના છે. અંડર-૧૯ વિમેન્સ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન અલગ ગ્રૂપમાં છે. બન્ને ટીમ સુપર-૬ તથા ફાઈનલ સહિત બે નોકઆઉટમાં ટકારાઈ શકે છે.

# શ્રીલંકા સામે ભારતનો ૧૬ રનથી પરાજય: શ્રેણી ૧-૧થી સરભર થઈ

**પૂણે**

છેલ્લી ઓવર સુધી રોમાંચક બનેલી બીજી ટી૨૦ મેચમાં ભારતને ૧૬ રનથી હરાવીને શ્રીલંકાએ ત્રણ મેચની શ્રોણીને ૧-૧થી સરભર કરી દીધી હતી. શ્રીલંકાના છ વિકેટે ૨૦૬ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર ભારત આઠ વિકેટે ૧૯૦ રન નોંધાવી શક્યું હતું. ભારતે એક સમયે ૩૪ રનમાં ટોચના ચાર બેટ્સમેન ગુમાવી દીધા હતા પરંતુ અક્ષર પટેલે ૩૧ બોલમાં ત્રણ બાઉન્ડ્રી અને છ સિક્સર વડે આક્રમક ૬૫ રન બનાવીને ભારતને વિજયની નજીક લાવી દીધું હતું. તે છેલ્લી ઓવરમાં આઉટ થતાં ભારત વિજયથી વંચિત રહ્યું હતું. શનાકાએ છેલ્લી ઓવરમાં માત્ર ચાર રન આપીને બે વિકેટ ખેરવી મેચ શ્રીલંકાની તરફેણમાં કરી દીધી હતી. અગાઉ શ્રીલંકાની ઈનિંગમાં ઓપનર પાથુમ નિશાન્કાએ ૩૩, કુશલ



મેન્ડીસે ૫૨ તથા ઈનિંગના અંત ભાગમાં સુકાની શનાકાએ ૨૨ બોલમાં અણનમ ૫૬ રન બનાવી ટીમને જંગી સ્કોરે પહોંચાડી દીધી હતી. ભારત માટે ઉમરાન મલિકે ૪૮ રનમાં ત્રણ તથા અક્ષર પટેલે ૨૪ રનમાં બે વિકેટ ખેરવી હતી.

# પાકિસ્તાન સંકટમાં: ન્યૂઝીલેન્ડે આપેલા ૩૧૯ના ટાર્ગેટ સામે શૂન્યમાં બે વિકેટ

**કરાચી**

પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાતી બીજી ટેસ્ટ મેચ ચોથા દિવસના અંતે રોમાંચક સ્થિતિમાં પહોંચી ગયું છે. દિવસના અંતે કિવિ ટીમનું પલડું ભારે થયું હતું. પ્રવાસી ટીમ પાંચમા અને અંતિમ દિવસે આઠ વિકેટ ઝડપશે તો શ્રોણી ૧-૦થી તેના નામે થશે. સ્ટમ્પના સમયે પાકિસ્તાને સ્કોરબોર્ડ ઉપર એક પણ રન નોંધાયો નહોતો અને બે વિકેટ ગુમાવી દીધી હતી. આઉટ થનાર બંને બેટ્સમેન અબ્દુલ્લા શફીક અને મીર હમઝા હતા. બંને શૂન્યમાં આઉટ થયા હતા. પાકિસ્તાનને પ્રથમ દાવમાં ૪૦૮ રનના સ્કોરે ઓલઆઉટ કરીને કિવિ ટીમે પાંચ વિકેટે ૨૭૭ રનના સ્કોરે બીજો દાવ ડિકલેર કર્યો હતો. ટોમ બ્લન્ડેલ તથા માઈકલ બ્રેસવેલે અનુક્રમે ૭૪-૭૪ રનનું યોગદાન આપ્યું હતું. સુકાની વિલિયમ્સને ૪૧ તથા ટોમ લાથામે ૬૨ રન બનાવ્યા હતા. કિવિ ટીમે આપેલા ૩૧૯ રનના જવાબમાં પાકિસ્તાને રનચેઝનો નબળો પ્રારંભ કર્યો હતો. શફીકના આઉટ થયા બાદ નાઈટ વોચમેન તરીકે મેદાનમાં ઉતરેલો મીર હમઝા પણ ઈશ સોઢીની બોલિંગમાં આઉટ થયો હતો.

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Are you planning to invite family members to Canada ?
Are you planning to travel outside Canada?
Visitors Insurance
Travel Insurance
Super Visa Insurance
* Pre existing medical conditions coverage
* Monthly pay plans
* Full refund if visa denied
* Pro rated refund for early return
* Reduced premium plans with deductible
Make your investment plans, meaningful with
T.F.S.A RRSP RESP
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel
(Agency Owner, Insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com
Hiring new & experienced insurance advisor
◆ Better Commission package ◆ Weekly product training
◆ One on one basis support ◆ Full flexibility



HARISON TRUXCOOL Transportation Training Institute
AZ TRACTOR TRAILER MELT PROGRAM & AIR BRAKE COURSE
HARISON TRUXCOOL INC.
Registered as a Private Career College under the Private Career Colleges Act, 2005
કેનેડામાં સૌ પ્રથમવાર ગુજરાતી ટ્રક ડ્રાઈવિંગ સ્કૂલ
We are Specialized In:
• AZ Tractor Trailer Program - MELT
• DZ Training (Non-Vocational)
• Air Brake - Z Endorsement Training (Non Vocational)
We are Offering:
• Flexible training Schedule
• 1:1 on road training
• 1:1 backing training
• 1:1 training for coupling uncoupling
• Financing with 0% interest Available
• Air brake classes every week
We encourage repeater student with reasonable rate for Training & Road Test
: OFFICE:
220 Rutherford Road South, Unit # 208 & 210, Brampton, ON.L6W 3J6
: YARD :
6666 Rutherford Road, Kleinburg, ON. L0J 1C0
: CONTACT PERSON:
RAKESH GANDHI, Ph: 647-643-2700
E-mail: rakesh@harisontruxcool.com - Website: www.harisontruxcool.com
TRANSPORTATION TRAINING INSTITUTE
• AIR BRAKE LICENSE • FLEXIBLE SCHEDULE
• EXPERIENCED INSTRUCTORS



# કેનેડામાં 4.31 લાખ ઈમિગ્રન્ટ્સ કાયમી રહેવાસી જાહેર થયા, સરકારનું લક્ષ્ય પૂર્ણ

## 2016થી 2021 સુધીમાં ઓન્ટેરિયોમાં સૌથી વધુ ભારતીય નાગરિકો આવ્યા હતા

**ઓટાવા**

કેનેડામાં વસવાટ કરવાનાં સપનાં જોનારાઓ માટે સારા સમાચાર આવ્યા છે. કેનેડાએ ઈમિગ્રન્ટ્સને કાયમી નિવાસી બનાવવાની યોજનાને પ્રાથમિકતા આપી છે અને 2022માં આ લક્ષ્યને પૂર્ણ કર્યું છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ દેશમાં કુશળ શ્રમિકોની સંખ્યા વધારવા માટેની યોજના હેઠળ 2022માં 4,31,000થી વધારે ઈમિગ્રન્ટ્સને કાયમી રહેવાસીની શ્રેણીમાં સામેલ કર્યા છે.

કેનેડાના ઈતિહાસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં લોકોને આ શ્રેણીમાં ઉમેરાયા છે. ઈમિગ્રેશન, રિફ્યુઝી અને સિટિઝનશિપના જણાવ્યા અનુસાર ઈમિગ્રન્ટ્સને કાયમી રહેવાસી બનાવવા માટે ટ્રુડો સરકાર દ્વારા નિર્ધારીત 2022ના લક્ષ્યને પૂરું કરી લેવામાં આવ્યું છે. 2021માં 4 લાખ લોકોને કાયમી રહેવાસી બનાવવામાં આવ્યા હતા.

ઓન્ટેરિયોમાં સૌથી વધુ ભારતીય 2016થી 2021 સુધી જે ઈમિગ્રન્ટ્સ કેનેડા આવ્યા તેમાં 18.65 ટકા ભારતીયો હતા.

કેનેડામાં ભારતીય મૂળના લોકોની સંખ્યા 14 લાખ છે. 2021માં 1 લાખ ભારતીયએ હંગામી શ્રમિક તરીકે વસવાટ કર્યો હતો.

# યુરોપની મુલાકાત લેવા કેનેડિયનોએ આ વર્ષથી ફોર્મ ભરી ફી આપવી પડશે

**ઓન્ટેરિયો**

યુરોપિયન યુનિયન એક નવી વિઝા માફી સિસ્ટમ રજૂ કરશે, જે યુરોપિયન ટ્રાવેલ ઈન્ફોર્મેશન ઓથોરાઈઝેશન સિસ્ટમ (ETIAS) તરીકે ઓળખાય છે. જેમાં 63 દેશોના મુલાકાતીઓની હશે, જે યુરોપિયન યુનિયનનો ભાગ નથી. પરંતુ હજુ પણ વિઝા વિના પણ પ્રવેશ કરી શકે છે. યુરો ફી લગભગ CA$10 છે.

ETIAS વેબસાઈટ ઉપર EU કહે છે કે, પ્રક્રિયાઓ અને પ્રતિક્ષાનો સમય ઘટાડવા તેમજ સુરક્ષાની ચિંતાઓને દૂર કરવા માટે ETIASનો ઉપયોગ કરવામાં આવે છે. કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ એવા કેટલાક દેશો છે, જેમણે ETIAS અધિકૃતતા ફી ચૂકવવાની જરૂર પડશે. જોકે MTL બ્લોગે અહેવાલ આપ્યો હતો કે ETIAS મે સુધીમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે. વેબસાઈટ હવે કહે છે કે, ટ્રાવેલ ઓથોરાઈઝેશન સિસ્ટમ 1 નવેમ્બર, 2023થી સંપૂર્ણ રીતે અમલમાં આવશે. પ્રવાસીઓએ એક ફોર્મ ભરવું પડશે અને ફી ચૂકવવી પડશે.

# ઓમિક્રોન સબવેરિયન્ટ XBB.1.5ના કેનેડામાં ફેલાવા અંગે હજુ અનિશ્ચિતતા

## કેનેડામાં મળી રહેલા વેરિયન્ટનું વૈજ્ઞાનિકો દ્વારા નિરીક્ષણ

**ઓન્ટેરિયો**

એક નવું ઓમિક્રોન સબવેરિયન્ટ સાથે હવે યુ.એસ.માં COVID-19 ફાટી નીકળવાની સંભાવના છે. ડિસેમ્બરની શરૂઆતમાં ઓમિક્રોન સબ વેરિઅન્ટ XBB.1.5 યુ.એસ.ના તમામ COVID-19 કેસોમાં માત્ર 1.3 ટકા જોવા મળ્યો છે. યુએસ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડેટા અનુસાર આ મહિનાના અંત સુધીમાં યુ.એસ.માં 40 ટકા કેસ માટે XBB.1.5 જવાબદાર હતું. CDC મુજબ XBB.1.5ને આભારી કેસોની ટકાવારી ડિસેમ્બરના અંતમાં એક સપ્તાહના ગાળામાં બમણી થઈ હતી. આ વેરિઅન્ટની અચાનક વૃદ્ધિ આરોગ્ય નિષ્ણાતોમાં ચિંતાનું કારણ બની રહી છે, આ વેરિઅન્ટમાં અગાઉના સ્ટ્રેન્સ કરતાં એન્ટિબોડીઝ માટે વધુ પ્રતિકારક હોઈ શકે છે. પબ્લિક હેલ્થ એજન્સીએ મીડિયાને એક ઈમેલમાં જણાવ્યું હતું કે તેઓ કેનેડામાં કોવિડ-19 વેરિયન્ટનું નિરીક્ષણ કરી રહ્યા છે, જેમાં ઓમિક્રોન વેરિઅન્ટના સબલાઈનનો સમાવેશ થાય છે, પરંતુ અમને અત્યારે યુ.એસ. જેવું વલણ દેખાતું નથી. આ સમયે, XBB.1.5 વેરિઅન્ટ કેનેડામાં વધી રહ્યો છે કે કેમ તે કહેવું ખૂબ વહેલું હોવાનું એજન્સીએ જણાવ્યું હતું.

# ઓન્ટેરિયોના કેબિનેટ મંત્રી મેક્નોટને રશિયાને આતંકવાદી રાજ્ય ગણાવ્યું

## યુદ્ધથી વિસ્થાપિત થયેલા 39,000થી વધુ યુક્રેનિયનો ઓન્ટેરિયોમાં સ્થાયી થવા માટે આવ્યા

**ટોરોન્ટો**

ઑન્ટેરિયોના એક કેબિનેટ મંત્રીએ આ અઠવાડિયે રશિયાને આતંકવાદી રાજ્ય ગણાવ્યું હતું અને કહ્યું હતું કે, યુક્રેન સાથેના રશિયન યુદ્ધથી વિસ્થાપિત થયેલા 39,000થી વધુ યુક્રેનિયનો ઓન્ટેરિયોમાં સ્થાયી થવા માટે આવ્યા છે. યુક્રેન માટે જવાબદાર ઓન્ટેરિયોના મંત્રી મોન્ટે મેકનોટનએ સોમવારે આ ટિપ્પણી કરી હતી. જેમાં ઓન્ટેરિયોમાં યુક્રેનિયનો જેઓ ભાગીને ઓન્ટેરિયો આવ્યા છે, તેમને પ્રાંતીય સરકાર જે સમર્થન આપી રહી છે-



તેની રૂપરેખા આપી હતી. મેકનોટન ઑન્ટેરિયોના શ્રમ, ઈમિગ્રેશન, તાલીમ અને કૌશલ્ય વિકાસ મંત્રી પણ છે. એપ્રિલમાં, પ્રાંતીય સરકારે જણાવ્યું હતું કે, તે 24 ફેબ્રુઆરી, 2022ના રોજ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન દ્વારા યુદ્ધ શરૂ કરવામાં આવ્યું ત્યારથી ઑન્ટારિયોમાં સ્થળાંતર કરનારા યુક્રેનિયનોને ટેકો આપવા માટે 300 ડોલર મિલિયનનો ખર્ચ કરી રહી છે. મેકનોટને ઈમેલમાં કહ્યું કે, રશિયા એક આતંકવાદી રાજ્ય છે. ઓન્ટેરિયો હંમેશા અમારા યુક્રેનિયન સમુદાય અને પુતિને કરેલા યુદ્ધથી ભાગીને આવનારા શરણાર્થીઓને સમર્થન આપશે.


યુક્રેનિયન વર્લ્ડ કોંગ્રેસ હ્યુમન રાઈટ્સ કમિશનના અધ્યક્ષ બોરિસ વર્ઝેસ્નવેસ્કીજના જણાવ્યા અનુસાર મેકનોટનની ટિપ્પણી ખૂબ મહત્વની છે.

# ઘર ખરીદનારા માટે કૂલીંગ-ઓફ પિરિયડની જરૂરિયાત ધરાવતો BC પ્રથમ પ્રાંત બન્યો

## સોદો થયા બાદ ધિરાણ અથવા ઘરની તપાસ કરવા માટે મકાન ખરીદદારને સમય મળી રહેશે

**ઓન્ટેરિયો**

બ્રિટિશ કોલંબિયા એ પહેલો પ્રાંત બન્યો છે જ્યાં ખરીદદારોએ ઘર ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા પછી ત્રણ દિવસના કુલિંગ-ઓફ સમયગાળાની જરૂર પડે છે. સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નવું ઘર ખરીદનાર પ્રોટેક્શન પિરિયડ ખરીદદારોને સોદો સ્વીકારવામાં આવ્યા પછી ધિરાણ અથવા ઘરની તપાસ માટે વધુ સમય આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં ભૂતકાળની સિઝલિંગ હાઉસિંગ માર્કેટમાં અવગણના કરવામાં આવી હતી. વધુ પ્રેશરવાળા વેચાણની વચ્ચે અથવા વ્યાજના દરોમાં વધારો થવા પર ખરીદી તેમના માટે યોગ્ય છે કે કેમ તે ધ્યાનમાં લેવા માટે ખરીદદારોને વધુ સમય આપવામાં આવશે. યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલમ્બિયાની સાઉડર સ્કૂલ ઑફ બિઝનેસના પ્રોફેસર, સુર સોમરવિલે જણાવ્યું હતું કે, મંગળવારથી અમલમાં આવેલો આ ફેરફાર એવી ચિંતા દર્શાવે છે જે હાલના ઠંડા બજારમાં કોઈ સમસ્યા ન હોવાનું કહે છે. આ બી.સી. રિયલ એસ્ટેટ એસોસિએશને નવેમ્બરમાં 4,512 રેસિડેન્શિયલ વેચાણની જાણ કરી હતી, જે અગાઉના વર્ષ કરતાં 50 ટકાથી વધુનો ઘટાડો દર્શાવે છે. B.Cમાં ઘરની સરેરાશ કિંમત નવેમ્બર 2022માં 904,000 ડોલરની સરખામણીમાં ડિસેમ્બર 2021માં 984,000 ડોલર હતી.




# કામદારો 2023 સુધી ઉચા પગાર ઉપર અંતરિયાળ વિસ્તારોમાં પણ કામ મેળવશે

**ટોરોન્ટો**

એમ્પ્લોયમેન્ટ સાઈટ્સ ઈન્ડીડ એન્ડ ગ્લાસડોર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલો અહેવાલ દર્શાવે છે કે, 2023 માટે કાર્યસ્થળના વલણો સૂચવે છે કે કામદારોનું કામ ચાલુ રહેશે અને નોકરીદાતાઓએ જો તેઓ સ્ટાફને જાળવી રાખવા માંગતા હોય તો વિવિધતા અને તેના પગાર, લાભો અને અન્ય સુવિધાઓ વધારવી પડશે.

અહેવાલ મુજબ, ઈન્ડીડ એન્ડ ગ્લાસડોરના સંશોધકોએ 18 અને તેથી વધુ ઉંમરના 4,049 કામદારોનો સર્વે કર્યો હતો અને પાંચ વલણો નક્કી કરવા અર્થશાસ્ત્રીઓ સાથે પરામર્શ કર્યો હતો, જે દર્શાવે છે કે તે લાંબા ગાળે શ્રમિકોનું બજાર લાંબા ગાળા માટે ફરીથી ઊભું થશે.

રિપોર્ટમાં એવું નોધાયુ છે કે, 2023માં વધુ કર્મચારીઓ પ્રમોશન માટે પૂછપરછ કરશે અને ફુગાવાના કારણે વધતી કિંમતોને જાળવી રાખવા માટે ઉચા પગારવાળી નોકરીઓ શોધશે. જ્યારે નોકરીદાતાઓની વાત આવે છે, ત્યારે તેઓ ભરતી અને કર્મચારી જાળવી રાખવાની પ્રવૃત્તિઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે, કારણ કે કામદારો વધુ પગારવાળી નોકરીઓ શોધી રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે 2023માં શ્રમ બજારમાં કામદારોનો હાથ ઉપર હશે જ્યારે તે ઊંચા પગાર, અંતરિયાળ વિસ્તારોમાં કામના વિકલ્પ અથવા વધુ સારા લાભોની માંગ કરશે.

# સ્મિથે ડોન બ્રેડમેનનો રેકોર્ડ તોડયો હાઇએસ્ટ સદીના મામલે ત્રીજા ક્રમે



**સિડની**

સાઉથ આફ્રિકા સામે રમાતી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચના બીજા દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૪૭૫ રન બનાવી લીધા હતા. આ ટેસ્ટમાં મુખ્ય આકર્ષણ સ્ટિવ સ્મિથની ૩૦મી ટેસ્ટ સદીનું રહ્યું હતું. સ્ટમ્પના સમયે ઓપનર ઉસ્માન ખ્વાજા ૩૬૮ બોલમાં ૧૯૫ તથા મેટ રેનશૉ પાંચ રને રમી રહ્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં સ્મિથે ડોન બ્રેડમેનની ૨૯ સદીની રેકોર્ડ તોડી નાખ્યો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયા તરફથી ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક સદીના મામલે સ્મિથ ત્રીજા ક્રમે પહોંચી ગયો છે. તેની આગળ માત્ર રિકી પોન્ટિંગ (૪૧) તથા સ્ટિવ વો (૩૨) છે. ટેસ્ટમાં હાઈએસ્ટ સદી સચિન તેંડુલકરના નામે ૫૧ સદી નોંધાયેલી છે. સાઉથ આફ્રિકાના ઓલરાઉન્ડર જેક્સ કાલિસે ૪૫ સદી નોંધાવી હતી.

ઓસ્ટ્રેલિયાની ઈનિંગમાં વોર્નર ૧૦ રન બનાવીને આઉટ થયા બાદ લાબુશેન (૭૯) તથા ખ્વાજાએ બીજી વિકેટ માટે ૧૩૫ રનની ભાગીદારી નોંધાવી હતી.

# શ્રીલંકન સામેની વન-ડે સિરીઝ માટે બુમરાહનું ટીમ ઈન્ડિયામાં પુનરાગમન

**નવી દિલ્હી**

પ્રવાસી શ્રીલંકા સામે રમાનારી વન-ડે શ્રેણી માટે ભારતીય ટીમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. લાંબા સમય બાદ પેસ બોલર જસપ્રીત બુમરાહનું ટીમમાં પુનરાગમન થયું છે. બુમરાહ ઈજાના કારણે લાંબા સમયથી ટીમથી દૂર છે અને તે ટી૨૦ વર્લ્ડ કપમાં રમી શક્યો નહોતો. ઓસ્ટ્રેલિયા સામેની મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણી પહેલાં બુમરાહનું ટીમમાં પાછા ફરવું ભારતીય ટીમ માટે રાહતના સમાચાર છે. પીઠની ઈજાના કારણે બુમરાહ ૨૦૨૨ના સપ્ટેમ્બરથી ક્રિકેટ રમી રહ્યો નથી. નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે ટ્રેનિંગ કર્યા બાદ બુમરાહને સંપૂર્ણ ફિટ જાહેર કરવામાં આવ્યો છે. તે જલદીથી ટીમ સાથે જોડાઈ જશે.

ભારતની વન-ડે ટીમઃ રોહિત શર્મા (સુકાની), શુભમન ગિલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર, લોકેશ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), હાર્દિક પંડયા, વોશિંગ્ટન સુંદર, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, ઉમરાન મલિક, અર્શદીપસિંહ.

# ટી-૨૦ રેન્કિંગમાં ઈશાન અને હૂડાની આગેકૂચ, સૂર્યકુમાર ટોચના સ્થાને

**દુબઇ**

આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં ભારતના ઓપનર ઈશાન કિશને બેટ્સમેનોમાં ૧૦ ક્રમાંકની છલાંગ લગાવી છે અને તે ૨૩મા ક્રમાંકે પહોંચી ગયો છે. દીપક હૂડા ફરીથી ટોપ-૧૦૦માં પ્રવેશ્યો છે. બંનેએ શ્રીલંકા સામેની પ્રથમ ટી૨૦માં શાનદાર દેખાવ કર્યો હતો જેનો તેમને રેન્કિંગમાં ફાયદો થયો છે. હૂડાએ ૨૩ બોલમાં અણનમ ૪૧ રન બનાવ્યા હતા અને તે ૪૦ ક્રમાંકની આગેકૂચ કરીને ૯૭મા ક્રમાંકે પહોંચી ગયો છે. મુંબઈ ખાતેની ટી૨૦માં બેટ દ્વારા ફ્લોપ રહ્યો હોવા છતાં સૂર્યકુમાર બેટ્સમેનોની યાદીમાં ટોચના ક્રમે જળવાઈ રહ્યો છે. બોલર્સમાં ભારતનો નવો ટી૨૦ સુકાની હાર્દિક પંડયા નવ ક્રમાંકના સુધારા સાથે ૭૬મા ક્રમાંકે પહોંચ્યો છે.

# વિમેન્સ IPL માટે BCCIએ બિડિંગ મંગાવ્યું, CSK સહિત 5 ટીમો રેસમાં

**મુંબઇ**

બીસીસીઆઇ ચાલુ વર્ષે પ્રસ્તાવિત પ્રથમ વિમેન્સ આઈપીએલ ટી૨૦ની પુરજોશમાં તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. વિમેન્સ લીગમાં ટીમ ખરીદવા ઈચ્છા ધરાવતી કંપનીઓ પાસે બોર્ડે બિડિંગ મંગાવ્યા છે. કંપનીઓ કે પાર્ટીની અરજીઓ મળ્યા બાદ અન્ય બાબતોની પ્રક્રિયાઓ આગળ વધે તેમ છે. વિમેન્સ આઈપીએલમાં ટીમ ખરીદવા માટે મેન્સ ટીમનું સંચાલન કરતી પાંચ આઈપીએલ ફ્રેન્ચાઈઝીઓએ રસ દાખવ્યો છે જેમાં ચેન્નાઈ સુપર કિંગ્સ, રાજસ્થાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ તથા પંજાબ કિંગ્સ પણ સામેલ છે. ચેન્નાઈ દ્વારા આઈટીટી ડોક્યૂમેન્ટ ખરીદવા માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. સીએસકેના સીઈઓ કાશી વિશ્વનાથે જણાવ્યું હતું કે અમે બોલી માટેના ડોક્યૂમેન્ટ ખરીદવા માટે અરજી કરી છે. હવે અમારે આર્થિક પાસાઓ ઉપર પણ વિચારણા કરવાની જરૂર છે. અમે ટીમ ખરીદવાની ઈચ્છા ધરાવીએ છીએ. જો ચેન્નાઈ પાસે મહિલા ટીમ નહીં હોય તો તે યોગ્ય રહેશે નહીં. અમે વિમેન્સ ક્રિકેટને પ્રોત્સાહન આપવા માગીએ છીએ. પ્રથમ વખત રમાનારી વિમેન્સ આઈપીએલમાં છ ટીમો મેદાનમાં ઉતરી શકે છે અને તેનું આયોજન ચાલુ વર્ષના માર્ચ મહિનામાં કરાશે. રસપ્રદ બાબત એ છે કે બીસીસીઆઈએ હજુ સુધી કોઈ પણ ટીમની બેસ પ્રાઈઝ નક્કી કરી નથી જે ચકિત કરે તેવી બાબત છે.

# વેક્સિન ફરીથી જોકોવિચ માટે સમસ્યા બનશે, માયામીમાં રમવું મુશ્કેલ

**ન્યૂયોર્ક**

સર્બિયાના સ્ટાર ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને અમેરિકાએ ફરીથી અમલમાં મુકેલી કોરોના વેક્સિનના આકરાં નિયમના કારણે ઈન્ડિયન વેલ્સ તથા માયામી ઓપનમાંથી ખસી જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જે લોકો અમેરિકન નથી તેમના માટે અમેરિકાએ કોરોના વેક્સિન અંગે નિયમ તૈયાર કર્યો છે. તેમણે અમેરિકામાં પ્રવેશ કરવા માટે કોરોના વેક્સિન લીધી હોવી ફરજિયાત બનાવાયું છે. ઈન્ડિયન વેલ્સ અને માયામી ઓપન ચાલુ વર્ષના માર્ચમાં રમાશે. અમેરિકાની ટીએસએ જણાવ્યું હતું કે ૨૦૨૩ની ૧૦મી એપ્રિલ સુધી અમેરિકામાં આવનાર કોઈ પણ વિદેશીએ ઓછામાં ઓછી બે વખત વેક્સિન લેવી જરૂરી છે.


HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




The wait is over, Live where you love. The Universal City Condos Tower 1.Great location, just minutes to Pickering Go station,P.Town centre, Frenchman's Bay Waterfront, Pickering Casino, Hwy 401 etc. Many amenities Including A Guest Suite,Gym,Swimming Pool&Change Rooms, A Rooftop Garden Terrace,Party Room & Outdoor Lounge Area.Lobby With Concierge.Functional layout,1+1 bed with parking.Den can turn into a second bedroom or office, laminate flooring, no carpet!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, 1 Parking, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, Qew, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full Washrooms .




This Stylish Home Features: Beautiful New Laminate Floor Thru-Out Main & 2nd Floor! Updated Washrooms! Updated Kitchen, Backsplash. Great To Entertain Your Guest! Walk-Out To Backyard For Your Entertaining. Professionally Finished Basement! Home Surrounded By All Amenities, Highway, Ttc, Schools, Shopping, Hospital, Park, Rec Center, Library & Much More All At Walking Distance.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!



You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676




Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

# OM INDIA FOOD CENTRE

## 6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
**416-743-1100**

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
**416-297-8383**

139 Charing Cross,
Brantford Ontario
**519-758-9999**

71 West Drive, Unit#42,
Brampton, ON
**905-452-1100**

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
**514-426-1100**



# MOTEL for SALE

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

**Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021**

### Attention: MOTEL OWNERS

I have extremely serious & aggressive motel buyers with $500,000 to $2.5 Million+ READY DOWN PAYMENT, looking to buy a good NON franchise motels immediately (can close the deal in few weeks if the seller willing to hold first mortgage at 50% down payment)

Any Motel Owner wants to sell quick and professionally, please contact me ASAP.

### Small & Mid Size MOTEL LISTINGS Required Urgently

Preferably Motels around $1M to $5M price range anywhere in Ontario or Other Provinces

### 12 To 45 Room Motels in Northern Ontario

Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

### Coming up For Sale

- Motel near St. Catherine Under $5M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Motels in North - Trans Canada Hwy 17 & Hwy 11

### Recently SOLD Motels Near

Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

### Motel Operator / Working Partner Opportunities

- Motel Operator To run the motel professionally. Front desk + Housekeeping work- good salary &free accommodation.
- Working Partner To invest min $200K. Stay, operate & manage the motel Partnership % + Salary + Accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100